Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો<br>વાર્ષિક રૂ. ૨-૮-૦ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.<br>તંત્રી:–ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૧૫ મો.<br>શનીવાર તા. ૪-૨-૧૯૩૩. |

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
### સામાન્ય સભા.
સરક્યુલર

બ્હેનો અને ભાઇઓ,

વિ. વિ. સાથે વિનંતિ કે મજકુર સભાની મુલતવી રહેલી એક મીટીંગ તા૦ ૮-૨-૩૩ બુધવારના રોજ રાત્રીના આઠ વાગે (સ્ટા. ટા.) શ્રી સંઘની ઓફીસમાં નીચેનું કાર્ય કરવા મળશે. તે પ્રસંગે વખતસર જરૂર પધારશો.

૧ કાર્યવાહક સમિતિએ પાસ કરેલ ઓડીટ થએલ હિસાબ તથા રિપોર્ટ પાસ કરવા.
૨ ઉમેદવાર પત્રો ઉપરથી, કાર્યવાહક સમિતિ, મંત્રીઓ અને ઓડીટરોની ચુંટણી કરવા.
૩ આપણા સંઘના ધારાધોરણમાં સુધારો વધારો સુચવતો ભાઇ મનસુખલાલ હીરાલાલ લાલનનો ખરડો રજુ કરવામાં આવશે.

લી૦ સેવકો,
મણીલાલ એમ. શાહ.
અમીચંદ ખેમચંદ શાહ.
રતીલાલ સી. કોઠારી.
મંત્રીઓ.

તા૦ ક૦–સંઘના સભ્યનું તથા "પ્રબુદ્ધ જૈન" નું જેઓએ લવાજમ ન ભર્યું હોય તેઓ સાથે લેતાં આવવા મહેરબાની કરે

ઓડીટ થએલા ચોપડા શ્રી સંઘના સભ્ય માટે જોવાને ઓફીસમાં ખુલ્લા છે.

## લોક સેવા.

દુઃખના ડોળને વશ થઇને આપણી દયા અપાત્રે જવાની કલ્પના અથવા અભાવને લીધે સેવાની પ્રેરણાઓની અવગણના કરવી જોઇએ નહિ; પરંતુ તે વૃત્તિને બને તેટલી ખીલવો અને સાચા ગરીબ પ્રત્યે દયા બતાવો.

જગતનું બંધારણ અને માણસોની સ્થિતિ એવી છે કે જો સર્વ સંબંધો યોગ્ય રીતે જાળવવામાં આવે તો ગરીબને પૈસાદારની ઉદારતાથી જેટલો લાભ થાય તેના કરતાં પૈસાદારને ગરીબના સાનીધ્યથી વધારે લાભ થાય છે. દયાનું વહેણ દેવાથી તનમનનું આરોગ્ય ખીલતું ચાલે છે, અને તેને રોકવાથી નૈતિક બન્ધારણમાં નુકસાનકારક સડો પેસે છે.

માતાને પોતાની છાતીપર ઝુલતા અને પોતાની પાસેથીજ પોષણ મેળવતા ન્હાના નિરાધાર બાળકના સહવાસથી જે આરોગ્ય અને સુખ મળે છે તે ત્હેના અભાવથી મળનાર નથી, તેમ આપણને પણ ગરીબો સાથે સહવાસ અને ઉદારતા રાખવાથી જે આનંદ હિત અને આશિષો મળે છે, તેથી તે ઝરાને અટકાવીને નાશ કરવો જોઇએ નહિં. આપણને એ આખા ઝરણની જરૂર છે, માટે તેને યોગ્ય રસ્તે વાળીને વહેતોજ રાખો.

પરોપકારી વ્યવસ્થિત મંડળોને ટેકો આપીને તમે જે કંઇ સેવા કરો તે ઉપરાંત દુઃખીઓના નિકટ સંબંધમાં આવીને સ્વતંત્ર રીતની સેવાપણ ત્હમારે કરવી જોઇએ. મંડળો અને આર્થિક ફાળો જોકે ત્હમને રસ્તે ઉપયોગી છે. છતાં દાતાને આ પ્રણાલિકાઓથી ઉચ્ચતર પ્રકારનો લાભ મળતો નથી. આંખે આંખના, હાથે હાથના અને હૃદયે હૃદયના અંગત સંબંધ પૂર્વક જે સેવા અથવા સહાય થાય છે તેજ પરોપકાર કરવાનો અને આશિષો મેળવવાનો સૌથી ઉત્તમ પ્રકાર છે. અને તેથી કરીને યુવાન અને વૃદ્ધે, રંક અને રાજાએ દરેકે એવી રીતે પણ બને તેટલી લોકસેવા કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. ઇચ્છાવાળાને માટે તો આવા અસંખ્ય પ્રસંગો મળી શકે છેજ જગતમાં એવી રીતે જીવો કે જેથી આ લોકમાંથી જ્યારે જાઓ ત્યારે જગતને ત્હમારી ખોટ પડે. —રે. ડ. આ.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૪-૨-૩૩.


## આપણી આર્થિક સ્થિતિ.

આપણી આર્થિક સ્થિતિ આજે કયે ચીલે છે તેનો વિચાર કરવાની નથી આપણને ફુરસદ, નથી સમાજને ફીકર, કે નથી આપણા સાધુઓને તેની કંઈ પડી. ઉલટું આજ અને તેના એજન્ટો આપણી સ્થિતિને વધારે કફોડી બનાવી રહ્યા છે. આપણી આર્થિક સ્થિતિની ખરાબી જાણમાં બાકી રહી નથી. હવે તો આપણે જો આપણી આ બગડેલી બાજીને સુધારવા માગતા હોઈએ-આર્થિક સ્થિતિને ઉન્નત બનાવવા માગતા હોઈએ તો, સામાજીક, રાજકીય, પંથીય, કે ધાર્મિક સવાલોને અલગી તકે મુલતવવાની જરૂર છે. ભલે આજે કોમમાં પૈસાદારો હોય, કરોડપતી અને લાખોપતિઓ હોય, ભલે મ્હોટા વેપારો અને સટ્ટા ખેલનાર-શેઠીઆ પડ્યા હોય, પણ સમાજનો મ્હોટો વર્ગ-મ્હોટો વર્ગ શા માટે આખી સમાજ આજે-આજે આર્થિક રોગથી પીડાય છે. હવે તો કોઈ રામબાણ દવાની જરૂર છે. આજે એક સુકા રોટલાને માટે મનુષ્યને કેટકેટલાં ફાંફાં મારવાં પડે છે! આજીજી કરવી પડે છે! જ્યાં પેટ પુરતો રોટલો કેમે કરી મળતો નથી! તેમ નથી મળતો રોજગાર. મનુષ્ય રોટલાના ટુકડા માટે રોજગારની શોધમાં આરે-ઓવારે ચડે છે અને ખુવાર થાય છે. એના સૌભાગ્યરૂપ ગણાતા કંકણોરૂપી છેલ્લું તણખલું પણ એ ચડી ગુમાવે છે. પૈસા ગયા, રોટલો ગયો, તેમજ એટલા ગયા સુધી તે એક મોતનું શરણ શોધે છે. અને કેટલાક હિંમત હારી-જવાથી કમોતે મરે છે. આજે સમાજની આ સ્થિતિ છે. ત્યારે સમાજના મોવડીઓમાં કોઈ નફટ બનીને પોતાને ત્યાં લગ્ન પ્રસંગે તાયફાના મુજરા અને મહેફીલો ઉડાડી પૈસાના ધુમાડા કરે છે. ત્યારે કોઈ પોતાને ત્યાં થયેલ ઠરાવ પ્રમાણે-જાહેરાત કરી દીક્ષા લે અને નોકારશી, વરઘોડા, ઓચ્છવો, ઇત્યાદિ પાછળ ગમે તેટલા પૈસા ઉડાડે તેને વધાવી લે છે, કોઈ મૂર્ખ શિરોમણી, ઉપદેશકો પેદા કરવાના બ્હાને સ્વચ્છંદી સાધુઓના મંડ મ્હોટા કરવા લોકોને લલચાવી ઉંધે રસ્તે દોરવા મહેનત કરે છે.

સમાજની આર્થિક સ્થિતિ જોતાં આ પ્રમાણે પૈસાનો ખોટો વ્યય કરવો સમાજને લગારે પાલવે તેમ નથી. જેઓ સમાજના હિતાહિતનો વિચાર કરી શકતા હોય-સમાજ માટે અંતર વલોવાતુ હોય તેવા યુવાનોએ આવા ખોટા ખર્ચ સામે જરૂર થવું જોઈએ. અને સમાજના વેડફાઈ જતા પૈસાને સમાજ હિતાર્થે ખરચાવવા આંદોલન-પ્રચાર વિગેરે કરવું જોઈએ. તેનાથી મૌન બેસી રહેવાય નહિ, પછી ભલેને પાટણ હોય કે પાલનપુર સિદ્ધપુર હોય કે લાલપર હોય, ગમે તે શહેર હોય કે વ્યક્તિગત હોય.

આજે સમાજની આર્થિક સ્થિતિએ જે ગંભીર સ્વરૂપ પકડ્યું છે, તેનો શ્રીમંતોએ કે જેઓ શાસનના સુકાનીઓનો દાવો કરે છે તેવા સાધુઓએ કો કિં વિચાર સરખોએ કર્યો છે? આજે સમાજના લાખ્ખો મનુષ્યો બેકારીને ભોગ બન્યા છે, ત્યાં આપણા બાળકોમાં તેજ, હોંશ કે તાકાત ક્યાંથી હોય? જ્યાં પેટ માટે રોટલાના સાંસા ત્યાં હોંશ ક્યાંથી હોય તેમના પર કે તેમના માબાપ પર! આપણી ઉત્પન્ન શક્તિ ઘટી ગઈ છે, અને આપણાં બાળકો માયકાંગલા થઈ ગયા છે. એનો જરા વિચાર કરો અને ભુખ્યાને અન્ન આપવું-એટલે ધંધે લગાડવા એજ ખરી ફરજ છે, એમ સમજો.

બે ચાર શહેરોના ઠઠમાઠ, પૂજા આરતીમાં બોલાતાં ઘી, રેલ્વે રસ્તે નિકળતા સંઘો, સામૈયાના વરઘોડા, મેળાઓ, વિગેરે પાછળ થતા ખરચો ઉપરથી રખે ભુલતા કે જૈન સમાજ માલેતુજાર છે. તેમાં બેકારી છેજ નહિ. તેની બેકારી જેવી ગામડાંઓમાં છે તેથી શહેરોમાં લગારે ઓછી નથી. તેનો અભ્યાસ કરનાર નીકળે તો તેની ખાત્રી થાય કે સમાજમાં કેટલી બેકારી છે!

## વડોદરા નરેશનું પ્રશંસનીય પગલું.

હજુ તો બ્રિટીશ હિન્દ સામાજીક કાનુનોમાં પડવું કે ન પડવું તે વિચારે છે ત્યાં તો વડોદરા રાજ્ય, એની હંમેશની રીત મુજબ એમાંય મોખરે ઉભું રહે છે. ગયા અઠવાડીએ વડોદરા સ્ટેટની એસેંબલીએ એક લગ્નવિધાયક ઠરાવો પસાર કરી સમસ્ત હિન્દુ સમાજ પર આશિર્વાદ વરસાવ્યો છે. સૌથી અગત્યનો કાનુન આજના જુવાનો માંગી રહ્યા છે તે, અઢાર વર્ષ કે તેથી અંદરની બાળાને પીસતાળીસ વર્ષના પુરૂષને પરણાવવાની મનાઈ કરે છે-તે છે. આ કાનુન ફર્સ્ટક્લાસ મેજીસ્ટ્રેટોને ગુન્હાની તપાસ કરવાની અને અટકાવવાની સત્તા આપે છે, આ પગલું આવશ્યક અને આવકારદાયક છે.

આજે જૈન સમાજમાં લક્ષ્મીના જોરે કેટલાય બુઢ્ઢાઓને પરણાવતાં આપણે હજુ જોઈ અનુભવતા છતાં અટકાવી નથી શકતાં. કાનુનની સહાય વિનાના આપણે અશક્ત બની જોયા કરવું પડે છે. અને એવા વૃદ્ધ લગ્નોથી અત્યાચાર, વ્યભિચાર, અને વિધવાઓનું પ્રમાણ વધતું જાય છે, પ્રતિદિન હિન્દુ સમાજ ઘસાતો જાય છે, આવે ટાણે વડોદરા રાજ્યનું આ પગલું અમે મુક્ત કંઠે વધાવી લઈએ છીએ.

# દીક્ષા અને તેનું શાસ્ત્ર.

લેખકઃ-
કેશવલાલ મંગળચંદ શાહ.

(તા૦ ૨૧-૧-૩૨ ના અંકથી ચાલુ)

### દીક્ષાના શાસ્ત્રોક્ત વિધાનોના મૂળ ભૂતઉદ્દેશ.

શાસ્ત્રકાર મહારાજાઓ જ્યારે જ્યારે આદેશ કે નિષેધાત્મક વિધાનો કરે છે, ત્યારે ત્યારે તે હેતુ એટલે ઉદ્દેશ વિના તો નથીજ કરતા, કારણ કે, કાર્યની ઉત્પત્તિ કારણ વિના સંભવતીજ નથી હોતી. એટલે દીક્ષા અંગે કરાએલા વિધિ-વિધાનોમાં પણ ઉદ્દેશ તો હોવોજ જોઇએ એ નિર્વિવાદ પણે કહેવામાં ભેમત તો નજ હોઇ શકે. આથી કહેવાનું તાત્પર્ય એજ છે કે, દીક્ષાના પ્રશ્ન અંગે જે વિવાદ ઉપસ્થિત થએલો છે, તેમાં બન્ને પક્ષો તરફથી પોતપોતાના સમર્થનમાં શાસ્ત્રોક્ત આધારો રજુ કરવામાં આવે છે; એટલુંજ નહિ પરંતુ રૂઢીચુસ્ત વર્ગ કે, જે પોતાને શાસનપ્રેમી કહેવરાવે છે, તે પક્ષ કહે છે કે, સુધારકો જે આધારો રજુ કરે છે તે આધારો વાસ્તવિક રીતે આધારો હોતાજ નથી, પરંતુ પોતાને અનુકુળ અવતરણો જ્યાંથી પ્રાપ્ત થાય ત્યાંથી મેળવી લઇ શાસ્ત્રના નામે જનતાને ઉંધે રસ્તે દોરવવા રજુ કરે છે. આ જાતની પરિસ્થિતિમાં આજે જનતાને સત્ય સમજવામાં શાસ્ત્રો ઉપર પણ વિશ્વાસનીય વિશ્વાસ નથી રહેતો. કારણ સ્પષ્ટ છે કે, જનતાનો એ જાતનો એટલે શાસ્ત્રોનો અભ્યાસજ નથી હોતો અને જ્યારે બન્ને પક્ષો શાસ્ત્રોનાજ નામે પોતપોતાના પક્ષનું સમર્થન કરે ત્યારે સત્ય શું? એ પ્રશ્ન સહેજે ઉદ્‌ભવે. આથી પ્રસ્તુત લેખમાં હું એ વસ્તુ પ્રતિપાદન કરવા ઇચ્છું છું કે, શાસ્ત્રકાર મહારાજાઓએ જે-જે આદેશ કે, નિષેધાત્મક વિધાનો કરેલા છે તે ઉદ્દેશાનુસારજ કર્યા છે. એટલે શાસ્ત્રકાર મહારાજાઓએ જે ઉદ્દેશની પૂર્તિ માટે આદેશ કે, નિષેધાત્મક વિધાન કર્યાં હોય તે ઉદ્દેશની સિદ્ધિ માટે વર્તમાનમાં અવકાશ ખરો કે નહિ? અને જો અવકાશ હોય તો આજે જે રીતે શાસ્ત્રના નામેજ બધું કહેવામાં આવે છે તે ખરેખર સત્ય છે કે કેમ? એ આપોઆપ સમજાઇ જશે કે, આ જાતનું કૃત્ય તે કર્તવ્ય છે અને આ અકર્તવ્ય છે.

શાસ્ત્રકારોએ અઢાર પ્રકારના પુરૂષો, વીસ પ્રકારની સ્ત્રીઓ અને દસ પ્રકારના નપુંસકો દીક્ષાને માટે નાલાયક ગણ્યા છે. તે અડતાલીસ પ્રકારના મનુષ્યો દીક્ષા માટે નાલાયક છે, એવું શ્રી પંચકલ્પ ચૂર્ણિ-ભાષ્ય-નિશીથ ચૂર્ણિ-ભાષ્ય તથા આચાર દીનકર, પ્રવચન સારોદ્ધાર અને છેલ્લે ઉપાધ્યાય શ્રી માનવિજયજી મહારાજે ધર્મ સંગ્રહમાં જણાવ્યું છે. તેથી તો એમજ કહી શકાય કે અઢાર પ્રકારના પુરૂષો, વીસ પ્રકારની સ્ત્રીઓ તથા દસ પ્રકારના નપુંસકો દીક્ષાને માટે નાલાયકજ હોવા જોઇએ-પરંતુ તેમ નથી. આ જાતના અઢાર પ્રકારના પુરૂષોનું વર્ણન કરતા નિશીથ ચૂર્ણિકારે પોતાની ટીકામાં એટલે વિવરણમાં અઢાર પૈકી સાતમાં ભયગ ના વિવરણમાં કહે છે કે

भयगो चउव्विहो--दिवसभयगो जत्ताभयगो-कव्वाल-भयगो उच्चत्तायभयगो य। एस ताव संखेवतो चउव्विहो वि न कप्पति दिक्खेउं॥ एतेसिं च इमं वि. सरूवमिणं-कालो छिन्नो-सव्वदिणं घणं वि छिन्नं रूवगा हिं, मे मम कम्मं कायव्वं एवं दिणे दिणे भयगो घेप्पति, सो दिणे अपुण्णे णो कप्पति पव्वावेउं १। इमो जत्ताभयगो-दस जोयणाणि मे मम सहायेण एगागिणा वा गंतव्वं, एत्तिएण धणेण, ततो परं ते इच्छा, अन्नं उभयं भणंति-गंतव्वं कम्मं च से कायव्वंति २ इमो कव्वा लभयगो-कव्वालो खित्तिखाणतो उड्डमादि, तस्स कम्मसमप्पिंगिआ ति, दो तिन्नि वा हत्था छिन्नं, अच्छिन्नं वा एत्तियं ते धणं दाहा मित्ति ३। इमो उच्चत्तायभयगो-तुमे मम एच्चिरं काले कम्मं कायव्वं जं जं अहं भणामि, एत्तियं ते धणं दाहामित्ति ४॥ इमा जत्ताभयगो पव्वावणविहि-कयाए जत्ताए गहिए मोल्ले अगहिए वा मोल्ले कप्पइ पव्वावेउं; गहिए मुल्ले अकयाए जत्ताए णो कप्पति। कव्वालो वि एवं चेव। उच्चत्तभयगो वि काले अपुण्णे णो दिक्खिज्जति॥ इयाणिं जे कालेति जेन कप्पंति वा ते भेयविग्घेण विसेसिता भण्णंति छिण्णो वावारो छिण्णो कालो; छिण्णं धणं छिन्नं नाम अमुगं कम्मं कायव्वं एत्तिगं काले एत्तिएणं धणेणं ति। एस पढमभंगो। बितियभंगे धणं अच्छिन्नं ति एवं अट्ठभंगा कायव्वा। एतेसिं अट्ठण्हं भंगाणं वावारे छिन्ने अछिन्ने वा काले वि छिन्नाछिन्ने सक्खीण पुरतो साविते धणे छिन्ने गहिते अकए य कम्मेण दिक्खिज्जति, सेसेसु दिक्खेति। तेय सेसा बितइयत्थ छट्ठ-अट्ठमभंगा अथवा सेस ति अट्ठसु वि भंगेसु सक्खि पुरतो असाविए धणे छिन्ने अछिन्ने वा अगहिए कए अकए वा कम्मे दिक्खति॥ इयाणिं पुणो एयं चेव विसेसेति-पढम-ततिय-पंचम-सत्तमेय वावार कालेसु छिण्णाछिण्णेसु सक्खि पुरतो सावितेसु गहिते अ गहिते वा छिण्णायणे ण दिक्खेति। किं कारणम्? उच्चते-सो-भणेज्ज, मए सक्खिपुरतो साविर्त ति। अन्नं च मए अन्नो वि न गहितो तुब्भ आसाए त्ति। अच्छिण्णे पुणधणे कप्पती, किं कारणम्? जम्हा मोल्लस्स परिमाणं न कयं। अकते य परिमाणे ववहारो उप्पति। धणं च छिन्नं, बहुं च कम्मं कयं, थोवं सेसं, कालो वि थोवं अच्छति एरिसे कम्मं कप्पति-जति अप्पीसरो तो दिक्खिज्जति, ईसरो पुण थोवं कम्मसेसं बहुं धणं दाउं दिक्खिज्जति किं कारणम् ईसरे ण कप्पयति? अणी सरे कप्पइ? इतो भन्नइ-तं पच्छायति सहे सो दरिद्दो सयं अप्पणा वेतुमसमत्थो, अध सो दरिद्दो सयं अप्पणा वेतुमसमत्थो अध सो दरिद्दो रायकुलं गच्छति पुरतोण कहुति तत्थ घणकहतो भवति, इच्छाभावात् तं न करोति। पेल्लो दरिद्दो तस्स तेण कप्पति। ईसरो पुण कहइ अभिणिवेसा उक्कोडं पियातुं। जो पुण दरिद्दो रोइ उरस्से ण वा कहेण खुलो मा वधबंधो वहवणं करेस्सति तेण पेल्लस्स वि ण कप्पति। भयगुत्ति गतं॥

निशीथ चूर्णि द्वितीय खंड पत्र ३३-२७

**ભાવાર્થ:-**

ભૃતક ચાર પ્રકારનો-દિવસ ભૃતક, યાત્રાભૃતક કબ્બાલ ભૃતક અને ઉચ્ચતાય ભૃતક-ટુંકમાં આ ચારે પ્રકારનો ભૃતક દીક્ષાને યોગ્ય નથી. આ ચારેનું સ્વરૂપ આ પ્રમાણે-કાળ નક્કી કર્યો હોય, આખા દિવસના બદલામાં આપવાનું ધન રૂપીઆમાં નક્કી કર્યું હોય-મારૂં કામ કરવું પડશે એમ નક્કી કર્યું હોય. આ રીતે દરરોજ ભૃતક લેવાય છે એને દિવસ પુરો થયા

સિવાય પ્રવ્રજ્યા આપવી કલ્પે નહિ. ૧ યાત્રાભૃતક આ-દશ યોજન મારા સહાયક રૂપે અથવા એકલાએ જવું, આટલું ધન આપીશ, કામ થયા પછી તારી ઈચ્છા. બીજા આચાર્યો એ વાત કરે છે-જવું અને કામ પણ કરવું. ૨ કવ્વાલ ભૃતક આ-કવ્વાલ એટલે જમીન ખોદનાર ઓડ આદિ તેને કામ સોંપવામાં આવે, બે ત્રણ હાથ નક્કી કરેલ હોય, અથવા નક્કી કર્યા સિવાય (ઉચ્ચક) આટલું ધન આપીશ. ૩ ઉચ્ચત્તાય ભૃતક-તારે મારૂં કામ અમુક મુદત સુધી હું જે જે કહું તે કરવું. આટલું ધન આપીશ. ૪ યાત્રાભૃતકને દીક્ષા આપવાની વિધિ-યાત્રા પુરી થાય તે પછી મૂલ્ય લીધું હોય કે ન લીધું હોય તો પણ દીક્ષા આપવી કલ્પે મૂલ્ય લીધું હોય અને યાત્રા પૂરી ન થઈ હોય તો દીક્ષા આપવી ન કલ્પે. કવ્વાલને માટે પણ એમજ જાણવું. ઉચ્ચત્તભૃતકને મુદત પુરી થયા અગાઉ દીક્ષા ન અપાય. હવે જે, દીક્ષા માટે કલ્પે અને ન કલ્પે તેનો ભાંગ વિશેષથી કહેવામાં આવે છે. વ્યાપાર-કામ નક્કી કર્યું હોય, મુદત નક્કી કરી હોય અને પૈસા નક્કી કર્યા હોય. ત્રિક એટલે અમુક કામ કરવું, આટલી મુદત સુધી અને આટલા ધનથી. આ પહેલો ભંગ-વિકલ્પ. બીજા વિકલ્પમાં પૈસા નક્કી કર્યા હોય. એ રીતે આઠ વિકલ્પો કરવા. આ આઠે વિકલ્પોમાં નક્કી કર્યું હોય કે ન કર્યું હોય, મુદત પણ નક્કી કરી હોય કે ન કરી હોય, પણ સાક્ષીઓ પાસે જાહેર કર્યું હોય અને ધન નક્કી કરીને લઇ લીધું હોય તો કામ પુરૂં કર્યા વિના દીક્ષા ન આપે. બીજા વિકલ્પોમાં આપે. તે બીજો-ચોથો-છઠો અને આઠમો વિકલ્પ. અથવા બીજા એટલે આઠે વિકલ્પોમાં સાક્ષીઓ આગળ જાહેર કર્યું ન હોય અને નક્કી કરેલ કે નક્કી નહિ કરેલ પૈસા લીધા ન હોય તો કામ પુરૂં કરે કે ન કરે તો પણ દીક્ષા આપી શકાય છે. હવે આજ વાતને વિશેષથી કહે છે.-પહેલા, ત્રીજા, પાંચમાં અને સાતમાં વિકલ્પમાં કામ અને તેની મુદત નક્કી કરી હોય કે ન કરી હોય પણ સાક્ષી આગળ જાહેર કરી દીધું હોય તો-શરત પ્રમાણેના પૈસા લીધા હોય કે ન લીધા હોય-પણ દીક્ષા ન આપી શકાય. શું કારણ? કારણ-તે કહે કે-મેં સાક્ષી આગળ જાહેર કર્યું છે અને મેં તારી આશાથી બીજો રાખ્યો નથી. પૈસા નક્કી ન કર્યા હોય તો દીક્ષા આપી શકાય. શું કારણ? કારણ કે મહેનતાણું નક્કી કર્યું નથી. મહેનતાણું નક્કી કરેલ નહિ હોવાથી ન્યાય મેળવી શકાય. ધન નક્કી કર્યું હોય, ઘણું કામ કરી લીધું હોય, થોડું બાકી હોય, મુદત પણ થોડી બાકી હોય તો આ રીતે દીક્ષા આપવી કલ્પે-જો ગરીબ હોય તો દીક્ષા આપી શકાય. ધનવાન હોય તે તો થોડાં બાકી રહેલા કામને બળજબરીથી બાંધીને પણ પુરૂં કરાવે. શું કારણ? કે ધનવાન હોય તો ન આપવી અને ગરીબ હોય તો આપવી? એ કહીએ છીએ-તે દીક્ષિત શિષ્યને તે ગરીબ પોતે પકડવા માટે અસમર્થ છે. અને જો સરકારમાં જાય અને પકડાવે તો તેમાં ધનનો ખર્ચ થાય. પૈસા ન હોવાથી તે સરકારમાં ન જાય. માટે ગરીબ હોય તો દીક્ષા આપવી કલ્પે. ધનવાન હોય તો હદમાં આવી, યાદ રાખજો, ફરી પકડાવે માટે તેના અને જો ગરીબ હોય પણ જબરો હોય, જાતીનો બળીઓ હોય ને મારપીટ આદિ નુકશાન કરે તેમ હોય તો તે ગરીબના પણ કામ કરનારને દીક્ષા ન આપવી.

ભૃતકદ્વાર સમાપ્ત.

# જર્મનીથી પત્ર પાંચમો.

બોન, તા૦ ૧૦-૧-૩૩.

પ્રિય ભાઈ!

જીનોઆ સવારના પહોરમાં આવ્યું. ઘનઘોર મેઘાચ્છાદિત આકાશમાંથી પ્રભાતની આછી રક્તપ્રભા જળરાશિને રંજીત કરતી હતી. સ્ટીમર હજુ બંદરમાં નહોતી પહોંચી. પાયલટ હોડીની રાહ જોઈને લગભગ સ્થિર ઉભી રહી હતી. સામે સમુદ્ર તટે અગણિત શહેરની હર્મ્ય રેખા દૂર દૂર જઈ જલધિમાં લીન થતી હતી. જીનોઆ તે ઇટાલીનું એક મોટું બંદર છે, અને કાંઈક અંશે પાશ્ચાત્ય જગતનું પ્રવેશદ્વાર ગણી શકાય. તેથી અનેક દેશથી આવતી જતી નૌકાઓનો જથ્થો સુવ્યવસ્થિત બંદરમાં ગોઠવાએલો હતો. નૌકારાશિમાંથી ઇટાલીનું "ગૌરવ રેક્સ" ઉંચા વધેલા ધુમ્રસ્તંભ વડે દૂરથી પોતાની મહત્તા જણાવતું હતું.

જ્યારે સ્ટીમરે બંદરમાં પ્રવેશ કર્યો. અને અમે બધા તૂતક ઉપરથી નીચે કેબીનમાં વિદાયની તૈયારી કરવા ગયા. જેમ સ્ટીમર ઉપર મુસાફરીના પ્રથમ દિવસે ધમાલ હોય છે, તેવીજ રીતે મુસાફરીના છેલ્લા દિવસે ઉતરવાની અને નૌકાના કાર્યચારિગણમાં પોતાના વહાલેરાઓને મળવાના ઔત્સુક્યને લીધે વ્યગ્રતા જણાતી હતી. સ્ટીમરનું બીલ વગેરે ચુકવી દરેક પોતપોતાના યજમાનની શોધમાં નીકળી પડયા.

લગભગ પંદર દિવસ સુધી ભેગા રહેલા સાથીઓ થોડાક કલાકમાં પોતપોતાના રસ્તે પડી જવાના હોવાથી વિદાય શિષ્ટાચાર કર્યા પછી અમે પાંચ-સાત જણ સાથે, સામાન લઈને બહાર નીકળ્યા; પ્રવાસ વ્યવસ્થા પેઢીદ્વારા અમારા પ્રવાસ સ્થળોની ટીકીટોનું નક્કી કર્યા પછી શહેરમાં એકાદ ચક્કર લગાવવા બહાર પડયા. મિલાન જવાની ગાડીને હજુ વાર હતી. રસ્તામાં અગવડ ન વેઠવી પડે તેથી અમે અહિંજ થોડું ઘણું જમી લીધું અને ગાડીના વખતે સ્ટેશન ઉપર ગયા. કેટલીક નજીવી મુશ્કેલીઓ વટાવી અમે જીનોઆ છોડયું.

આટલા દિવસની સ્ટીમરની મુસાફરી પછી રેલ્વે પ્રવાસ વેગવાન લાગ્યો. ટ્રેન પર્વતની હારમાંથી પસાર થતી હતી. દૂર દૂર હજુ શિયાળાને ઘણી વાર હોવાથી, પુષ્પ અને ફળવાળાં વૃક્ષોથી સુશોભિત બગીચાઓ અને ખેતો પથરાએલા ગાલીચા જેવા લાગતા હતા. વચમાં વચમાં ગ્રામ્ય-ગૃહ દશ્યો, ગાડીને વેગને લીધે ક્ષણવારમાં વિલુપ્ત થતાં હતાં.

ખેત, પહાડ અને બગીચાનું બાહુલ્ય જ્યાં હિન્દમાં જે જાતનાં ઝુંપડાં હોય છે, તે જાતનાં ઝુંપડાંનો અભાવ અમારા મનમાં એક જાતની શંકા ઉત્પન્ન કરતો: શું યુરોપમાં ગામડાંજ નહિ હોય? દરેક ઠેકાણે સુંદર રસ્તાઓની બે બાજુએ ઇંટ-ચુનાથી ચણેલા દેખાવડા ઘરો નજરે પડે, કોઇ ઠેકાણે ઘાસના છાપરાંવાળા ઝુંપડાંનું નામ નહિ! કેવું વિચિત્ર!

લગભગ ચાર વાગે અમે મિલાન પહોંચ્યા. કેટલીક ભાંજગડને અંતે સ્ટેશન પાસેની એક હોટલમાં જઇ ઉતરવાનો અમે ઠરાવ કર્યો અને મિલાનના સુશોભિત ચિત્રાંકિત ભવ્ય સ્ટેશનમાંથી બહાર નીકળી નજીકના વિશ્રાંતિ ગૃહમાં પડાવ કર્યો. ચાહ પાણી નાસ્તો કરી રહ્યા ત્યારે પાંચ ઉપર વાગી ગયા હતા. જે થોડો વખત રહ્યો હતો તે દરમ્યાન કંઇક જોવાની ઈચ્છાએ અમે બહાર નીકળ્યા ને ટેક્ષી કરી મિલાનના સુવિખ્યાત ચર્ચમાં ગયા.

આ ચર્ચ તેની વિશાળતામાં અદ્વિતીય છે તે વિષે જરાયે શંકા નહિ પણ આકૃતિની સમાનતા (Monotonousness) ના લીધે કેટલીક વખત કંટાળો ઉત્પન્ન કરતું. અંદર દિવાલો ઉપર કાચમાં સુંદર ચિત્રકામ સંધ્યાના સુવર્ણ પ્રકાશમાં અજબ દીપી નીકળતું હતું. જ્યારે વેદી આગળ પહોંચ્યા ત્યારે એક પાદરી, ક્રોસ ઉપર લટકાવેલી ક્રાઇસ્ટની મૂર્તિ આસપાસ રાખેલા મીણબત્તી-દંડો સળગાવતો હતો. તેનું પ્રચંડ શરીર અને તેમાંય ખાસ કરીને ઉદર પરિઘ જોઇને અમે મહા પ્રયત્ને અમારૂં હાસ્ય રોકી શક્યા. ઇટાલી કે જ્યાં ફેસીસ્ટ રાજ્ય પ્રણાલી અંગીકૃત થએલી છે, અને જે કંઇક અંશે આ પાદરીઓથી વિરૂદ્ધ હોવા છતાં, આ લોકોને આટલા પ્રમાણમાં વધવાનો અવકાશ મળ્યો છે તે જોઇ આશ્ચર્ય થયું. અમને આવેલા જાણી તે ઉત્સાહભેર (અમને) ચર્ચ બતાવવા તત્પર થયો અને ચર્ચની એક બાજુએ આવેલા કમરામાં સંગ્રહિત પુરાણી છબીઓ અને દાગીનાઓનો, અંગ્રેજી-લેટીન મિશ્ર ભાષામાં પરિચય આપવા માંડયો. તેના શબ્દો એક મંત્રોચ્ચારના જેવા ગૂઢ, અમારા કાન ઉપર અશ્રાવ્ય અસર કર્યા વિના લુપ્ત થઇ ગયા. કેટલાક પરિચિત નામોને લીધે અમે અટકળ કરી કે અમુક વસ્તુ અમુક વ્યક્તિને લગતી છે. દશ મિનિટમાં દેખાડવાનું પતાવી તેણે અમારી પાસે સીધીજ માગણી કરી "ક્રાઇસ્ટના નામે કંઇ આપશો?"

અમારો કંઈ આપ્યા વિના છુટકો નહોતો! અમે મને-કમને કંઇક આપી છુટા થવાની મેળવી. ક્રાઇસ્ટે જેમને પોતાનો ઉપદેશ ફેલાવવાનું કાર્ય સોંપ્યું, તે લોકોના આ જાતના તાગડધિન્ના જોઇને તેણે ક્રોસ ઉપર ચડતા પહેલાં આત્મઘાતનો વિચાર કર્યો હોત. જે ગરીબોને માટે તેણે શૂળી સ્વીકારી તે ગરીબોને તેના સિદ્ધાંત પ્રચારકો પીડન કરશે એવો તેને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય! પણ હું આ જગાએ તે વિષે વધારે નહિ લખું, કારણ કે લગભગ બધેજ આ જાતની કઢોડી સ્થિતિ થવા પામી છે. માત્ર બીજાના દોષ જોવા તે અન્યાય છે.

ચર્ચમાંથી બહાર આવી, શહેર જોવાના ઇરાદાથી અમે વાહન ન કરતા અમારા મુકામ સુધીનું અંતર ચાલી નાંખવાનું ઠરાવ્યું. અમે જ્યારે બજારમાં ચાલતા હતા ત્યારે એક વિચિત્ર ઘટના બની: અમે ચર્ચમાં રહ્યા તેટલી વારમાં આખા શહેરમાં અમારા આગમનની ખબર પડી ગઈ. અમારી સાથે હિન્દી પોષાકમાં બે બ્હેનો હતી તેથી તેમને જોવાના કુતૂહલમાં અનેક લોકો ભેગા થયા. વાત એટલે સુધી વધી પડી કે, છેવટે અમારે ન છુટકે ટેક્ષી કરવી પડી, કારણ કે ટેક્ષી ન કરીએ તો ટ્રાફીકના રોકાણને લીધે પોલીસના કોપનો અમને ભય લાગ્યો. ઘેર આવી અમે વાળુ કર્યું.

રાતના મિલાનની મઝા ઓર તરહની હતી. અમે અમુ-ચાર જણ લગભગ સાડાદસ વાગે વિશાળ પતાની બજારમાં ફરવા નીકળ્યા. રસ્તા ઉપર કાફે અને રેસ્ટોરાંમાંથી આવતો નૃત્ય સંગીતધ્વનિ, સ્મોકિંગમાં આખા દિવસના શ્રમાન્તે સહેજ આરામાર્થે કાફેમાં જવા નીકળેલો જનસમુદાય, શહેરની દીપકસરણી, ભભકાદાર દુકાનોના પ્રદર્શન-ગૃહો વગેરે અતિ આકર્ષક હતું. લગભગ સાડાબારે અમે પાછા ફર્યા.

બીજે દિવસે કોઈ દસ, કોઇ બાર, કોઇ બે એમ જુદે જુદે સમયે પોતપોતાની ટ્રેનમાં પ્રયાણે સંચિયાવ્યા. મારી ટ્રેન લગભગ ચાર વાગે હોવાને લીધે થોડા કલાકને માટે મારે માત્ર એકલા રહેવું પડ્યું. બધાને એક એક છોડતાં જરા દુઃખ થયું. છેવટે મેં પણ વખત થયે મિલાન છોડયું.

આવતે વખતે આલ્પ્સનું વર્ણન લખીશ. આજે થાકી ગયો છું. આલ્પ્સના વર્ણનનાં અંતે મારી ભ્રમણ કથા પુરી થશે. તે પછી જર્મની વિષે અવાર નવાર લખતો રહીશ. અને ત્યારે કદાચ પંદર દિવસને બદલે એક માસના અંતરે લખવાનું બનશે.

લિ॰ શાંતિ.

# એક મુનિની કરૂણ કથા.

ચન્દ્રવિજય.

**(સાધુ સંસ્થામાં અંદર પેઠે ખટપટો અને બેપરવાઇથી, અણખામણા સાધુઓની કેવી સ્થિતિઓ થાય છે, તેનું દૃષ્ય રજુ કરતો આ આબેહુબ કાગળ સમાજ આગળ રજુ કરીએ છીએ, તે વાંચકો વાંચે અને સાધુસંસ્થાનો સડો વિચારે. —તંત્રી.)**

સંસારીપણામાં આત્મકલ્યાણ સાધતો હતો અને યથાશક્તિ ધર્મધ્યાન કરતો હતો, તે અરસામાં પન્યાસજી ભક્તિવિજયજી સાથે અને મેરૂવિજયજી પન્યાસના સમાગમમાં આવ્યો. તેમની ઇચ્છા મને સાધુ બનાવવાની હોવાથી મને અનેક પ્રકારની લાલચો આપી, અને ઉંધુ-ચતુ સમજાવી સાધુ બનાવવાની તરકીબો કરી, અને હું તૈયાર થયો. મારા બનેવીની ના છતાં તેમની ઉપરવટ થઇ, મારી પાસે જે ચાર-પાંચ હજારની મુડી હતી તે સાધુ થવાના ખર્ચમાં ખરચી નાખી. સાધુપણું અંગીકાર કરી શ્રી મેરૂવિજય પન્યાસનો હું શિષ્ય થયો.

દીક્ષા-બાદ થોડાક દિવસ તો ઠીકઠાક ચાલ્યું; પણ જેમ વખત જતો ગયો તેમ તેમ વિટંબણાઓની શરૂઆત થઇ. સાધુઓની અંદર અંદરની ખટપટના પરિણામે મને જુદો કહાડયો. જ્યાં મ્હારે તો ચારિત્ર પાળવુંજ હતું એટલે એક ગૃહસ્થની ભલામણથી સમીવાળા શ્રી ભક્તિવિજયજીના શિષ્ય શ્રી સુમતિવિજયજી સાથે રહેવાની ગોઠવણ થઇ અને હું તેમની સાથે ચોમાસુ રહ્યો. જ્યાં મારા ગુરૂ મેરૂવિજયજી-મને હેરાન કરવો હોય કે મને તે બુદ્ધિએ-મને જે રાખે તેમને આકુલવ્યાકુળ કરે અને રહેવા ન દે. ચોમાસુ પુરૂં થયું કે, જે ગૃહસ્થે ભલામણ કરીને મને સુમતિવિજય સાથે રખાવેલ તેમણે મારા ગુરૂને લખ્યું કે, તેમનું ચોમાસું પુરૂં કરાવ્યું છે, હવે બોલાવી લઈ સાથે રાખો.' મારી માન્યતા હતી કે, 'જેવી લાગણીથી મને શિષ્ય બનાવ્યો છે, તેવી લાગણીથી જરૂર સાથે રાખશે.' પરંતુ હું જેવો રાધનપુર ગયો કે, થોડા મારી વલણ કર્યો અને કહ્યું કે, 'અમારે તારો ખપ નથી, તારે જવું હોય ત્યાં ચાલ્યો જા.' જ્યારે મેં ખુબ કાલાવાલા કર્યા ત્યારે કહ્યું કે, તારા બનેવીને બોલાવી લાવ. તેઓ આવ્યા અને આગ્રહજી કરી ત્યારે મારા જામીન માગ્યા—આ પહેલી વાર નહિ, એકવાર રાજપર મુકામે માગેલા, ત્યાં આપેલા. તેના બદલામાં મારા ઉપર દશ હુકમો કહાડેલ, તેમાંના બે-ત્રણ મુખ્ય છે તે જણાવું: "ત્રણ ઘડા પાણીના હંમેશ લાવવા, મોટા સામું બોલવું નહિ અને બોલે તો એક ઉપવાસનો દંડ, વિહારમાં એકાસણું-આંબીલ કરવાં." આવા પ્રકારની દસ કલમોનો દસ્તાવેજ કરી મારી સહી લીધેલી

# અસલ નકલનું અંધારૂં.

લાલચંદ જેચંદ વહોરા.

સ્વદેશી એ શુદ્ધ અને સ્વાભાવિક ધર્મ છે; છતાં અત્યારે આપણી માનસિક વૃત્તિઓ એટલી પરાધીન થઇ ગઇ છે કે, સ્વદેશીનો સંદેશ ઠોકીઠોકીને દેતાંય આરો નથી આવતો. અરે! સંદેશ દેનારાઓમાંય કેટલી પરાધીન મનોદશા છુપાએલી હોય છે! આપણી નાદુરસ્તીની આ બદી દૂર કરવા માટે ખૂબ ધીરજ જોશે. આયુર્વેદિક ઉપચાર જોશે. 'સ્વદેશીનું સેવન' એ એવો ઉપચાર છે કે, તેમાં આખી સમાજ અવશ્ય રીતે સુધરતી જાય છે.

સ્વદેશીના ઉત્પાદન અને પ્રચારમાં બહિષ્કાર આવીજ જાય છે. યુદ્ધના ક્ષણિક કાળમાં કોઇ વેળા બહિષ્કારરૂપી તિવ્ર ઓપરેશન કરવું આવશ્યક હોય છે; પણ સ્વદેશીના સૂત્રમાં બહિષ્કાર સહજ અને સ્વભાવીક છે.

અત્યારે આપણી ભાવના અને વિચારશ્રેણી સ્વદેશી પ્રત્યે આપણને દોરી જાય છે, તે માત્ર સ્વદેશાભિમાનજ નથી, પણ આપણા સ્વભાવમાં રહેલો આત્મિય ગુણજ છે.

પરદેશી વસ્તુઓ અને સત્તાથી આપણા દેશમાં અજ્ઞાનતાના અને સ્વાર્થદ્રષ્ટિનાં પાળ બન્યા છે. Devide & Rule (ભાગલા પાડી રાજ્ય કરવા) ની રાજનીતિ આપણા દરેક ઘરમાં ફરી વળી છે, અને અવળી નીતિથી હવે આપણે વિશેષપણે પુરૂષાર્થ કરવાનું હોય તો, તે એ છે કે, આપણા ઘર સાફ કરવાં જોઇએ. સ્વદેશીનો પ્રશ્ન વ્યાપક કરવો પડશે. અત્યારે કાપડનાં વેપારીઓ લોકમતને અનુસરી, પરદેશી વસ્તુને સ્વદેશી કહીને આપે છે, અને હજુ થોડાજ વર્ષ પહેલાં સ્વદેશી વસ્તુનેજ પરદેશી અથવા અસલ વિલાયતી કહીને વેચતા. એટલે જો સ્વદેશીને આપણે સાચી પ્રતિજ્ઞા આપવા માગતા હોઇએ તો તેની ઉત્પત્તિનાં સ્થાન આપણે જોવા જોઇએ,—એ આપણી પડોશમાં હોવા જોઇએ. આપણે, આપણે ત્યાં એ ઉપજાવી શકીએ અને કદાચ એ જરા નબળી વસ્તુ થાય તો તેનાથીજ ચલાવી લેવું જોઇએ.

હજુ થોડા સમય પૂર્વેજ આપણે સ્વદેશીને ગામઠી અથવા કન્ટ્રી કહી નિંદતા. આજે આપણી ભાવનામાં પલટો આવ્યો હોય તો અસલીએ આપણુંજ હોવું જોઇએ. આમાં સ્વાભિમાન છે, આપણામાં ઉપજેલો આત્મ-વિશ્વાસ રહેલ છે. અને આથી કરીને નવી પ્રજામાં સાચી સર્જન શક્તિ પ્રગટ થશે.

કેટલેક ઠેકાણે ગ્રાહકો એટલેથી સંતોષ માને છે કે, તેમણે અમુક પ્રતિષ્ઠિત ભંડારમાંથી માલ ખરીદ્યો છે, પણ આટલેથી કોઇએ ન અટકવું જોઇએ. જો એ ભંડાર સ્વદેશી હોય તો તેમણે તેમના વિષે જવાબદાર થવું જોઇએ અને તેની શુદ્ધ સેવા કરવાને માટે ચોકી કરવી જોઇએ. જો એ સાચી વસ્તુ હશે તો ભંડારમાં કોઇ વસ્તુ વિદેશી નજ હોવી જોઇએ. અત્યારે આપણે એવું પણ જોઇએ છીએ કે, માત્ર ખાદી પહેરે એટલે બીજી અનેકવિધ વસ્તુઓ પાછળ ગમે તેટલું દામ પરદેશ મોકલે તે ચલાવી રહે છે. આ વસ્તુ આપણે જાતે નીરખવી જોઇએ, અને અસલ સ્વદેશી કોને કહેવું અને કેમ ખરીદવું, એ આપણા મિત્ર-મંડળમાં જાહેર કરવું જોઇએ.

દેશમાં કેટલીએય નબળાઇ આવી ગઇ છે. એ નબળાઇ-અજ્ઞાનતાનો લાભ લેવા અનેક સાચા-ખોટા વેપારીઓ ફાંફાં મારી રહ્યા છે. ખોટા વેપારીઓ પારખી શકાય છે, પણ અર્ધ સાચા કે, અર્ધ ખોટા વેપારીઓ નકલી વેશ કરી અસલી વસ્તુને અને તેના ધંધાને દગો દે છે. આ વસ્તુથી સવેળા ચેતવાની જરૂર છે. વેપારીઓમાં ઉત્પાદન શક્તિ રહી નથી, તેથી આવા ધંધા કરી, સરકારને આંખે પાટા બાંધી તેઓ જુઠા વહેપાર પાછળ દેશનું દ્રવ્ય વેડફી રહ્યા છે.

ઇશ્વર વેપારીઓને કુમાર્ગેથી બચાવે એજ પ્રાર્થના.

---

તેની નકલ માગતાં હજુ સુધી મળીજ નથી—એટલે આપીજ નથી. તેમણે લખાવેલી કલમો પ્રમાણે તેમના હુકમ ઉઠાવું, સેવા ભરદાસ કરૂં, જ્યાં મરજી આવે ત્યારે ધક્કો મારી કાઢી મુકે, મારપીટ કરે, એ દરેક સહન કરવું પડે. ઉપરથી મને પણ જામીન માગ્યા, ત્યારે મને તેમના ઉપર ભરૂસો ન હોવાથી આપવા ના પાડી કે તરત આવીને રૂબરૂમાં મને કહેલ કે, "મેં તને ચારિત્ર ગ્રહણ કરાવેલ છે, પણ હવે તને પાર ઉતારવાની યોગ્યતા રહી નથી માટે મારી વસ્તુઓ મને સોંપી દે." પણ જ્યારે મેં તેમના કહેવા પ્રમાણે તેમને, તેમની વસ્તુઓ પાછી ન સોંપી ત્યારે મને ડરાવીને હાથોહાથ લઇ લીધી. એટલે 'ઓઘો' લઇ લીધો. હું મુંઝાયો ને બેભાન જેવી સ્થિતિમાં ત્યાંથી હું ભાગ્યો ને એક ગૃહસ્થ પાસે ગયો. તેમણે મને શાન્તિ આપી અને આગરના ઉપાશ્રયે લઇ ગયા, ત્યાં પન્યાસ લાભવિજયજી બિરાજમાન છે. તેમણે મારા હિતનો વિચાર કરી, મારાજ ભલાની ખાતર રાત્રે એક વાગે 'ઓઘો' 'મુહપતિ' આપી, મને ચારિત્રમાં રાખી મારી ઉપર મહાન ઉપકાર કર્યો. મારે લખવુંજ પડે છે કે, જો—જો ગૃહસ્થે મને લાભવિજયજી પન્યાસનો ભેટો કરાવી આપ્યો તે ગૃહસ્થ અને પન્યાસ લાભવિજયજી ન મળ્યા હોત તો મારે કુવો—અવાડોજ કરવો પડત. હાલ તો હું પન્યાસ લાભવિજયજી પાસેજ રહું છું અને આત્મકલ્યાણ સાધુ છું.

પન્યાસ ભક્તિવિજય અને શ્રી મેરૂવિજયના સમુદાયમાં મારીજ આ સ્થિતિ થઇ છે તેમ વાચક ન સમજે, પણ મારી પેઠે ચાર-પાંચ સાધુઓને ધમકાવીને, મારીને કાઢી મુકયા છે. મને નવાઇ તો એ થાય છે કે, દીક્ષા માટે આટલાબધું સમજાવી શિષ્યો બનાવ્યા પછી તેમની આવી સ્થિતિ કરવામાં એટલે તેમને મારપીટ કરી કાઢી મુકી રઝળતા કરવામાં તેમની શોભા વધતી હશે?

સાધુ સમુદાયમાં દીક્ષા અંગે જે સ્થિતિ ઉભી થઇ છે, તેમ શિષ્યો માટે જે મુંગી મુશ્કેલીઓના ડુંગરા ઉભા કરવામાં આવે છે તે દરેકમાં સુધારો થવા અથવા શાસનને નિંદામાંથી બચાવવા, દીક્ષા લેનારને દીક્ષા આપનારની લાયકાત માટે દરેક સંઘે કાયદા કરવાજ જોઇએ. અને બન્નેની યોગ્ય તપાસ થયા પછીજ દીક્ષા અપાય તોજ શાસનની ઉન્નત્તિ છે.

# જર્મન દ્રષ્ટિએ જૈનધર્મ

લેખકઃ
મહાસુખભાઈ ચુનીલાલ-વિસનગર.

(તા૦ ૨૮-૧-૩૩ ના અંકથી ચાલુ)

જર્મન પ્રોફેસર હેલ્મુથ ગ્લેઝેનાપ જણાવે છે કે-કોલબ્રુક જેવા કેટલાક એમ માન્યું કે બૌદ્ધધર્મનો જન્મ જૈન ધર્મમાંથી થયો છે, ત્યારે વીલ્સન, લાસન અને વેબર જેવાએ એમ માન્યું કે બૌદ્ધ ધર્મમાંથી જૈન ધર્મનો જન્મ થયો છે, પણ સન ૧૮૭૯ માં યાકોબીએ બતાવી આપ્યું કે આ ઉપજાવટની કલ્પના તો માત્ર નિરર્થક દેખાવ ઉપરથી અને આકસ્મિક સમાનતા ઉપરથીજ કરી લેવામાં આવી છે, યાકોબીએ નિશ્ચિત સાબીત કરી દીધું છે, કે જૈન અને બૌદ્ધ એ બે એકબીજાથી સંપૂર્ણ રીતે સ્વતંત્ર ધર્મસંઘ છે, અને મહાવીર તથા ગૌતમ-બુદ્ધ એ બે સમકાલિન ભિન્ન મહાપુરૂષો હતા.

અનેક પંડિતોના સમર્થ પ્રયત્નના પરિણામે જૈન ધર્મના ઇતિહાસ અને પુસ્તકો વિષેનું જ્ઞાન તો ખૂબ વિસ્તાર પામ્યું પણ ત્યારે એ ધર્મના હૃદય-તેનાં સિદ્ધાન્તો સંબંધેનું જ્ઞાન તેના શુદ્ધ સ્વરૂપમાં ઘણા વખત સુધી યુરોપમાં પ્રગટ થયું નહિ, આ વસ્તુ સ્થિતિનું મુખ્ય કારણ તો એ હતું કે, ઘણા ખરા સંશોધકોનો ઝોક તત્વજ્ઞાન અને સંસ્કૃતિ તરફ કરતાં પુરાતત્વ અને ભાષાંતર તરફ વધારે હતો. અને વળી વધારે સબળ કારણ તો એ હતું કે શરૂઆતના સંશોધકોએ જૈન ધર્મના સિદ્ધાન્તનું જ્ઞાન પ્રતિસ્પર્ધિ બ્રાહ્મણ ધર્મના પુસ્તકમાંથી કંઇક અંશે અને જૈન ધર્મના ગ્રંથોમાંથી કંઇક અંશે પ્રાપ્ત કરવાના પ્રયત્નો કર્યાં, પણ બ્રાહ્મણ ગ્રંથોમાં અસ્પષ્ટ અને જૈન ગ્રંથોમાં અવ્યવસ્થિત હકીકતો હોવાથી એ પ્રયત્નો સફળ નિવડેલ નહિ. તથાપિ સને ૧૯૦૬ માં આ અનિશ્ચિત સ્થિતિનો અંત આવ્યો. એ વર્ષમાં યાકોબીએ પછીના કાળના જૈન સિદ્ધાન્તના વ્યવસ્થિત ગ્રંથનો-ઉમાસ્વાતિના તત્વાર્થાધિગમસૂત્રનો અનુવાદ કર્યો અને નિશ્ચિત જ્ઞાન-ક્ષેત્રમાં એક પગલું આગળ ભર્યું. આ પુસ્તકે પ્રથમજવાર જૈન સિધ્ધાન્તોના સમગ્ર ક્ષેત્ર ઉપર સ્વચ્છ અને સંપૂર્ણ દૃષ્ટિ આપી અને ત્યાં સુધી અંધારામાં રહેલા ઘણા મહત્વના પ્રદેશો વિષેના જ્ઞાનની ગાંઠ ખોલી આપી. યાકોબીના શિષ્યોએ પોતાના ગુરૂને માર્ગે ચાલી અનેક ક્રિયાઓમાં પ્રયાણ કર્યું છે. હાલમાં જૈન સંશોધનનું પશ્ચિમના ઘણા ખરા દેશોમાં વિવિધ પરિણામ થવા લાગ્યું છે. જર્મનીમાં લ્યુડરમાન, શ્રાડર, શુબ્રીંગ, યાકોબીનો શિષ્ય કિર્ફેલ અને બીજા, સ્વીડનમાં કાર્પેન્ટીયર, હોલેંડમાં ફાડેગોન, ઇગ્લેન્ડમાં બાર્નેટ ફ્લીટ, સ્મિથ, શ્રીમતિ સ્ટીવન્સન વગેરે, ઇટલીમાં પુલેની, બેલોની, શીલીની, બાલોલીની, પુસે વગેરે, નોર્થ અમેરિકામાં બ્લુમફીલ્ડ વગેરે ઘણા સંશોધકો પ્રયત્ન કરી રહ્યા છે.

ગયા સૈકાના છેલ્લા દશકામાં તો ભારત વર્ષના જૈનોએ પણ પોતાના, ધાર્મિક અને સાંસારિક જ્ઞાન ગ્રંથોને છપાવવા માંડયા, પોતાના સહધર્મિઓ તેમજ બીજા લોકો પોતાના ધર્મના તત્વો જાણતા થાય તે હેતુથી સાથે સાથે પુસ્તકો અને નિબંધો અંગ્રેજી ભાષામાં પ્રગટ કરવા માંડયા. વળી ભાંડારકર, ભગવાનલાલ ઇંદ્રજી, ભાઉદાજી, સતીશચંદ્ર વિદ્યાભૂષણ, એસ. એન. દાસગુપ્તા વગેરે હિન્દુઓ પણ ધીમે ધીમે એ ક્ષેત્રમાં વધારે કાર્યકર્તા થયા છે. ભવિષ્યમાં યુરોપના અને ભારતના પંડિતો વચ્ચે આ કાર્યમાં ગાઢ સહકાર થાય એવી આશા રાખવામાં આવે છે.-"યુરોપીઅનોની ગ્રંથ વિવેચનની પ્રણાલિ અને ચીવટથી, ભારત પંડિતો સારૂં અને વિવેચક કાર્ય કરી શકશે. ભારત પંડિતોના સહકારથી યુરોપીઅનોની દૃષ્ટિ વિવિધ પ્રકારે ખુલશે." એ પ્રમાણે કેટલીક હકીકત ભૂમિકાના અધ્યાયમાં જણાવી પ્રોફેસર હેલ્મુથ ગ્લાઝેનાપ બીજા અધ્યાયમાં પૂર્વ ઇતિહાસ ઉપર નજર કરતાં જણાવે છે કેઃ-

જૈનો પોતાના ધર્મને શાશ્વત અને અવિચળ માને છે, અને સમયે સમયે લુપ્ત થાય ત્યારે કદાપિ એનો અંત આવવાનો નથી, ફરી ફરી પ્રવર્તના અમુક જુગોની અંદર અજ્ઞાન ભારી અંધકાર પ્રસરાવે, પણ પાછું એ અજ્ઞાન ટળી જાય ને જૈન ધર્મનો પ્રકાશ ફરી પ્રકટાય તેવાં તેવાં કિરણો ફરી વિસ્તરે એવી રીતે આજે આપણે એવા જુગમાં છીએ કે જ્યારે ધર્મ-જ્ઞાન પામીએ છીએ. ત્યાર પછી એવો જુગ આવશે કે જ્યારે જૈન ધર્મ લુપ્ત થશે. ત્યાર પછી વળી એવો જુગ આવશે કે જ્યારે એ ધર્મ નષ્ટપ્રાય થશે. પણ ખરી રીતે તો એ ધર્મ કદાપિ નષ્ટ થવાનોજ નથી. પણ વળી પાછો નવી જુવાનીમાં શાશ્વત ફરીથી ખીલશે જેમ ઋતુઓમાં દર વર્ષે વસંત પાછી ખીલતી આવે છે તેમ જ્યારે સમય આવે છે ત્યારે અમુક વર્ષોને આંતરે એક પછી એક એમ ચોવીશ તીર્થંકરો પ્રગટે છે, તે સત્ય ઉપરના આવરણને સંહારે છે, આપણા આ જુગમાં પણ એવા ચોવીશ ધર્મજ્ઞાતા અને ધર્મ દાતા પ્રકટયા છે, જૈનો એમનાં નામ જાણે છે, અને એમનાં જીવનના પ્રસંગો વર્ણવે છે. એમાંના ઘણા ખરા વિષે જે વર્ણન આપવામાં આવે છે, તે આશ્ચર્યજનિત છે. પહેલા તીર્થંકર ઋષભદેવનું આયુષ્ય ચોરાશી લાખ પૂર્વનું હતું. એ પાંચશો ધનુષ ઉંચા હતા, અને જો કે એક પછી એક તીર્થંકરનું આયુ અને પુદ્‌ગળ ઘટતું ચાલે છે ત્યારે બાવીશમાં તીર્થંકર અરિષ્ટનેમિનું આયુ એક હજાર વર્ષનું હતું અને તેમનું પુદ્‌ગળ દશ ધનુષનું હતું. આ ક્રમમાં આવતાં માત્ર છેલ્લાં બે તીર્થંકરોનાં આયુ અને પુદ્‌ગળ માની શકાય એવા આરોપાય છે, તેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથનું આયુ સો વર્ષનું હતું તથા તેમનું પુદ્‌ગળ નવ હાથનું હતું. ચોવીસમાં તીર્થંકર મહાવીરનું આયુ બોતેર વર્ષનું હતું તથા તેમનું પુદ્‌ગળ સાત હાથ હતું, વળી જૈનો જુદા જુદા જે તીર્થંકરોનો સમય બતાવે છે તેમાંથી માત્ર પાર્શ્વનાથનોજ ને મહાવીરનો સમય ઇતિહાસથી નિર્ણીત થઇ શકે તેમ છે. મહાવીર સન પૂર્વે આશરે પાંચશો વર્ષ ઉપર અને પાર્શ્વનાથ સન પૂર્વે આશરે ૭૫૦ વર્ષ ઉપર થઇ ગયેલ એમ મનાય છે. પણ અરિષ્ટનેમિ પાર્શ્વનાથની પૂર્વે ચોરાશી હજાર વર્ષ ઉપર નિર્વાણપદ પામ્યા માનવામાં આવે છે. અને તેમની પૂર્વેના તીર્થંકરોને અનુક્રમે એટલે દૂર મૂકવામાં આવે છે કે તેની કાળગણના ક્યાં પણ અશક્ય થઇ પડે. આ સ્થિતિમાં યુરોપીઅન સંશોધક પહેલા બાવીશ તીર્થંકરોને ઐતિહાસિક પુરૂષો માનવાનું કારણ નથી. અને માત્ર છેલ્લા બે તીર્થંકરોના ઇતિહાસ સંબંધી સંશોધન કરવા ધ્યાન આપવું જોઇએ.

(અપૂર્ણ.)

# ધર્મો મેં ભિન્નતા.

(અંક ૧૧ થી ચાલુ.)

वर्षा का शुद्ध जल दो तरह का नहीं होता, किन्तु पात्रों के भेद से उसमें भेद हो जाता है। इसीप्रकार धर्म दो तरहका नहीं होता किन्तु पात्रों के भेदसे या, जैनशास्त्रों के शब्दोंमें, द्रव्य क्षेत्र काल भावके भेदसे उसमें भेद होता है द्रव्य क्षेत्र काल भावका भेद, विरोध का कारण नहीं होता, इतना ही नहीं बल्कि इसप्रकार की द्विविधताको हम दो धर्म भी नहीं कह सकते। ये एकही धर्मके अनेक रूप हैं, दुनिया में अनेक धर्म है—जैन, बौद्ध, वैदिक, ईसाई, इस्लाम आदि। परन्तु जिस प्रकार इन धर्मों के संप्रदाय है उस प्रकार हिंसा धर्म, असत्यधर्म, अक्रोधधर्म, विनयधर्म, आदिके सम्प्रदाय नहीं हैं, मैं जैन हूं, तू बौद्ध है इस प्रकार के धर्माभिमान से लोग लडे हैं, परन्तु मैं अहिंसाधर्मी हूं, तू सत्यधर्मी है इस प्रकार के धर्माभिमानसे कोई नहीं लडा, हर एक धर्म अपने को न्यूनाधिक रूपमें अहिंसा, सत्य आदिका पोषक कहता है। इससे मालूम होता है कि अहिंसा, सत्य आदि असली धर्म है और इनमें विरोध नहीं है। विरोध है उसके विविध रूपोंमें अर्थात् सम्प्रदायों में। कहने का तात्पर्य यह है कि धर्म सुख के लिये है और विविध सम्प्रदाय धर्म के लिये है। सम्प्रदाय स्वयं परिपूर्ण धर्म नहीं है—वे अहिंसा आदि धर्मोंके लिये है इसलिये यह कहना बिलकुल ठीक है कि धर्मोंमें, भिन्नता या विरुद्धता नहीं हो सकती। हमने धर्म के लिये उत्पन्न होने वाले या उसके एक रूपको बतलाने वाले सम्प्रदायों को धर्म कहा इसलिये यह प्रश्न खडा हुआ कि धर्मों में भिन्नता है या नहीं ?

जुदे जुदे धर्मों में जो हमें परस्पर विरोध मालूम होता है वह अनेकान्त अर्थात् स्याद्वाद दृष्टि के न प्राप्त करने का फल है। मैं यह नहीं कहता कि प्रत्येक धर्मका प्रत्येक सिद्धांत वैज्ञानिक दृष्टि से सत्य है। मनुष्य प्रकृति का विचार करके हर एक धर्म में वैज्ञानिक असत्यको स्थान मिला है। परन्तु वह असत्यभी धर्मके लिये ही लाया गया है, अधर्म के लिये नहीं इस बातको स्पष्ट करने के लिये एक उदाहरणमाला को उपस्थित करने की आवश्यकता होगी। पहिले ईश्वरकर्तृत्व के विषय को लीजिये।

एक सम्प्रदाय कहता है कि जगत्कर्ता ईश्वर है; दूसरा कहता है कि जगत्कर्ता ईश्वर नहीं है। निःसन्देह इन दोनों में से कोई एक असत्य है। परन्तु इन दोनों वादों का लक्ष्य क्या है ? ईश्वर-कर्तृत्व वादी कहता है कि अगर तुम पाप करोगे तो ईश्वर तुम्हें दण्ड देगा, नरकमें भेजेगा; अगर तुम पुण्य करोगे तो वह खुश होगा, तुम्हें सुख देगा, स्वर्ग में भेजेगा। ईश्वर-कर्तृत्व विरोधी जन कहेगा कि अगर तुम पाप करोगे तो अशुभ कर्मों का बन्ध होगा, खाये हुए अपथ्य भोजन के समान उसका तुम्हें दुःखमय फल मिलेगा, तुम्हें बुरी गति में जाना पडेगा। अगर तुम पुण्य करोगे तो तुम्हें शुभ कर्मों का बन्ध होगा, खाये हुए पथ्य भोजन के समान उससे तुम्हारा हित होगा आदि। एक धर्म लोगों को ईश्वर-कर्तृत्ववादी बनाकर जो काम कराना चाहता है दूसरा धर्म लोगोंके ईश्वर-कर्तृत्वका विरोधी बनाकर वही काम कराना चाहता है। यहां धर्म में क्या भिन्नता है ? भिन्नता उसके साधनों में है। परन्तु भिन्नता होने से विरोध होना चाहिये, यह नहीं कहा जा सकता। विरोध वहां होता है जहां दोनोंका उद्देश्य एक दूसरे का विघातक हो परन्तु यहां दोनो का उद्देश्य एक ही है। इसलिये हम इन्हें विरोधी धर्म नहीं कह सकते। उनमें से अगर हम ईश्वर-कर्तृत्ववाद को वैज्ञानिक दृष्टि से असत्य मानलें तो भी वह अधर्म नहीं कहा जा सकता। जिन लोगों का बुद्धि की अपेक्षा मानसिक विकास अधिक हुआ है अर्थात् जो भावुक है उनके लिये ईश्वर-कर्तृत्ववाद अधिक उपयोगी है व वह सोचते है कि ईश्वरके भरोसे सब छोड देने से हम निश्चिंत हो जाते है, इसमें कर्तृत्वका अहंकार पैदा नहीं होता पुण्य-पापका विचार रहता है जिनकी बुद्धि अधिक विकसित है, वे तर्कसिद्ध न होने से ईश्वर को नहीं मानते वे सोचते हैं कि ईश्वर को कर्ता न माननेसे हम स्वावलम्बी बनते हैं—हम ईश्वरको प्रसन्न करनेकी कोशिश करनेकी अपेक्षा कर्तव्यको पूर्ण करनेका प्रयत्न करते हैं, हमारे पापों को माफ करनेवाला नहीं है, इस विचार से हमें पापसे भय पैदा होता है। जिस धर्मने ईश्वरको माना है उसने भी इसीलिये माना है कि मनुष्य पाप न करे। जिसने ईश्वरको नहीं माना उसने भी इसीलिये नहीं माना कि मनुष्य पाप न करे दोनों का लक्ष्य एक है और दोनों ही प्राणियों को सुखी बनाना चाहते हैं, और एक अंश में उन्हें सफलता भी मिली है इतना ही नहीं, परलोक को न माननेवाले नास्तिकों ने भी परलोकको नहीं माना उसका कारण सिर्फ यही था कि मनुष्य समाज सुखी रहे। जब परलोक के नाम पर एक वर्ग लूट मचाने लगा और भोले भाले लोग ठगे जाने लगे, विवेकशून्य होकर दुःख सहने को जब लोग पुण्य समझने लगे तब नास्तिक धर्म पैदा हुआ। इस प्रकार आस्तिकताकी सीमा पर पहुंचे हुये ईश्वर-कर्तृत्ववादी और नास्तिकताकी सीमा पर बैठे हुए परलोकाभाववादी अपने अपने धर्मका प्रचार सिर्फ इसीलिये करते थे कि मनुष्य निष्पाप बने, एक प्राणी दूसरे प्राणीको न सतावे, यह हो सकता है कि इनमें से कोई धर्म कम सफल हो कोई अधिक, कोई अल्पकालिक हो कोई चिरकालिक; परन्तु यह निश्चित है कि अपने अपने देशकाल में सब धर्मोंने मनुष्य समाजको सुखी बनानेकी और समाजके दुःखमूलक विकारोंको दूर करने की चेष्टा की है।

પંડિત દરબારીલાલજી.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

પ્રબુદ્ધ જૈનનો વધારો.

# શાસનપ્રેમીને ત્યાં ધાડ!

## એક દિવસના સાધુ સંસારી બન્યા.

મુંબઈમાં સાગરાનંદના ચુસ્ત હીમાયતી અને કહેવાતા શાસન રસિક સંઘના આગેવાન સંઘવી જીવણચંદ નવલચંદના આસરે ૨૨ થી ૨૫ વર્ષના દીકરા ભાઈ જેચંદને-જેઓનું લગ્ન દોઢેક વર્ષ પર થયું હતું, તેમને મુનિ સાગરાનંદના આશ્રિતોએ વિલાપારલામાં સાધુનાં કપડાં મહા સુદી ૧૦ ને વાર રવીવારે બપોરના પહેરાવ્યાં હતાં. આ તો ઘરનો છોકરો હતો એટલે દીક્ષા આપવી કેમ પાલવે! તે નિયમ અનુસાર એ જેચંદના સગા વહાલાંઓએ દોડધામ શરૂ કરી અને મહા સુદ ૧૧ ને સોમવારે એ શાસનના સ્તંભોએ સંતાકુકડીની રમત રમી દીક્ષા લેનાર જેચંદને તેની માતા તથા પત્નિ સાથે સાંજે ચાર વાગે ઘેર લાવવામાં આવ્યો. આ રીતે એક શ્રીમંતનો દીકરો ઘેર પાછો આવ્યો, પણ કેટલાય શાસનના થઇ બેઠેલા ઇજારદારો અને ધર્મના નામે પારકા છોકરાને જતી કરવાનો ધંધો લઇ બેઠેલા ધર્માંધોને અમે પુછીએ છીએ કે શું જેની લાગવગ નથી તેવા રંડીરાંડોના છોકરાઓને સંતાડવામાંજ તમે બહાદુર હતા કે એતો જ્યારે ઘરપર ધાડ આવે ત્યારેજ બીજાનાં દુઃખો શું હોય છે તે સમજાય. ઓ ધર્માંધો! અને તેને પોસતા શ્રીમંતો! ચેતો નહિ તો આજરીતે કાળ તમને યાદ રાખજો કે જરૂર ઠેકાણે લાવશે.

મહેન્દ્ર પ્રીન્ટીંગ પ્રેસ, માંડવી—મુંબઇ.

આપણી આર્થીક સ્થિતી

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો<br>વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબાઈ જૈન યુવક સંઘનું મુખપત્ર.<br>તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીઆ. | વર્ષ ૨ જું, અંક ૧૬ મો.<br>શનીવાર તા. ૧૧-૨-૧૯૩૩. |


## ખરા લડવૈયાની ખુબીઓ

તેઓ સમાધાન માગતા નથી, પણ ઉન્નત્તિ માગે છે. તેઓ યુદ્ધ માગે છે, નહિ કે કીર્તિ. તેઓ લડે છે, મહેનત કરે છે, સ્હામે થાય છે, વળગી રહે છે, અને જ્યાંસુધી સાધ્ય ન સધાય ત્યાંસુધી તેમાં મંડયા રહે છે; પરંતુ તેઓ નક્કી કરેલા નિયમ પ્રમાણેજ રમે છે. शठं प्रति शाठ्यं कुर्यात्. એ નિયમને તેઓ માનતા નથી. તેઓ અનીતિથી મળતી જીતની ના પાડે છે, તેઓ અન્યાયી વિજય કરતાં ન્યાયી પરાજયને વધારે પસંદ કરે છે. અડચણો તેમના રસ્તામાં ધારેલાં પ્યાદાં છે. તેઓ વિરોધના વિકટ પ્રસંગોની પ્રથમથીજ ગણત્રી કરે છે. તેઓ લાંચ આપતા નથી તેમ સ્વીકારતા પણ નથી. પ્રપંચ કરતાં નથી પણ પ્રમાણીક પણેજ હારવાનું અથવા જીતવાનું પસંદ કરે છે.

સખ્ત પરિસ્થિતિઓથી તેઓ પરિચિત હોય છે અને જેઓ તેમની સ્પર્ધામાં ઉતરે છે તેમનામાં તેટલીજ ધૈર્યની આશા રાખે છે. તેઓ જુઠાણાથી, ધાકધમકીથી ગભરાતા નથી, તેમ છેવટના નિર્ણયમાં સત્યનેજ વળગી રહે છે.

તેઓ પોતાના પ્રમાણીક હથિયારપર કાટના ડાઘ લાગવા નહિ દેવામાં સખ્ત માણસ હોય છે.

તેઓ રસ્તાના બનાવનાર અને દરિયાના ખેડનારા હોય છે, અને તેઓ તેમની પોતાની તૈયાર કરેલી યોજનાઓનેજ અનુસરે છે.

તેઓજ સાચાવીર હોઇ, સાચા સુધારક હોય છે,–સમાજના શુદ્ધ વિર્યરૂપ હોય છે. અંતરાત્માથી તેઓ એટલા બધા બીએ છે કે, લાલચ તેમને લોભાવી શકતી નથી કે ધમકી ડરાવી શકતી નથી.

તેઓજ અંધકાર સામે રોશની ધરીને ઉભા રહે છે તેઓજ લાખો રૂઢીચુસ્તો સામે ટટાર ઉભા રહી ઉન્નત્તિના ચણતર ચણી શકે છે. તેઓજ હિંસામાં ધર્મ માનનારા વેદીઆઓ સામે અહિંસાની જ્યોત પ્રગટાવી શકે છે. તેમણેજ રૂઢી બંધનો અને પોપશાહીઓને તાબે નહિ થતાં હિંમતભર્યો સામનો કર્યો હતો. તેમણેજ ભયંકર રિપુઓની સામે વિજય મેળવાવા ઘોર તપસ્યાઓ આદરી હતી. અને તેમણેજ અનિશ્ચિતતાને તાબે થવા કરતાં પોતાની જીંદગીને હોમી હતી. તેવા મહાપુરૂષોના–વીરોના ધૈર્યની કીર્તિ અવીનાશી છે.

તેઓ કોઇ અમુક જાતીના અથવા અમુક સંપ્રદાયના મનુષ્યો નથી. તેઓ ઉમરાવોમાં તેમજ ખેડુતોના ઘરોમાં પણ જન્મ લે છે. તેમનું મહત્વ જન્મને લીધે અથવા તેમના ધન કે શરીરને લીધે નથી, પરંતુ 'મહત્વાકાંક્ષી'ને લીધે છે. 'ફરજ' એ તેમનું ધર્મકાર્ય છે અને તેની પૂર્ણતા એ તેમની અંતીમ આશા છે.

જ્યાંસુધી કસોટીમાંથી પાર ઉતરે નહિ ત્યાંસુધી તેઓ વિશ્રાંતિ લેતા નથી.

—યુવકરત્ન

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર)



# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૧-૨-૩૩.



## આપણી આર્થિક સ્થિતિ.

૨.

મંદીનું મોજું આખાયે જગત પર ફરી વળેલું હોવાથી બધા રોજગાર ઉપર તેની માઠી અસર થઇ છે, તેમાંય આપણી સમાજ વ્યાપારી કોમ હોવાથી બીજાના મુકાબલે તેના ઉપર વધારે અસર થવાથી તે બેકાર બને એ જણાયાજેમ છે. અને કેળવણીમાં પછાત હોવાથી ન છૂટકે સેટ્ટ વળગે એ પણ સમજી શકાય તેવું છે. એટલે આ સ્થિતિમાંથી સમાજને બચાવવા ઉદ્યોગ મંદિરો, શાળાઓ અને મહાવિદ્યાલયોની પહેલી નંઇ જરૂર છે.

આ વસ્તુને પહોંચી વળવા ખરેખરી તંઇ પૈસાની ને મકાનની દરેકને જરૂર લાગશે. દરેક જાણે છે કે આપણા લાખો ને કરોડો રૂપીઆ બેંકોમાં અને વ્યાજેમાં ફરે છે, પણ તેનો ઉપયોગ સમાજની અવસ્થાને સુધારવા માટે કરતાં તમો પાપ જુવો છો ! સમાજની આર્થિક સ્થિતિ બગડતી હોય, સાધનોના અભાવે અજ્ઞાનતા ભોગવાતી હોય ત્યારે આપણા પૈસે બીજા તાગડધીના કરે, સટ્ટો ખેલે, મઝે ને ધંધા કરે તે તમને ખબર છે, પણ તમારીજ જાતિ ભાઇની સ્થિતિ તમારા આ પૈસે ઉન્નત બનાવવામાં તમો પાપ જુવો છો, તેમાં તમોને ધર્મનું ઘોર ખંડન થઇ જતું હોય તેવું લાગે છે અને તે તમને ખમાતું નથી ! કાપણીમાં લેતાં કે બીજાને ત્યાં વ્યાજે મુકતાં દેવદ્રવ્યનો ખ્યાલ આપણને નથી થતો, તેમાં આપણે પાપ નથી સમજતાં. પણ જો તે મુડી, સમાજના હિતાર્થે ઉદ્યોગ મંદિર, કેળવણીમંદિર કે સહકારી બેન્ક ખોલવામાં આવે તો જાણે દેવદ્રવ્ય ઉચાપત કરવાનું મોટું પાપ ન કરતા હોઇએ ! દહેરાં અને ઉપાશ્રયની નકામી પડી રહેલી મુડીને સમાજની દુર્દશા સુધારવાને વ્યાજે રોકવાનું કોઇ કહેશે તો સમાજનો દરેકે દરેક વર્ગ-પછી ભલે તે શ્રાવક હોય કે શ્રાવિકા, સાધુ હોય કે સાધ્વી,-બોલી ઉઠશે કે દેવદ્રવ્ય ઉપાડવા કરવાનું મહા મોટું પાપ કરો છો. બીજાઓ ભલે આપણે પૈસે લહેર કરે, પણ સમાજના બંધુની સ્થિતિ સુધારવાનું કામ કરે તો તે સહેવી શકાતું નથી. કારણ કે સમાજના બંધુઓનું હિત આપણે મન ખોટું છે. અહિં કહેવું કે ઉપાશ્રયોના પૈસા ખાઇ જવાની વાતજ નથી. પણ કહેવાની મતલબ એજ છે કે, બીજાને ત્યાં એ પૈસા વ્યાજે મુકાય, કાપણીમાં લેવાય, તો પછી સમાજને માટે ઉદ્યોગ મંદિરો અને શાળાઓ ખોલવામાં તમો શું પાપ જુવો છો તે સમજાતું નથી. દહેરાંઓની મુડી આ રીતે વ્યાજે ધીરાય તો કાંઇ ઘટવાની નથી પણ વધવાનીજ છે. ઉદ્યોગ મંદિરો ખોલવાથી સમાજની બેકારી દૂર થશે, શાળાઓથી સમાજ કેળવાયલી બનશે, અને આબાદી વધશે. તમે જેમ બીજે વ્યાજ ઉત્પન્ન કરવાને મુડી રોકો છો તેમ આ ક્ષેત્રમાં મુડી રોકો. ભલે જરાક વ્યાજ ઓછું આવે તેની પરવા ન કરો. સમાજ ઉન્નત બનશે તો દહેરાં અને ઉપાશ્રયો પોષાશે. નહિ તો જેવી સમાજની સ્થિતિ તેવી ધાર્મિક સંસ્થાઓની સ્થિતિ થતાં વાર લાગશે ?

મહાવિદ્યાલયો, શાળાઓ અને ઉદ્યોગ મંદિરો ખોલવાને નથી આપણે મકાનોની જરૂર. જૈનો પાસે ગામે ગામે ઉપાશ્રયો અને ધર્મશાળાઓના પુષ્કળ મકાનો છે. આ ઉપાશ્રયો અને વધારા પડતી ધર્મશાળાઓ વગેરેની જગ્યાઓનો, ઉદ્યોગ મંદિરો અને કેળવણીની સંસ્થાઓ ખોલવામાં ઉપયોગ કરી શકાય તેમ છે. તમે કહેશો કે ઉપાશ્રયો સાધુઓ માટે છે અને ધર્મશાળાઓ યાત્રાળુઓ માટે છે. પણ કહેવાની જરૂર છે કે તમારા કેટલાએ ઉપાશ્રયો લગભગ બારે માસ બંધ જેવાજ રહે છે. કેટલાક તો મહેલાતો જેવડા હોય છે. બે કે ચાર સાધુઓ આવતા હોય તો હવેલી જેવડા ઉપાશ્રયોને તેમને કરવાં છે શું ? અમુક સાધુઓને રહેવા પુરતી જગ્યા બાદ કરી, ઉપાશ્રયોને શાળાઓ અને ઉદ્યોગ મંદિરના રૂપમાં ફેરવી શકો છો, અને તે જરાકે અશક્ય નથી.-કોઇ પણ વર્ગને હાની કરતાં નથી. ધર્મશાળાઓ પણ કેટલીક એવી છે કે જ્યાં આવતાં યાત્રાળુઓ કરતાં જગ્યા વધારે હોય છે. આવી જગ્યાને ઉપયોગમાં લઇ શકાય છે. આથી સમાજની ઉન્નતિ માટે શ્રીમંતો પર આધાર રાખીને બેસી રહેવું નહિ પડે, તેઓજ તમારૂં ઘણંદર મટાડી દેશે તેવી આશા રાખતા હો તો જરાકે ન રાખતા. તેમને તમારી એટલી પડી નથી પડી. એટલે સમાજના સંચાલકો ધારે અને મહેનત કરે તો સમાજની સંસ્થાઓદ્વારા ઉન્નતિ સાધી શકે તેમ છે.

સમાજનાં બંધુઓ વિચારે કે ધાર્મિક ક્રિયા કરવા માટે ઉપાશ્રયો, વાડીયો તેમજ જીનાલયોનો તોટો નથી તેમની સંખ્યા લગભગ અડધા લાખ ઉપર થવા જાય. છતાં ઘણુંએ નવા જીનાલયો અને ઉપાશ્રયો પ્રતિવર્ષે બંધાય છે. જ્યારે સમાજની આર્થિક સ્થિતિ જોખમાઇ રહી હોય જ્યારે એનું મુખ્ય અંગ સડી રહ્યું હોય-ત્યારે, દહેરાં અને ઉપાશ્રયો નવા બાંધી વધારો કરવો એ સમાજ ઉપર નથી બોજો છે. એટલે નવા બંધાવનારા બીનજરૂરી પૈસા ખરચે છે એમ કહેવામાં શું ખોટું છે ?

સમાજનું દુઃખ જો દેખે હોય તો સમાજની અધોગતિનો વિચાર કરો. ઘેર ઘેર જઇ દરેકની સ્થિતિ તપાસો. ત્યાં તમે શું જોશો ? "રોજના રોટલાની રોજ ઉઠીને કડાકુટ !" આમ એક બાજુ જ્યારે રોટલાની પડી હોય ત્યારે 'ધરમ' 'ધરમ'ની વાતો કરવી અને ધર્મને નામે અધર્મ સેવવો તે ખરેખર નિંદનીય છે. આજે આપણે ધર્મને એટલે ક્રિયાને નામે અધર્મ સેવી રહ્યા છીએ. આજનો 'કાળધર્મ' એજ સમજાવી રહ્યો છે કે સમાજ અને દેશનું હિત કરવું તેજ આજે ખરૂં કર્તવ્ય છે-ખરો ધર્મ છે. અરે ! તેમાંજ સાચી અહિંસા છે અને તેમાંજ લોકકલ્યાણની ચાવી છે.

હાલના જમાનામાં નવા ઉપાશ્રયો, નવા જીનાલયો, ઉજમણાંઓ, વરઘોડાઓ અને ગુરૂ મંદિરો સમાજને લાભદાયક

નથી. જુના મંદિરોને નભાવી રાખીએ એજ વધારે ઉત્તમ છે. આજે તો કાળધર્મ ઓળખવો રહ્યો, સાધુઓએ સમાજની ઉન્નતિ અર્થે પોતાની શક્તિનો વ્યય કરવો રહ્યો. જો સાધુઓ એમ કહેતાં હોય કે, "અમને તમારી પરવા નથી, અમે તમારૂં હિત ન વાંછીએ." તો કહેવું પડે છે કે તેઓ સાધુઓ નથી પણ પેટભરા છે. તેવા પેટભરાને નીભાવવા તે પાપ છે. સમાજને આવા પેટભરા પાયમાલ કરવામાં મુખ્ય ભાગ ભજવે છે. આજનો સમજુ જુવાનવર્ગ એવા પાખંડીઓને નજ નભાવી શકે.

આજકાલની વાડ વાડમાં સમાજના પૈસાનો મોટો દુરૂપયોગ થાય છે. ઉજમણાં, વરઘોડા, સ્વામિવાત્સલ, સંઘ વગેરેના સાચા મહત્વો ભુલાઇ ગયાં છે અને લીસોટા રહી ગયા છે. અત્યારનો જમાનો ઉજમણાં, વરઘોડા વગેરે નથી માગતો. તે આ બધા તરફ થતો વ્યય સમાજની આર્થિક ઉન્નતિ તરફ માગે છે. પ્રભુ પ્રત્યે માણસ પોતાની ભક્તિ સારી રીતે મનથી કરી શકે છે; તેમાં કંઇ પૈસાની જરૂર નથી પડતી. બાહ્ય આડંબર નકામો છે. આપણે બાહ્યાડંબરમાં લાખ્ખો રૂપીઆનો વ્યય કરી તેમાં ધર્મ માની રહ્યા છીએ અને ખરો ધર્મ શું છે તેનો વિચાર કરતાં નથી. મરતાને બચાવવા જેવો બીજો ઉત્તમ ધર્મ કયો છે? પ્રભુ મહાવીરનો સિદ્ધાંત અહિંસાનો છે, આપણે આપણી જાતને અહિંસાના પુજારીઓ તરીકે ઓળખાવીએ છીએ, કીડી, મંકોડીને બચાવીએ છીએ, પશુઓ તરફ કરૂણા આણીએ છીએ; પણ મનુષ્ય કે આપણાજ બંધુઓ માટે આપણા દીલમાં દયા ક્યાં છે? નથીજ. ભીખારીઓના લધિયાર જેવી એક બીજાની સામે નજીવા પ્રશ્નો માટે સામનો કરી વૈર વાળવાની મનોવૃત્તિ આપણામાં દાખલ થઇ છે: પછી ભલેને આપણે મોટા હોઇએ કે નાના, શ્રાવક હોઇએ કે શ્રાવીકા, સાધુ હોઇએ કે સાધ્વી! આજે આપણે અંદર અંદર લડી રહ્યા છીએ અને સમાજમાં સંગઠન કરવાને બદલે સમાજને છીન્ન ભીન્ન કરી રહ્યા છીએ, એટલે ચગદાયેલી સમાજને વધારે ચગદી રહ્યા છીએ. ખેદની વાત તો એ છે કે, પીડાતી, દુઃખી, બેકાર સમાજને ઉદ્ધારવાની નથી આપણામાં કે નથી આપણા સાધુઓમાં તાલાવેલી. સમાજની જેટલી અધોગતી સામાજીક અને રાજકીય સત્તાઓએ કરી છે, તેટલીજ અધોગતી સાધુઓએ કરવામાં બાકી નથી રાખી.

# પ્રાસંગિક નોંધ.

## હવે તો સમજો-

'સંસાર અસાર છે, તેમાં રહેવાથી અધોગતિ છે; ઉન્નતિ તો સાધુતામાંજ છે.' આવી વાતો કરનારા ગુરૂઓના ભક્તો પણ ગુરૂની વાણી પાછળ પાગલ બની એજ વાતો કર્યા કરે છે, એટલુંજ નહિ પણ સાગરાનંદ જેવા શિષ્ય-લોભીયા કોઇને નસાડે, ભગાડે કે કાચની પરણેતરને મુકીને કોઇ આવે તો બે પૈસા ખરચીને પણ રાચનારાઓને જ્યારે પુછવામાં આવે છે કે, તમે કેમ પડયા રહ્યા છો? ત્યારે 'ઉદય નથી આવ્યાની' દંભીક વાતો કરે છે; પણ જ્યારે તે દંભીયાના ઘર ઉપર ધાડ દોડે છે ત્યારે તેમના દંભ ખુલી જાય છે અને કહેવું પડે છે કે, આ તો પારકા છોકરાનેજ જતી કરનારા છે. બાકી પોતાને ઘેર આવે ત્યારે એ ત્યાગ ને વૈરાગ્યની ડાહી વાતો સમી જાય છે ને તેથી ઉલ્ટું સ્વરૂપ પ્રગટે છે.

ગયા અઠવાડીઆમાંજ અત્રે એક શાસનપ્રેમીને ત્યાં નામચીન સાગરજીએ ખાની ધાડ પાડી એક પંખેરૂને સપડાવી, કળી સરખી એક વરસની પરણેતરના સંસારને ધુડધાણી કરી નાંખવાનો કરેલો કીસ્સો નીચે મુજબ છે-

મુંબઇમાં સાગરાનંદના ચુસ્ત હિમાયતી અને પરમ ભક્ત, અરે! તેમના બોલે ખડે પગે ઉભા રહેનાર, આપમેળે બની બેઠેલા શાસનરસીક સંઘના અગ્રગણ્ય જીવણચંદ નવલચંદ ઝવેરી, જેઓ સુરતની વીશા ઓસવાળ જ્ઞાતિના છે, તેમના દીકરા ભાઇ જેચંદને જેઓનું વર્ષ પર લગ્ન થયું છે તેમને સાગરાનંદજીએ સાગ્રીતો મારફતે મહા સુદ ૯ ના દિવસે નસાડી પરામાં સંતાડેલા અને બીજેજ દિવસે કોઇપણ જાતની ધામધુમ સિવાય ચુપચુપ માથુ મુંડાવી શિષ્યમાં વધારો કરી દીધો. આતો સાગરજીએ ભક્તોનાજ ઘર ભાંગવા માંડયા એ કેમ પાલવે! તરતજ શાસનરસીક સંઘના સભ્યો-જેચંદના સગાસ્નેહીઓની દોડાદોડી શરૂ થઇ અને સુદ ૧૧ ના ચાર વાગે સાધુનો વેશ ઉતરાવી ઘેર લાવ્યા-એટલે પંદર વર્ષની બાળાના જીવતરને ધુળમાં રોળાતું બચાવી લેવાની હિંમત બતાવી પ્રશંસનીય પગલું ભર્યું.

સાધુઓની આવી ધાડપાડુ વૃત્તિને પોષી, ધર્મના નામે પારકા છોકરાને જતી કરવાનો ધંધો લઇ બેઠેલા ધર્માંધોને અમે પુછીએ છીએ કે, જ્યારે દરેક પત્નિને પોતાનો પતિ પ્રાણથી વ્હાલો છે, દરેક માતાને પોતાનો પુત્ર પ્રાણથી વ્હાલો છે, તેમાં ગરીબ તવંગરનાં ભેદ નથી, ત્યારે શું ગરીબો અને જેનો વગવસીલો નથી તેવાઓના બાળકોને મુંડી નાંખવામાં તમે ધર્મ સમજો છો? આ તમારી મનોદશાનો કંઇ વિચાર કરશો કે સમજો! જેના માટે તમારા ગુરૂઓની બાજુ લઇ લડી રહ્યા છો, તેજ તમારા ગુરૂઓના પંજા તમારા ઘર પર જ્યારે પડે છે ત્યારે તમને પારકાના દુઃખનું જરૂર ભાન થતું હશે!

સાગરાનંદ જેવા ધાડપાડુઓની ભુંડી વૃત્તિને પોષવી કે કેશ પણ મદદ કરવી એ સમાજ દ્રોહ છે. એટલે ચેતો અને જે દુઃખ તમને થાય છે તેવુંજ દરેકને થાય છે એમ સાચો ખ્યાલ કરો!

## ખોટી ભભકી.

જેઓ પડદા પાછળ ઉભા રહી ગોઠવેલા મહોરા મારફત કે રોકેલા ભાડુતો મારફત મનમાનતા ઠરાવો કરાવી જાહેર પેપરોમાં મોકલવામાં પાવરધા છે, તેઓઓની ગોઠવણ અનુસાર કહેવાતા ગુલાલ વાડીના સંઘના નામનો વડોદરા સરકારને અલ્ટીમેટમની ધમકી આપતો એક ઠરાવ પેપરોમાં બહાર આવ્યો છે. એ કોઇના ભેજામાંથી ઉઠેલો ગપગોળો લાગે છે કારણ કે મુંબઇ શહેરમાં "ગુલાલવાડી જૈન સંઘ" જેવી કોઇ સંસ્થા હસ્તીજ ધરાવતી નથી. પછી તેના મંત્રી કે પ્રમુખ હોયજ શાના? જ્યાં જનતાને ખોટે રસ્તે દોરવા એક જાતનું જુઠાણું ફેલાવવામાં આવ્યું છે. મુંબઇ જેવા જૈન શહેરમાં કોઇ પણ સંઘની જાહેર સભા મળે તો તેના હેન્ડબીલો બહાર પડે છે, દહેરાસરે સરક્યુલરો લાગે છે. અને પદ્ધતિસર કામકાજ થાય છે, એ સૌ જાણે છે. પરંતુ જ્યારે ગુલાલવાડીના જૈન સંઘના નામનો ઠરાવ બહાર આવે છે ત્યારે તો એ ઠરાવ મોકલનારની અક્કલ માટે હસવુંજ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

## સામાન્ય સભા.

તા૦ ૮-૨-૧૯૩૩ ને બુધવારના રોજ વાર્ષિક સામાન્ય સભાની મુલતવી રહેલી એક મીટીંગ સંઘની ઓફીસમાં, વીરજીભાઈ લાધાભાઈ શાહના પ્રમુખપણા નીચે રાત્રીના આઠ (સ્ટા. ટા.) વાગે મળી હતી. તેમાં સર્વાનુમતે નીચે મુજબ કામકાજ શરૂ થયું હતું.

ગઇ મીટીંગની મીનીટ વંચાયા બાદ, પ્રમુખશ્રીની સહી થયા પછી સર્વાનુમતે નીચે મુજબ ઠરાવ થયા હતા.

૧. સંવત્ ૧૯૮૮ ના કારતક સુદ ૧ થી આસો વદ ૦)) સુધીનો ઓડીટ થએલો હીસાબ, સરવૈયું અને રીપોર્ટ, ભાઇ કેશવલાલ મંગળદાસની દરખાસ્તથી અને ગોકળદાસ મગનલાલના ટેકાથી સર્વાનુમતે પાસ કરવામાં આવ્યો હતો.

૨. સંવત્ ૧૯૮૮ ની સાલની કાર્યવાહક સમિતિએ કરેલ ઠરાવ મુજબ ઉમેદવારોના જે પત્રો આવેલા તેના ઉપર વાટાઘાટ થયા બાદ ભાઇ મનસુખલાલ હીરાલાલ લાલનની દરખાસ્તથી અને ભાઇ મોહનલાલ પાનાચંદના ટેકાથી ઠરાવ થયો કે આવેલા ઉમેદવાર પત્રો પાસ કરવા અને બાકીનાં ખૂટતા સભ્યો આજની સભાએ ચૂંટી લેવા.

ઉપરના ઠરાવ અનુસાર નીચે મુજબ ૨૦ ભાઇઓની ચૂંટણી કરવામાં આવી.

૧ મણીલાલ એમ. શાહ.
૨ વલ્લભદાસ ફુલચંદ મહેતા.
૩ અમીચંદ ખેમચંદ શાહ.
૪ મનસુખલાલ હીરાલાલ લાલન.
૫ રતિલાલ એલ. શાહ.
૬ માણેકલાલ એમ. ભટેવરા.
૭ મોહનલાલ પાનાચંદ શાહ.
૮ તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી.
૯ પુનમચંદ મોતીલાલ શાહ.
૧૦ ગોકળદાસ મગનલાલ શાહ.
૧૧ રતિલાલ સી. કોઠારી.
૧૨ ચીમનલાલ એમ. પરીખ.
૧૩ મોહનલાલ દીપચંદ ચોકસી.
૧૪ જમનાદાસ અમરચંદ ગાંધી.
૧૫ વીરજીભાઇ લાધાભાઇ શાહ.
૧૬ પરમાણંદ કુંવરજી કાપડીઆ.
૧૭ કેશવલાલ મંગળચંદ શાહ.
૧૮ ચન્દ્રકાન્ત વી. સુતરીઆ.
૧૯ વીરચંદ પાનાચંદ શાહ.
૨૦ વીરજી પાલણ નાગડા.

૩. ભાઈ કેશવલાલ મંગળચંદની દરખાસ્તથી અને માણેકલાલ એ. ભટેવરાના ટેકાથી સેક્રેટરીઓની નીચે મુજબ ચુંટણી કરવામાં આવી.

૧ જમનાદાસ અમરચંદ ગાંધી.
૨ મણીલાલ એમ. શાહ.
૩ અમીચંદ ખેમચંદ શાહ.
૪ રતિલાલ સી. કોઠારી.

૪. ભાઈ વલ્લભદાસ ફુલચંદ મહેતાની દરખાસ્તથી અને રતિલાલ સી. કોઠારીના ટેકાથી ઓડીટરોની નીચે મુજબ ચૂંટણી કરવામાં આવી.

૧ છગનલાલ નાનચંદ શાહ.
૨ કાન્તિલાલ ઇશ્વરલાલ મોરખીઆ.

૫. બંધારણમાં ફેરફાર કરવા અંગે ભાઇ મનસુખલાલ હીરાલાલ લાલનનો કાગળ રજુ કરવામાં આવ્યો અને ઠરાવ થયો કે બંધારણની કલમ અનુસાર આ સભામાં તે ઉપર નિર્ણય કરી શકાય નહિ. તેથી તેને હવેથી પહેલી મળનાર કાર્યવાહક કમિટિમાં રજુ કરવો એમ ઠર્યું.

૬. ગતવર્ષની કાર્યવાહક કમિટિ અને ઓડીટરોનો તેમણે કરેલ કામકાજ માટે આભાર માનવામાં આવ્યો. બાદ પ્રમુખશ્રીનો ઉપકાર માની મોડેથી સભા વિસર્જન થઈ હતી.

---

આવે છે, કારણ કે તે પડદા ખોલીને એટલી પણ સુઝ ન પડી કે આવો ગપગોળો ઉડાડેલો એ આ વીસમી સદીમાં કેટલીવાર ટકશે. પણ એ તો 'ભણ્યો પોપટ શીરામ' જેવી સ્થિતિમાં હશે. એટલે ટેવી સ્વભાવ પ્રમાણે ના. ગાયકવાડ સરકારને ધમકી આપવાનો નુસખો અજમાવી જોયો, આવી ખોટી ભાઈ-ડીઓની મતિ વિધાતાને નજર સુઝે!

**સંગઠન કરો**

યુવાનો! અત્યારે સમાજની જે સ્થિતિ ઉત્પન્ન થઇ છે તે તમારા ખ્યાલમાં આવે છે? તેનો તમે વિચાર કર્યો છે? ન કર્યો હોય તો સાંભળો! આજે સમાજની આર્થિક સ્થિતિ દિવસે દિવસે બગડતી જાય છે, રૂઢીના બંધનો અવનતિની ઉંડી ખાઇમાં સમાજને ધકેલી રહ્યા છે; દીક્ષાના હિમાયતીઓ જે આવે તેને સંતાડીને, નસાડીને મુંડી નાંખવાને તાંડવ નૃત્ય કરી રહ્યા છે; સમાજના હજારો ને લાખો રૂપીઆ વેડફાઇ રહ્યા છે. ભાઇ-ભાઇ, પતિ-પત્નિ, અને બાપ-બેટા વચ્ચે ધર્મના કહેવાતા પ્રેમીઓએ કલહ જગાવ્યો છે; એટલે સમાજનું સુકાન ભરદરિયામાં ઝોકાં ખાઇ રહ્યું છે. ત્યારે તે સુકાન હાથમાં લઇ સમાજ ઉન્નતિની ઇચ્છા થાય છે? આજે દરેક સમાજ આ વીસમી સદીનું નવચેતન રેડતો સાહુકાર પ્રાપ્ત કરીને ગમે તે રીતે આગળ વધવાનો પ્રયત્ન કરી રહ્યા છે. અત્યારે આપણે જે સ્થિતિમાં છીએ તે સ્થિતિમાંથી બહાર આવવા એકત્ર થવાની જરૂર છે. એકત્ર થયા વિના અનેક સળગતા પ્રશ્નોના તોડ નહિ લાવી શકાય. આથી જ્યાં અનુકૂળતા હોય ત્યાંના યુવાનોએ, શ્વેતાંબર મૂર્તિપૂજક યુવાનોને એકત્ર કરી સુકાનને પ્રગતિના પથે લઇ જવાની જરૂર છે.

આ જમાનો વાતોનો કે ખુણે ભરાઈ બેસી રહેવાનો નથી પરંતુ સંગઠનનો છે, વ્યવસ્થાનો છે, કર્તવ્ય બજાવવાનો છે, સડાઓ નાબુદ કરવાનો છે; તેવા જમાનામાં જેને નવસૃષ્ટિનો સરજનહાર કહેવામાં આવે છે તે યુવાન કે યુવતિ હાથ જોડીને નહિ બેસી રહેતાં સંગઠન કરવાના કાર્યમાં જરૂર લાગી જશે. યાદ રાખજો કે, જ્યાં સુધી યુવાનોનું સંગઠન નહિ થાય ત્યાં સુધી કશું થઇ શકવાનું નથી.

# આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા.

[ લેખક: પં. સુખલાલજી. ]

બહુ જૂના વખતમાં જ્યારે આર્ય ઋષિઓએ પુનર્જન્મની શોધ કરી ત્યારે પુનર્જન્મના વિચાર સાથેજ તેમને કર્મના નિયમો અને આ લોક તેમજ પરલોકની કલ્પના પણ આવી. કર્મતત્ત્વ, ઇહલોક, અને પરલોક એટલું તો પુનર્જન્મ સાથે સંકળાએલું હોયજ. આ વસ્તુ એકદમ સીધે સીધે અને સૌને સહેલાઇથી ગળે ઉતરે તેવી તો નથીજ એટલે હમેશા એને વિષે ઓછોવત્તો મતભેદ રહે છે. તે જૂના જમાનામાં પણ એક નાનો કે મોટો એવો વર્ગ હતો કે જે પુનર્જન્મ અને કર્મચક્ર વગેરે માનવા તદ્દન તૈયાર ન હતો. અને પુનર્જન્મવાદીઓ સાથે વખતે ચર્ચા પણ કરતો. તે વખતે પુનર્જન્મશોધક અને પુનર્જન્મવાદી ઋષિઓએ પોતાના મંતવ્યને ન માનનાર પુનર્જન્મવિરોધી સામા પક્ષને નાસ્તિક કહી ઓળખાવ્યો, અને પોતાના પક્ષને આસ્તિક તરીકે જણાવ્યો. આ શાન્ત અને વિદ્વાન ઋષિઓએ જ્યારે પોતાના પક્ષને આસ્તિક કહ્યો ત્યારે એનો અર્થ એટલોજ હતો કે અમે પુનર્જન્મ કર્મતત્ત્વ માનનાર પક્ષના છીએ અને તેથીજ જે પક્ષ એ તત્ત્વ નથી માનતો તેને માત્ર અમારા પક્ષથી ભિન્ન પક્ષ તરીકે ઓળખાવવા 'ન' શબ્દ ઉમેરી નાસ્તિક કહીએ છીએ. એ સમભાવી ઋષિઓ તે વખતે આસ્તિક અને નાસ્તિક એ બે શબ્દ માત્ર અમુક પ્રકારના બે ભિન્ન પક્ષને સૂચવવા માટેજ વાપરતા. તે સિવાય એથી વધારે એ શબ્દના વાપરની પાછળ કાંઇ અર્થ ન હતો. આ શબ્દો ખૂબ ગમ્યા અને સૌને અનુકૂળ થઇ પડયા. વખત જતાં વળી ઇશ્વરની માન્યતાનો પ્રશ્ન આવ્યો. ઇશ્વર છે અને તે જગતનો કર્તા છે એમ માનનાર એક પક્ષ હતો. બીજો પક્ષ કહેતો કે સ્વતંત્ર અલગ ઇશ્વર જેવું તત્ત્વ નથી અને હોય તોપણ તેને જગતના સર્જન સાથે કંઇ સંબંધ નથી. આ બે ભિન્ન પક્ષો અને તેની અનેક શાખાઓ અસ્તિત્વમાં આવી ત્યારે પેલા આસ્તિક અને નાસ્તિક શબ્દ જે એક વખતે માત્ર પુનર્જન્મવાદી અને પુનર્જન્મવિરોધી પક્ષ પૂરતાજ હતા તે બન્ને શબ્દો ઇશ્વરવાદી અને ઇશ્વર-વિરોધી એ બે પક્ષ માટે પણ વપરાવા લાગ્યા. આ રીતે આસ્તિક અને નાસ્તિક શબ્દના અર્થનું ક્ષેત્ર પુનર્જન્મના અસ્તિત્વ નાસ્તિત્વથી વધારે વિસ્તૃત ઇશ્વરના અસ્તિત્વ નાસ્તિત્વ સુધી ગયું. હવે પુનર્જન્મ માનનાર વર્ગમાં પણ ઇશ્વરને માનનાર અને ન માનનાર બે પક્ષો પડી ગયા હતા એટલે પોતાને આસ્તિક તરીકે ઓળખાવનાર આચાર્યોની સામે પણ પોતાની પરંપરામાં બે ભિન્ન 'પાર્ટી'ઓ હતી અને તે વખતે પણ તેઓને ઇશ્વર ન માનનાર પક્ષ જો કે તે પક્ષ પુનર્જન્મવાદી હોઇ પોતાની આસ્તિક શ્રેણીનો હતો છતાં તેને નાસ્તિક કહેવાની એટલે કે તેને નાસ્તિક તરીકે ઓળખાવવાની ફરજ પડી. પરંતુ હજી સુધી એ શબ્દોની પાછળ અમુક માનવું અને અમુક ન માનવું એટલા ભાવ સિવાય બીજો વધારો ખાસ ભાવ ન હતો. તેથી આ હિસાબે પુનર્જન્મવાદી આર્ય પુરૂષોએ પોતાનાજ પક્ષના પણ ઇશ્વરને ન માનનાર પોતાના ભાઇઓને ફક્ત પોતાનાથી અમુક માન્યતામાં જુદા પડે છે એટલુંજ જણાવવા નાસ્તિક કહ્યા. તે રીતે સાંખ્ય, મીમાંસક, જૈન, અને બૌદ્ધ એ બધા પુનર્જન્મવાદીઓ પણ એક રીતે આસ્તિક છતાં બીજી રીતે નાસ્તિક કહેવાય.

વળી એક બીજો પ્રશ્ન ઉભો થયો હતો અને તે શાસ્ત્રના પ્રામાણ્યનો. વેદશાસ્ત્રની પ્રતિષ્ઠા રૂઢ થઇ ગઇ હતી. પુનર્જન્મ માનનાર અને ઇશ્વરતત્ત્વને પણ માનનાર એક એવો મોટો પક્ષ હતો કે જે વેદનું પ્રામાણ્ય પૂરેપૂરું સ્વીકારતો. તેની સાથેજ એક એવો પણ મોટો અને પ્રાચીન પક્ષ હતો કે જે પુનર્જન્મમાં માનતો, વેદનું પ્રામાણ્ય સંપૂર્ણતયા સ્વીકારતો છતાં ઇશ્વરતત્ત્વમાં ન માનતો. હવે અહીં આસ્તિક નાસ્તિક શબ્દનો ભારે ગોટાળો થયો. ઇશ્વરને ન માનવાથી જો નાસ્તિક કહેવામાં આવે તો પુનર્જન્મ અને વેદનું પ્રામાણ્ય સ્વીકારનાર પોતાના સગા ભાઇ મીમાંસકને પણ નાસ્તિક કહેવા પડે એટલે મનુ મહારાજે આ મુંઝવણમાંથી મુક્તિ મેળવવા નાસ્તિક શબ્દની ટૂંકી વ્યાખ્યા કરી દીધી અને તે એ કે વેદનિંદક હોય તે નાસ્તિક, આ હિસાબે સાંખ્ય લોકો જો નિરીશ્વરવાદી હોઇ એકવાર નાસ્તિક ગણાતા તે પણ વેદનું અમુક અંશે પ્રામાણ્ય સ્વીકારતા હોવાથી ધીરેધીરે નાસ્તિક કહેવાતા મટી આસ્તિક ગણાવા લાગ્યા, અને જૈન, બૌદ્ધ જેવા જે વેદનું પ્રામાણ્ય તદ્દનજ ન સ્વીકારતા તેઓ નાસ્તિક પક્ષમાં રહ્યા. અહીં સુધી તો આસ્તિક નાસ્તિક શબ્દના પ્રયોગ વિષે થયું.

હવે બીજી બાજુએ, જેમ પુનર્જન્મવાદી અને વેદવાદી લોકો પોતાથી વિભિન્ન એવા પક્ષને માટે ઓળખાણ ખાતર નાસ્તિક શબ્દ વાપરતા અને વ્યવહારમાં કોઇક શબ્દ વાપરવાની જરૂર તો પડેજ, તેમ પેલા વિભિન્ન પક્ષવાળાઓ પણ પોતાના પક્ષને અને સામા પક્ષને ઓળખાવવા અમુક શબ્દો વાપરતા. તે શબ્દો બીજા કોઇ નહિ પણ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ. પુનર્જન્મને માનવા છતાં પણ કેટલાક વિચારકો પોતાના ઉંડા વિચાર અને મનનને પરિણામે એમ જોઇ શક્યા હતા કે સ્વતંત્ર ઇશ્વર જેવી વસ્તુ નથી; અને તેથી તેઓએ ભારેમાં ભારે વિરોધ અને જોખમ વહોરીને પણ પોતાનો વિચાર લોક સમક્ષ મૂક્યો હતો. એ વિચાર મૂકવા જતાં છેવટે વેદોનું પ્રામાણ્ય સ્વીકારવાની ના પાડી હતી. એ લોકો એમ ધારતા અને સાચેજ પ્રામાણિકપણે ધારતા કે તેઓની દૃષ્ટિ એટલે માન્યતા સમ્યક્ એટલે સાચી છે, અને સામા વેદવાળા પક્ષની માન્યતા મિથ્યા એટલે ભ્રાન્ત છે. તેથી માત્ર સમભાવે તેમણે પોતાના પક્ષને સમ્યગ્દૃષ્ટિ અને સામાને મિથ્યાદૃષ્ટિ તરીકે ઓળખાવ્યો. આ રીતે જેમ સંસ્કૃતજ્ઞ વિદ્વાનોએ પોતાના પક્ષ માટે આસ્તિક અને પોતાથી ભિન્ન પક્ષ માટે નાસ્તિક એ શબ્દો વ્યવહાર ખાતર યોજ્યા હતા તેમ પ્રાકૃતજ્ઞ જૈન અને બૌદ્ધ તપસ્વીઓએ પણ પોતાના પક્ષ માટે સમ્યગ્દૃષ્ટિ (સમ્માદિટ્ઠિ) અને પોતાથી ભિન્ન પક્ષ માટે મિથ્યાદૃષ્ટિ (મિચ્છદિટ્ઠિ) શબ્દ યોજ્યા. પણ એટલાથી કાંઇ અંત આવે તેમ થોડું હતું? મત અને મતભેદનું વહેણ તો જમાના સાથેજ ફેલાતું જાય છે એટલે જૈન અને બૌદ્ધ બન્ને વેદવિરોધી હોવા છતાં તે બન્ને વચ્ચે પણ પ્રબળ મતભેદ હતો.

# ચોવીસ કલાકની દીક્ષાની કરૂણ કથા.

ગમે તેટલી મહેનત કરો, ગમે તો ભોંયમાં ઘાલો, પણ એ પુંછડી તો વાંકીજ રહે. તેમ સાગરાનંદજીને ચેલકાઓની જે ઘેલછાનો રોગ લાગ્યો છે, તેના ગમે તેટલા ઉપચારો કરો જ્યાં તે રોગ તો સુધરવાને બદલે દિવસે દિવસે ભયંકર રૂપ લેતો જાય છે. એટલે જેવી રીતે પોતાની પ્રજાના રક્ષણાર્થે ના. ગાયકવાડ સરકાર 'દીક્ષા પ્રતિબંધ નિયમ' નો ખરડો બહાર મૂક્યો છે, તેવી રીતે જ્યારે દરેક રાજ્યો કરશે ત્યારે આ અયોગ્ય દીક્ષાનો વધતો રોગ અટકશે.

સાગરજીએ પોતાની શિષ્ય-કેમ્પમાં એવાં પણ નંગો એકઠાં કર્યાં છે કે જેઓ સગીરો તેમજ નવયુવતિઓને નસાડવાના, સંતાડવાના અને જંગલોમાં મુંડીનાંખવાના કારસ્તાનોમાં પાવરધા છે. બીજું બધું પછી-પહેલા ગુરૂની લાલસા પુરી કરવી એજ એમનું કામ, એજ એમનો ધર્મ, એથી તો આ મંડળી ઘણુ ભાગે શિષ્યોની શોધમાંજ ઘુમતી રહે છે. ઘાટકોપરના ઉપધાનમાં બેઠેલ એક મારવાડી છોકરાને ઉપધાનમાંથીજ ઉપાડી કુંડલા આજુ બાજુના જંગલમાં મુંડીનાંખી શાન્તાક્રુઝ પાસમાં ઉપાડી ગયા. પાછી વારસોએ ઘણુંએ કાલાવાલા કર્યા, જ્યાં સાગરજીના અંતરમાં, દયાની ઉણપને લીધે કંઇ જ અસર ન થઈ અને મારવાડીઓમાં બહુ સ્વરૂપ જોયું નહિ એટલે સાગરજીને એ છોકરો આબાદ પચ્યો.

ગયાજ અઠવાડીઆમાં જીવણચંદ નવલચંદ સંઘવી. જેઓ સુરતની વીશા ઓશવાળ જ્ઞાતિના આગેવાન, સાગરજીના પરમ ભક્ત, તેમ કહેવાતા શાસન રસીક સંઘના આગેવાન છે; વળી જેઓ દીક્ષાના સુરત હિમાયતી છે. તેઓનાજ દીકરા જેચંદભાઇ જેઓના થોડાક માસપર લગ્ન થયાં છે તેઓને પિતા અને પત્નિની ગેરહાજરીનો લાભ લઇ મહાસુદ ૯ ના દિવસે એક સુરતી શેઠીઆની મોટરમાં નસાડી પરામાં સંતાડવામાં આવ્યા. બીજીબાજુ ચન્દ્રસાગરની આગેવાની નીચેની ટોળી તો તૈયારજ હતી. એટલે મહા સુદ દશમે વાંદરા અને શાન્તાક્રુઝના વચમાં જેચંદભાઇનું માથું મુંડાવી, શિષ્ય મંડળીમાં એકનો વધારો કરી પાર્લા પહોંચી ગયા.

તેથી જૈનોએ માત્ર પોતાનાજ પક્ષને સમ્યગ્દૃષ્ટિ કહી વેદનું પ્રામાણ્ય ન સ્વીકારવામાં સગા ભાઇ જેવા પોતાના વૈદિક મિત્રને પણ મિથ્યાદૃષ્ટિ કહ્યા. એજ રીતે વૈદિકોએ માત્ર પોતાને સમ્યગ્દૃષ્ટિ અને પોતાના મોટા ભાઇ જેવા જૈન પક્ષને મિથ્યાદૃષ્ટિ કહ્યા. ખરી રીતે જેમ આસ્તિક અને નાસ્તિક તેમ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એ બે શબ્દો પણ ફક્ત અમુક અંશે ભિન્ન માન્યતા ધરાવનાર બે પક્ષો પુરતાજ હતા, જેમાં એક સ્વપક્ષ અને એક પરપક્ષ. દરેક પોતાના પક્ષને આસ્તિક કે સમ્યગ્દૃષ્ટિ કહે અને પરપક્ષને નાસ્તિક કે મિથ્યાદૃષ્ટિ તરીકે મણાવે. અહીં સુધી તો સામાન્ય ભાવ કહેવાય.

(પર્યુષણ વ્યાખ્યાન માળામાંથી)

વાત વાયરે લઇ જાય તેમ સુરતી ભક્તોમાં આ સમાચારથી સનસનાટી ફેલાઇ. સુરત તાર છુટ્યા. જેચંદના પત્નિ, પિતા, સસરા વગેરે આવી પહોંચ્યા. સાગરજી સાથે મંત્રણાઓ ચાલુ થઇ. પણ સાગરજી દાદ આપે ખરા? અને પાછા આતો ભક્ત એટલે સાગરજીએ ઉગ્ર થઇ ભક્તોને પડકાર્યા ત્યાંજ એક ભક્તે સુણાવી, મહારાજ! એ નહિ ચાલે? જેચંદને ઘેર લાવીજ છુટકો! વાતાવરણ વધુ ગરમાં ગરમ થતાં ભક્તો વિખેરાયા અને પાર્લે ચડાઇ લઇ જવાની તૈયારીમાં પડ્યા.

જેચંદના પત્નિની આગેવાની નીચે એક મંડળી પાર્લા ઉપડી અને ચન્દ્રસાગરજીની ટોળી પહેલી ત્યાં પહોંચતાં જ કાલાવાલા અને કરગરવાની પ્રથાને તીલાંજલી આપી બાઇએ જેચંદનો હાથ ઝાલ્યો. એકબાજુ પોતાના પતિને બાઇ ખેંચે અને બીજી બાજુ ચન્દ્રસાગર ખેંચે. આમ જેચંદભાઇની ખેંચમતાણી સાથે બોલાચાલી અને ધોલધપાટની વહેંચણી પણ થઇ. તેમાં ચન્દ્રસાગર અને તેની ટોળીના ભાગે આ લહાણી વિશેષ આવી સંભળાય છે. આખરે પત્નિનાં તેજ આગળ પેલા સાધુઓ ઢીલા પડી ગયા અને જેચંદભાઇને ચોવીસ કલાકમાંજ ગુમાવી બેઠા. બિચારાઓને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય કે આ રીતે ચોવીસ કલાકમાંજ ભક્તો ચડી આવશે અને કર્યું કારવ્યું ધુળમાં મેળવી દેશે!

જેચંદભાઇના બહાદુર પત્નિ, પિતા અને સગા સ્નેહીઓ, જેચંદભાઇને લઇને ઘેર આવ્યા કે જેચંદભાઇની માતાએ દાતણ-પાણી કરી અન્ન લીધું. બીજે દિવસે સવારેજ જેચંદભાઇ અને તેમના પત્નિ હવા ખાવા ડુમસ ઉપડી ગયાં. બીજી બાજુ બે વચન કહેવા માટે પેલા મોટરવાળા શેઠીઆની શોધ ચાલી, નામનો પત્તો લાગ્યો. પરંતુ શેઠીઆ શોક ખાતર-શરમ ખાતર કે ગમે તેમ બે દિવસ માટે ઓઝલ પડદે રહ્યાનું સંભળાય છે.

જેચંદભાઇ સાધુ થયા અને પાછા ઘેર આવ્યા. જ્યાં બીજાઓ ઘેર આવે છે ત્યારે સુરતીલાલાઓમાં જેઓ બહુ ડાહી ડાહી ત્યાગ-વૈરાગ્યની વાતો કરે છે અને કોઇ વાર તો બાંહ્યો ચડાવવા સુધી ઉતાવળા કરે છે તેઓ આ વખતે એકદમ ચૂપચાપ છે, કારણ કે એ તો ઘર ઉપર ઘોડાને!

આ વર્તુણુંકથી સાગરજી બહુજ ખીજાયા અને વ્યાખ્યાન-પીઠ ઉપરથી ખુબ વરાળ કાઢી એટલે બીચારા ભક્તોમાં જેઓ આજ્ઞા રાગી છે તેમણે અને જેચંદને ઘેર લાવવામાં પૂરા સામેલ હતા તેઓઓમાંથી કોઇએ ગુરૂજી પાસે જઇને કહેવાય છે કે માફી માગી મહેરબાની મેળવી.

આ મહેરબાની મેળવવામાં શું સંકેત હશે તે તો બહાર આવે ત્યારે વાત.

## ચોપડીઓ આવી ગઇ છે.

પર્યુષણ વ્યાખ્યાન માળાની ચોપડીઓ છપાઇને આવી ગઇ છે. ગ્રાહકોએ યુવક સંઘની ઓફીસમાંથી લઇ જવા મહેરબાની કરવી.

# ભેદી પત્રો.

સંઘ સમક્ષ પંચ મહાવ્રત ધારણ કરનાર તમામ સાધુઓ ત્યાગી, વૈરાગી અને પંચ મહાવ્રત ધારીજ છે તેવી ભ્રમણામાં ભમતાં માનવો નીચેનાં કાગળો વાંચે અને સમજે કે, તેમાં પણ આચાર્યો, પ્રવર્તકો. ને ઉપાધ્યાયના બિરૂદ ધારીઓમાં સાધુતાનું લીલામ કરનાર કેવાં નંગો પડ્યા છે !

–તંત્રી.

**વેશને લજવતા હાલના આચાર્ય મોહનસૂરિએ દશ વર્ષ પહેલાં સુરતથી તેમની સાધ્વીઓ ઉપર જુનાગઢ લખેલો પત્ર.**

૧૦

ૐ

–પત્ર પહોંચ્યો સમાચાર સર્વે જાણી આનંદ તમો જે અવસરે અહ્ વિશેષ પ્રેમ સાથે રહેવા જણાવતાં હતાં. વારંવાર ભાવના ભાવતા હતાં. જેથી અવસર અત્યારે અનુકૂળ સમજી આ તરફ વિહાર કરવા જણાવ્યું હતું. પરંતુ તેં લખ્યું જે મને ઉધરસ આવે છે, મંજળથી પણ ખાઉં ચાલુ છે તીમાં તાવ ચડી જાય છે. તો તમારા શરીરને દુઃખ પડે તેમ જરા પણ કરવાં જરૂર નથી. શરીરને તથા મનને જ્યાં સારૂ રહે તીમાં ખુશીથી રહો–ક્યાં કદી જરૂર હશે તો ઉપમ તીમ નભાવી લેશું–ચલાવી લેશું ગણુ જરૂર હશે તો તાર કરીશું. વાસ્તે મહાસતીજી શાંતિમાં રહો ખુશીમાં રહો. સવા ભણો ખાઉં પેંચાલે નહિ–શરીર હશે તો બધું થઈ રહેશે. વાસ્તે શરીરને જરાપણ મહેનત પડે તેમ વિહાર કરજો નહિં. ખરેખર સ્ત્રિઓ મરજે ઉપર પડે અને ભોલાવીએ ત્યારે દૂર નાસે એ વાક્ય સત્યજ છે. જ્યારે સ્ત્રિઓને પોતાને આવવું હોય ત્યારે દૂર હોય તોઈ પણ નજીક ગણે. શરીર નરમ હોય તો પણ સારૂં માને અર્થાત્ કોઈ વાત દુર્લભ નહિં તેથીજ પોતાને ન કરવું હોય તો શરીર નરમ થાય. નજીક હોય તો પણ દૂર ગણાય. જ્યારે જુનાગઢથી સુરત સવાસો ગાઉની અંદર છે તો અત્યારે સુમતાશ્રીને સવા બસો થયું. વાહરે વાહ સુમતા–જુનાગઢથી ૪૦ કોશ લિંબુ શીંબડી–શીંબડીથી ૨૫ ખંભાત. ખં–થી ૩૦ ભરૂચ, ભ–થી ૨૫ ની અંદર સુરત છે. એકંદર સવાસોની લગભગ છે. એકમાસથી સવા માસનો વિહાર છે તેમાં કેટલુ બધુ લખવુ પડ્યું વાસ્તે હવે બાલો વિહાર કરજો નહિં. આણી જશો, આનંદમાં રહો ધ્યાન કરતાં યાદ કરજો, શરીરને સારી રીતે સાચવજો મંગણીને જરા પણ તાવ આવે તેવું કોઈ જાડાં જ્વા દેજો નહિં. પત્ર વાંચીને તુરત ઉત્તર મોકલાવી દેજો.

મીતિ–શુ–૧૩ દઃ પોતે.

**આચાર્ય મોહનસૂરિના ઉપાધ્યાય પ્રતાપ વિજયે શ્રાવીકા ઉપર લખેલો પત્ર.**

૧૧

શ્રી સિહોરથી લી૦ ઉપા. શ્રી. પ્રતાપ વિજયજી આદિ તત્ર દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક...તથા...તથા તમારા +++ વિગેરે યોગ્ય ધર્મ લાભ વાંચજો. અહિં દેવ ગુરૂ પસાયથી સુખ શાંતિ છે–પૂજ્યપાદ આચાર્ય મહારાજ સાહેબજી તથા નાના મહારાજ વિગેરે બધા સુખ શાંતિમાં છે. તમારો પત્ર પહોંચ્યો સમાચાર જાણ્યા. તમોએ લખ્યું જે આ વખતે ત્યાં આવવાનું થયું પરંતુ મારે જે કાંઇ વાત કરવી હતી તે થઈ નહિં. તો લખવાનું જે મહોત્સવની ધામધુમ તેમજ પાંજરાપોળના કામને અંગે માણસોની વિશેષ આવક જાવક હોવાથી વખત મળ્યો નથી. તમારે પત્ર લખવા લાયક હોય તો લખી જણાવજો નહિં તો વળી પછી કોઈ વખતે ભેગા થાશે ત્યારે ખુલાસો કરજો. અહિં આઠ્ઠાઇ મહોત્સવ–શાંતિસ્નાત્ર વિગેરે ઘણીજ ધામધુમથી થયું છે. વરઘોડો પણ ઘણોજ ઠાઠથી ભાવનગરથી બેન્ડ વાજુ મંગાવીને ચઢાવ્યો હતો. દેવદ્રવ્યની ઉપજ પણ લગભગ બે હજાર રૂપીઆ જેટલી થઇ છે. નવકારશી માટે પણ સંઘમાં જે પરસ્પર તકરારો હતી તે બધી શાંત કરીને એક ભાઈ તરફથી નવકારશી પણ ઘણા આનંદથી થઈ છે. એકંદર બધું બહુ સારૂ થએલ છે. ભાઇઓનો ઉત્સાહ ઘણો સારો હતો. ગઇ કાલે સાંજે પાલીતાણાના શેઠીઆઓ ચોમાસાની વિનંતિ માટે અહિં આવ્યા હતા. પરંતુ હજુ કાંઇ નક્કી થયું નથી આગ્રહ ઘણો છે. ફરસના હશે ત્યાં બનશે. ધર્મકાર્યમાં ઉજમાળ રહેવું.૦ ૦ ૦ અહિં હમેશાં આવે છે અને ખુશી આનંદમાં છે. શાંતિસ્નાત્ર વખતે તેના તરફથી ત્રણ રૂપીઆનું ઘી અમો બોલ્યા હતા. અને તેને સ્નાત્રીઆમાં ઉભો રાખ્યો હતો અહિં અમારા સર્વના શરીરે સારૂ છે. ત્યાં +++ વિગેરે સંભારનારને ધર્મ લાભ કહેજો.

વૈ–વદ–૧૪ દા. ધર્મ. વિ. ના ધર્મ લાભ.

(સં. ૧૯૮૮)

**આચાર્ય મોહન સુરિના પ્રવર્તક ધર્મવિજયજીએ શ્રાવિકા ઉપર લખેલો પત્ર.**

૧૨

શ્રી. સિહોરથી લિ૦ પ્ર-ધર્મવિજયજી વગેરે વિજયજી આદિ તત્ર દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક શાહ...તથા...તથા તમારા +++વિગેરે યોગ્ય ધર્મ લાભ વાંચજો. અહિં દેવગુરૂ પસાયથી સુખ શાંતિ છે. પુજ્યપાદ આચાર્ય મહારાજ સાહેબજી સુખ શાંતિમાં છે તમને ધર્મલાભ લખાવ્યા છે. તમારો પત્ર પહોંચ્યો. સમાચાર જાણ્યા. તમોએ લખ્યું જે–અમારે આવવાની ઘણી ભાવના છે. પણ ઘરમાં બીજું કોઇ માણસ નહિં એટલે મન પાછુ પડી જાય છે, તો લખવાનું જે બીજું માણસ નવું કોઇ થોડું આવવાનું છે–જે છે તે છે–માટે તમારે પજુસણ કરવા નહિં આવવા પાલીતાણુ બેમાંથી એક ઠેકાણે જરૂર આવવાનું છે. ત્યાં કોઇ સાધુ મહારાજ પણ નથી જ્યાં આવશો તો વ્યાખ્યાન વાણી સંભળાશે. પજુસણ પર્વનું આરાધન થશે. ઘણા ભાગે–––શેઠની ત્યાંથી++પણ આવવાની છે, તે પ્રમાણે –––શેઠનો પત્ર હતો,+++ને પણ અમે સુચના કરી હતી કે પજુસણ કરવા આવવું હોય તો અવસર સારો છે પણ તેમનું નામ +++ હોવાથી તેમને માન જાવુ હોય. એટલે કોણ જાણે આવે પણ ખરા ને નજાણે આવે. અમે બીજા ગમે તેમ આવે ન આવે પણ તમારે તો અને ત્યાં સુધી જરૂર લાભ લેવા ભાગ્યશાળી થવું. જેવટે અમારા ૦૦૦ તથા ૦૦૦ ને જરૂર મોકલજો તમારે ન આવવું હોય તો ન આવશો. અહિં આવશો તો અહિં બેનનું ઘર છે અને પાલીતાણામાં પણ તમારૂં પોતાનું ઘર છે. માટે ભાવના જરૂર રાખજો, અમે તો અવસર હોય એટલે લખી જણાવીએ. આજે ......નો જન્મ દિવસ છે આ સાથ મહુવામાં વ્યાખ્યાનમાં પ્રભાવના વિગેરે કરી જન્મ દિવસ ઉજવ્યો હતો. પણ અહિં કોણ ઉજવે—હજુ આજે

વધુ માટે જુઓ પૃ ૧૨૮ મું.

# મરૂધર પ્રાન્તમેં ધર્મકે નામપર ઘોર હિંસા.

मरते हुये पशुधन को बचाओ और बचाने में मदद करो।

सैकडों पशुओं के भयंकर काल के दिन नजदीक आगये हैं।

अहिंसा परमो धर्म के हिमायती जैन व जैनेतर सज्जनों को घोर निद्रा से जाग्रत हो जाना चाहिये। बिचारे सैकडों बकरें, पैंडे, भैसे, आदि मूक पशुओं को देवी, भेरु, मोमा, खेतला झुंजार आदिके सम्मुख तीक्ष्ण तलवार से कत्ल होते हुओं को बचाकर अभयदान देने का सु अवसर नहीं खोना चाहिये।

श्री जीवदया ज्ञान प्रचारक मंडल.

अपने समीप के गामों में जाकर उपदेश द्वारा पशुओं की जान बचाने में प्रति वर्ष सफलता प्राप्त करता है। आपको भी चाहिये कि मंडल की सहायता कर हिंसा रोकने में भाग लीजिये।

प्रति वर्ष पशुवध तिथियां नीचे मुजब है–

माघ शुक्ल २ से ८ तक व सप्त दिवस ९-१०-१२-१३-१४ चैत्र शुक्ल १ को स्थापना से नव रात्रि से स्वती दिवस १०-१२-१३-१४ वैशाख शुक्ल २ से ८ तक सप्त दिवस ९-१०-१२-१३-१४ अषाढ शुक्ल २ से ८ तक सप्त दिवस ९-१०-१२-१३-१४ भाद्रवा शुक्ल २ से ८ तक सप्त दिवस ९-१०-१२-१३-१४ आश्विन शुक्ल १ को स्थापना ८ होमा अष्टमी ९-१० दशहरा से १२-१३-१४ तक कार्तिक शुक्ल २ से ८ तक सप्त दिवस ९-१०-१२-१३ १४ इन दिनों में पशुवध बहुत होता है। अन्य मास व दिनो में उपरोक्त दिनों का अपेक्षा हिंसा कम होती है।

पशुवध के स्थानों की सूची—

परगना जालोर ग्राम जालोर के सुन्दरा तालावके किनारे चामुंडा माता पुगला, और मोमा आदि स्थान है। ग्राम सियाना के बाहिर खेतला झुंजार आदि के स्थान है। गाम आहोर के बाहिर चामुंडा माता और कालिका देवी माता मोमा आदिके स्थान है। ग्राम बैंगुडा के बाहिर अरट बावी व तालावके किनारे माताजी, मोमाजी खेतला वीर झुंजार आदि के स्थान है। ग्राम शंखवाली के बाहिर अरट व पेचके पर मोमाजी आसिया तालावके किनारे पेणाका मो जी वीर आदि के स्थान हैं। ग्राम भाद्राजनके पहाड पर चावरा माता चुंबडा मोमा आदिके स्थान है। परगना शिवाणागढ ग्राम मोकलसर स्टेशनके नजदीक बौडा जरणा खेतला वीर माताजी व मोमाजी मोमी आदि के स्थान है। परगना जसवंतपुरा पर सुन्दा पहाड पर सुन्देस्वरी माता का स्थान है। परगना बाली गाम बिठिया पहाड के पास बिठियाका स्थान है। गाम बालाणा के बाहिर खेतला वीर व चावरा माता व मोमा आदि के स्थान है। गाम कोहरा तालाव के किनारे खेतला वीर व चामुंडा माता आदि स्थान है। गाम केराट के पेचके पास हिंगोली वीर का स्थान है। गाम पावाके बाहिर चामुंडा माता व खेतला वीर झुंजार आदि के ९ स्थान है। गाम कोशिलाव तालावके किनारे चामुंडा माता व पहाड पर मोमा आदिके स्थान है। गाम मुंडारा के बाहिर मुंडारा माता का स्थान है। गाम सेवाडी के वावडी के पास खेतलावीर का स्थान है। परगना देसुरी गाम किरवा के बाहिर मुंडारा माताजी व तालावके किनारे बिठुडा वीरका स्थान है गाम पीरोका बिठुडा तालाव के किनारे बिठुडा वीर का स्थान है। बिकानेर स्टेटके गौंव देसुनू गाम मे करणी माताका स्थान है।

उपरोक्त गौंवो के सिवाय अन्य छोटे बडे गामो में भी माता मामा खेतला झुंजार भेरव आदि के स्थानोंपर अज्ञानी अनपढ मांस लोलुपी मनुष्य धर्मके नाम पर बेचारे निर्दोष मूक पशुओंकी कत्ल करते है। इस लिये वे बेचारे निर्दोष पशुओंको अभयदान दिलाने का हर एक अहिंसा प्रेमी का कर्तव्य है। परम पूज्य मुनि महाराजा यतीवर्य व साध्विओं और समस्त जैन संघ वे सज्जनोंसे प्रार्थना है कि इन दिनों व मासों में ऐसे दिनोंमें अभयदान का लाभ अवश्य ले। श्री जीवदया ज्ञान प्रचारक मंडल को जो सज्जन आर्थिक सहायता देंगे वे उपरोक्त पुण्य कार्यका यश दोनों ही प्राप्त कर सकेंगे अपनी शक्ति के अनुसार सहायता भेजने की अवश्य कृपा कीजीये जिसे मंडल सदस्य जीवों के प्राण बचाने में पूर्ण सफलता प्राप्त करसके।

नोट ऐसे घोर हिंसा के दिनों में पशुओंका जीव बचाने के लिये वध स्थानों पर हमारे मंडल के सदस्य पिकेटिंग करने के लिये व उपदेश के साथ अभयदान दिलानेको जाते है। सो शिवाधारी दयाप्रेमी मित्र मंडल व स्वयंसेवकों व आदि सज्जनोंसे घोर प्रार्थना है कि मंडल के सदस्य के साथ सेवा करनेको साथ होतो जरूर पधारिये। नहीं तो अपने समीप गामों में ऐसे वध स्थानों के पास जाकर अभयदान देनेका लाभ अवश्य लीजीये।

કપુરચંદ ખુશાલજી શાહ.
ઉ. મંત્રી શ્રી જીવદયા મંડળ,
સ્ટેશન ફતેપુરારોડ, મુકામ ...

---

વાંચવા પણ નથી આવેલ ચહેરો મોડો આવરી. ખરો. એજ ધર્મ કાર્યમાં ઉજમાળ રહેવું xxx xxx ++x xxx xxx xxx xxx વિગેરે સંભાળનાર બધાને તેમજ xxx ને પણ ધર્મલાભ કહેજો.—

દા: ધર્મના ધર્મ લાભ.

શ્રાવણ સુદ ૭ સોમવાર
(૧૯૮૮)

પાલીતાણામાં બધા સુખ શાંતિમાં છે. અને આનંદ કુશળ વર્તે છે—

નોંધ—જે સ્થળે ટપકાં કર્યાં છે તે સ્થળે ખાણકનાં નામ છે, થોડી સ્થળે બ્હેનોના નામ છે અને સાધ્વીજીઓએ પુરૂષના નામ છે, તે પ્રસંગે જરૂર જણાશે તો બહાર મુકશું. —તંત્રી.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

આપણી આર્થીક સ્થિતી

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો
વાર્ષિક રૂા. ૨-૮-૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.
તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા.

વર્ષ ૨ જું, અંક ૧૭ મો.
શનીવાર તા. ૧૮-૨-૧૯૩૩.

## લોક વાયકાને ગણકારતા નહિ.

વાદળાનાં ગડગડાટ બીજી ઇજા કરી શકતા નથી. પણ ધોંધાટ કરી ફક્ત ચીડવે છે. લોકવાયકા એ માત્ર અદેખાઇ અને દ્વેષનો અવિર્ભાવ છે, તેમ જેઓ તેને ફુંકી ફુંકીને સળગાવ્યા કરે છે તેને માટેજ તે ભયંકર નીવડે છે. દાંત વગરના કુતરાઓ ખાલી ભસાભસાટ કરવામાંજ મર્દાનગી સમજે છે, એટલે કરડી શકતા નથી; અને મહાસાગરમાં ડોટ મૂકનાર અજગરને ચેં-ચેં કરનાર પક્ષીઓ ઇજા કરી શકતા નથી.

બોટાં અવલંબનો ઉછાળનાર કે અફવા ઉછાળનારની અધમતા તેના શબ્દોમાંજ રહેલી છે. એટલે એવો જીભનો ઉપયોગ કરનાર, નિંદા ને અદેખાઇનાજ પાયા ઉપર ઉભેલા હોવાથી તેને નાહેજ ભુલે છે.

પોતાની સત્તાને સરી જતી બચાવવા તમારી વિરૂધ્ધ જેટલી અસત્ય વાતો ફેલાવવામાં આવે તે તમારા લાભમાંજ છે; કેમકે તેથી તમે ઇચ્છો તો તમને સત્ય સાબીત કરવાની, તમે હો તેવા દર્શાવવાની તક મળે છે. સમાજની વરિષ્ટ કોર્ટમાં ફક્ત સત્ય વસ્તુનીજ ગણત્રી થાય છે અને તેનુંજ વજન પડે છે.

જો તમારામાં સત્ય અને ઇચ્છા હશે તો તમને વારંવાર તમારૂં ખરૂં સ્વરૂપ દર્શાવવાના પ્રસંગ મળશે. અને ક્યાં તથા ક્યારે તમારી ભૂલ થાય છે તે પણ તમે જાણી શકશો.

તમે પૂર્ણ ડાહ્યા હોઇ શકો નહિ, અને જેટલા પ્રમાણમાં ડાહ્યા હો તેટલા પ્રમાણમાં બધા માણસો તમને તેવા જાણી શકે નહિ. આ દુનિયામાં એટલા બધા નિર્બળ, દોઢ ડાહ્યા, વાંદરા જેવા, મગજ ચસકેલા, નકામાં માથાં મારનારા, મિજાજી, દ્વેષી અને ઢોંગી વસે છે કે કોઇ પણ કાર્ય સર્વ કોઇને સંગીન અને સારૂં લાગી શકેજ નહિ.

જો તમે એટલા બધા પોચા અને લાગણીવાળા હો કે જેથી, માણસોની શંકાથી તમે અટકી પડો, અને તેમની મશ્કરીથી રસ્તો બદલો તો તમારે માટે વધારે સારૂં એજ છે કે તમે તમારી મહત્વાકાંક્ષાને ત્યજી દો, કાર્યક્ષેત્રમાંથી વાનપ્રસ્થ થાઓ, અને તમારૂં મમત્વ જીતવાને તમે અશક્ત છો એમ આરંભમાંજ કબુલ કરો.

કોઇ માણસે, માણસોની ટીકાને પાત્ર થયા સિવાય કંઇ પણ અસાધારણ કાર્યને માટે જીવન ગાળ્યું નથી. તે (ટીકા) તો વ્યક્તિગત પ્રગતિની અનીવાર્ય સહચારી છે.

જેઓમાં શક્તિ નથી તેઓ તેમનાં કરતાં વધારે શક્તિવાળાની મહત્તાનો સ્વીકાર કરતા નથી, મૂર્ખને તેની ખાત્રીજ થતી નથી, અને જે શક્તિઓની તેને સમજણ પડતી નથી તે શક્તિઓને તે મેળવી શકતો નથી.

જો તમે પ્રગતિ કરવાનોજ નિશ્ચય કર્યો હોય તો તમારે પ્રથમ ઉપયોગી અને બીન ઉપયોગીને પારખતાં શીખવું જોઇએ. અને હલકાં લોકોના અભિપ્રાયની ચિંતા રાખી તમારી કીંમતિ શક્તિ ગુમાવી દેવી જોઇએ નહિ. તમારે તમારી શક્તિનો અને વિચારનો ઉપયોગ અગત્યની અને મહત્વની બાબતો પાછળજ કરવો જોઇએ.

—યુવકરત્ન.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૮-૨-૩૩


## આપણી આર્થિક સ્થિતિ.

૩.

આર્થિક સ્થિતિ અને સામાજીક પ્રશ્નોને એક બીજા સાથે સંબંધ હોવાથી હવે આપણે આર્થિક દૃષ્ટિએ સામાજીક પ્રશ્નોને વીચારશું. અન્ય સમાજની દેખા દેખીથી આપણી સમાજમાં બાબુલ ખર્ચો પાછળ આપણી અધોગતિ થવામાં જરાયે બાકી રહી નથી. સડેલા રિવાજો-લગ્ન, સીમંત અને મરણુ વગેરેના નકામા ખર્ચાઓએ સમાજના એકે એક અંગને ફેલી ફોલીને સાફ કરી નાખવાથી આપણી કોમ વધારે ને વધારે આર્થિક રોગથી પીડાઇ રહી છે. આ રોગમાંથી ઉભા થવાની તાકાત આપણામાં નથી રહી. બેકારી પણ દિવસે દિવસે ભયંકર રૂપ પકડતી જાય છે. જો આ બેકારીનાં ઉપાયો વેળાસર નહિ યોજવામાં આવે તો શું પરીણામ આવશે તે કલ્પી શકાતું નથી. કુટુંબનું અને પોતાનું ભરણુંપોષણ કેમ કરવું અને નાત જાતનો જાહેરી વ્યવહાર કેમ ચલાવવો ! એ પ્રશ્ન આજે માનવીને મુંઝવી રહ્યો છે. ડગલે ને પગલે ન્યાતના વ્યવહારો માટે પૈસાની જરૂર. તે પૈસા લાવવા ક્યાંથી ? ધંધા રોજગાર-ઠંડા, નોકરી શોધી જડે નહિ, કાંઇ હુન્નર ઉદ્યોગ મળે નહિ, તો પછી કરવું શું ? પૈસા કેમ મેળવવા-ધનિકોએ દાખલ કરેલો, નાતના મોવડીઓએ પોષેલો જેને વ્યવહાર કહે છે તે કેમ જાળવવો અને કેમ કુટુંબનું ભરણુંપોષણ કરવું ? કાંઇ ન હોય તો પછી બૈરીનાં દાગીનાં અને ઘરવખરી વેચીને પણ સમાજ આજે કહેવાતા વ્યવહાર પરાણે પળાવે છે. બિચારા માનવી પાસે વેપાર કરવાને પૈસા ન હોય, છોકરાં-છૈયાંને કેળવણી આપવા સાધન ન હોય, પેટે પાટા બાંધી જે પૈસા બચાવ્યા હોય તો તે, નહિ તો દેવાં કરીને પણ નાતજાતના લોકોને, મરણુ, સીમંત કે લગ્ન પ્રસંગે મિષ્ટાન્ન તો ખવરાવવાંજ જોઇએ ! બહેને પછી માણસ ભલે કુવા શોધે જાય ! એક બે દિવસ તે કલ્પાંતનાં-લોહીનાં-આંસુ જમી આપણી કોમના વીરાંઓ હોઇયાં કરતાં કરતાં અને પોતાને કૃતાર્થ માનતાં ઘેર સીધાવે છે. આખી સમાજનું માનસ આજે આ પ્રકારનું થઇ ગયું છે. સમાજથી, પરાણે પળાવાતો આવો જાલીમ વ્યવહાર ક્યાં સુધી સહન થઇ શકે ?

શ્રીમંતોએ સામાજીક સડાઓ નાબુદ કરવામાં પહેલ કરવાની જરૂર છે કારણુ કે આ સામાજીક સડાઓ જે આપણી કોમની આર્થિક સ્થિતિ ખરાબ કરી રહ્યા છે તે, સામાજીક સડા વાહ વાહ કહેવરાવવા ખાતર-ધનીકોનેજ લીધેજ શરૂ થયા છે, અને મૂર્ખાઇને લીધે કહો કે દેખાદેખીને લીધે સામાન્ય વર્ગને ગળે વળગ્યા છે. એટલે તેઓએ જે પ્રથાના મૂળ ઘાલ્યાં છે, તે મૂળ ઉખેડવાને ખાતર પણુ તેઓએ પોતાને ઘેરથીજ દરેક પ્રકારના સામાજીક ખોટા-ઉડાઉ ખર્ચાઓ બંધ કરી દાખલો બેસાડવાની જરૂર છે. જો શ્રીમંતો આવા ખોટાં ખર્ચો કરતાં અટકશે તો આપોઆપ સમાજમાંથી ખોટા ખર્ચાઓનો અંત આવશે અને સમાજના બીજા સડાઓ પણુ નાબુદ થતાં વાર નહિ લાગે. કેટલાક બિચારાઓને કુટુંબની આબરૂને ખાતર શ્રીમંતો પાછળ તણાવું પડે છે, પણુ જો શ્રીમંતો આવા ખર્ચાઓ બંધ કરે તો પછી ખોટી આબરૂ માટે તેમને તણાવવાનું નહિ રહે. સમાજની આર્થિક સ્થિતિ કફોડી હોવા છતાં આવી વાહ વાહ, પાછળ આપણા લાખો રૂપિયાનો ધુમાડા થાય છે, તે બચાવવા ધનિકો પહેલ કરશે ?

યુવાનો ! તમારે તો સામાજીક સડાઓ સામે બંડ જગાવવાની જરૂર છે. તેણે આપણી આર્થિક સ્થિતિ બગાડી છે, તેણે સમાજના ઉપયોગી સાધનોને જબરજસ્ત ફટકો લગાવ્યો છે. એટલે હવે તમે સમાજની બેડીઓને કાપી નાખો, સમાજના પંચાતિયાઓને તિલાંજલી આપી દ્યો, અને સમાજની લગામ તમારા હાથમાં લઇ સમાજની આર્થિક સ્થિતિને બેહાલ કરતા તમામ ખર્ચાળ રિવાજો નાબુદ કરી સમાજને ઉન્નત બનાવો.

સમાજના હાનીકારક રિવાજો-બાળ લગ્ન, વૃદ્ધ લગ્ન, કન્યાવિક્રય વગેરે પણુ સમાજની આર્થિક સ્થિતિને ભયંકરરીતે નુકશાન કર્તા છે. આવા લગ્નોથી આપણી પ્રજા નિર્બળ અને માયકાંગલી પેદા થાય છે, આયુષ્ય ટુંકા થાય છે, તાકાત ઘટી જાય છે, અને કામ કરવાની શક્તિ મંદ પડી જાય છે. એટલે આપણી શક્તિ ઘટી ગઇ છે, તેનું કારણુ બાળલગ્ન, વૃદ્ધલગ્ન અને કન્યાવિક્રય છે !

સમાજની આર્થિક સ્થિતિ સુધારવા ખાતર આવાં લગ્નો અને લખલૂટ ખર્ચાઓ બંધ કરવાની પહેલી જરૂર છે. અત્યારે તો શ્રીમંતો તેમજ સામાન્ય વર્ગ એક દમડી પણુ કોઇ પણુ પ્રકારના જમણુવારોમાં, લગ્ન મંડપોમાં, કે વરઘોડા કાઢવામાં ખર્ચે તે નરી મૂર્ખાઇ છે અને બુદ્ધિનું પ્રદર્શન કરવા જેવું છે.

આપણી અધોગતિનું બીજું કારણુ આપણામાં કેળવણીનો અભાવ તે પણુ છે. આજે વહેપારી મનાતી આપણી સમાજમાં નથી એકે આદર્શ યુનિવર્સિટી કે નથી આદર્શ શાળા કે કન્યા શાળા ! જૈનો જો કે લાખો રૂપીઆના દાન પ્રતિવર્ષ કરતાં હોવાનું કહેવાય છે. પણુ તે બધા સમજ્યા વગરનાં. એટલે કેળવણી પાછળ જે ખર્ચવું જોઇએ તે ખરચાતું નથી. આપણા વિદ્યાર્થીઓ ગમે તેટલા હોંશિયાર હોય છતાં આર્થિક સ્થિતિ અને પૈસાના અભાવે અભ્યાસ છોડી દેવો પડે છે. આપણું માનસ આજે એવું થઇ ગયું છે કે ક્રિયાકાંડ અને વરઘોડા, લગ્ન વગેરેમાં હજારોના ધુમાડા કરીશું પણુ આવા કોઇ વિદ્યાર્થીને ભણાવવા પરદેશ મોકલતાં કોડીના હીસાબ મુકશું. અજવા આવાં અજવાં બહાનાં કાઢી છટકવાના પેંતરા માંડશું. તમે તમારી સમાજની ઉન્નતી ઇચ્છતા હો તો સારાસારનો વિચાર કરો તેમ નાતીઓની શેહમાં તણાયા વગર, જેને તમે માંગલીક પ્રસંગો કહો છો તે માંગલીક

# દીક્ષા અને તેનું શાસ્ત્ર.

લેખકઃ—
કેશવલાલ મંગળચંદ શાહ.

(તા૦ ૪-૨-૩૩ ના અંકથી ચાલુ)

આથી એક વાત સ્પષ્ટ થાય છે કે ભતક એટલે નોકર દીક્ષાને માટે નાલાયક તો ઠરાવ્યો, પરંતુ કયો ભતક અને તે શા માટે એ આપણે વિચારીશું તો જણાશે કે યાત્રાભતકને યાત્રા પૂરી થયા પછી મૂલ્ય લીધું હોય પણ યાત્રા પૂરી ન થઇ હોય તો દીક્ષા આપવી ન કલ્પે. આ એ સૂચવે છે કે યાત્રા પૂરી થઇ ગઇ હોય અને પૈસા ન લીધા હોય તેવા ભતકને દીક્ષા આપવામાં વાંધો નથી, કારણ કે તે ભતકની સાથે નક્કી કરનારને તો યાત્રા એટલે કામ સાથેજ સંબંધ હતો એટલે એ, તે ભતકની દીક્ષા થાય તો પણ પોતાને નુકશાન ન હોવાથી કોઇ પણ જાતનો વિરોધ કરવાનું કારણ રહેતું નથી. પરંતુ ઉલટું એથી પૈસા લીધા હોય અને યાત્રા એટલે કામ પુરૂં ન થયું હોય તો તેવાને દીક્ષા ન આપવાનું કારણ, તે ભતકે પૈસા લઇ લીધા છે. પરંતુ કામ પુરૂં કરેલું નહિ હોવાથી દીક્ષા આપવામાં આવે તો પૈસા આપનાર થયેલા કરાર મુજબ કામ કરાવવા સાધન સંપન્ન હોય તો સરકાર-દરબારમાં જાય અને સાધન સંપન્ન ન હોય પરંતુ બળવાન હોય, ઝાતીનો બળીઓ હોય તો મારામારી કરીને યાતો તોફાન આદિ કરીને બળજબરીથી લઇ જાય તો તે બન્ને પ્રસંગે ધર્મની-શાસનની નિંદા થવાનો સંભવ હોવાથીજ શાસ્ત્રકાર મહારાજેએ દીક્ષા આપવાની મનાઇ કરી છે એ જોઇ શકાય છે; કારણ ધર્મની-શાસનની નિંદા, જનતાને ધર્મ તરફ અરૂચી ઉત્પન્ન કરી ધર્મથી પરાંગમુખ થવામાં કારણભૂત બને છે. તેથી ધર્મના સંરક્ષક, ધર્મ સંસ્થાના સ્થંભરૂપ ગણાતા સાધુઓએ ધર્મની-શાસનની નિંદા થાય તેવું એક પણ કાર્ય નજ કરવું જોઇએ. અને તેજ ઉદ્દેશને લક્ષમાં રાખી ઉપર મુજબ વિધાન શાસ્ત્રકારોએ કર્યું છે એ સહેજે સમજી શકાય છે. ધર્મ સંરક્ષક અને ધર્મસંસ્થાના આધારભૂત સ્થંભ જેવા સાધુઓએ ધર્મની-શાસનની નિંદા કે હેલણા થાય તેવું એક પણ કાર્ય ન કરવું જોઇએ. આ સંબંધમાં શ્રી હરિભદ્રસૂરિજી ૨૩ મા અષ્ટકમાં કહે છે કે-

य शासनस्य मालिन्येऽनाभोगेनापि वर्तते ॥
तन्मिथ्यात्वहेतुत्वादन्येषां प्राणिना ध्रुवम् ॥ १ ॥

**ભાવાર્થ**—શાસનની-મલીનતા (નિંદા અગર લોક વિરૂદ્ધ આચરણદ્વારા જૈન પ્રવચનની હાણી) ભૂલે ચૂકે પણ કરે તો તે બીજા પ્રાણીઓને મિથ્યાત્વનું કારણ હોવાથી પોતે પણ સંસારના કારણભૂત તથા અનર્થના મૂળભૂત એવા મિથ્યાત્વને બાંધે છે.

આ ઉપરથી પણ જોઇ શકાય છે કે શાસ્ત્રકાર મહારાજેનો મૂળભૂત ઉદ્દેશ તો ધર્મની-શાસનની નિંદા કે હેલણા થતી અટકાવવાનો અને તે એટલાજ કારણસર કે કોઇ પણ પ્રાણી તેથી અધર્મ ન પામે, ધર્મ તરફ અરૂચીવાળો ન થાય અને પરીણામે ધર્મથી પરાંગમૂખ થઇ પોતાની અધોગતિને ન નોતરે.

ભતકનેજ દીક્ષા આપવામાં મારામારી કે સરકાર દરબારમાં જવાના સંભવનીય પ્રસંગે દીક્ષા ન અપાય તો બીજાજ તેથી જુદીજ જાતનાં કારણો ઉત્પન્ન થવાના કલેષ, કંકાસ, મારામારી કે સરકારમાં જવાના પ્રસંગો નજરે દેખાતા છતાં દીક્ષા આપી તે પ્રસંગોને નોતરવામાં આવતા હોય ત્યાં શાસ્ત્રકાર મહારાજેનો ઉદ્દેશ નથી સચવાતો એટલુંજ નહિ પરંતુ શાસ્ત્રની વિરૂદ્ધ જઇનેજ, કેવળ શિષ્ય મોહમાં અંધ બનીનેજ દીક્ષાઓ અપાય છે એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથીજ. ભતકમાં જે ઉદ્દેશથી કે કારણોથી દીક્ષા આપવાની મનાઇ કરી તેજ ઉદ્દેશ કે કારણ જો બીજા પ્રસંગોમાં પણ હોય તો તે વિચારવું જોઇએ તે બુદ્ધિમાન પુરૂષોનું કર્તવ્ય છે, એમ કોઇથી પણ ના પાડી શકાય તેમ નથી. આજે શું બની રહ્યું છે તે વિચારતાં સહેજે કમકમા આવે છે. આજે નથી રહ્યો ધર્મની-શાસનની નિંદા થવાનો ભય, કે નથી રહ્યો ધર્મપરાંગમૂખતાનો ભય, ખરેખર આ શોચનીય છે. આજે નજર કરશો તો જણાશે કે આજની દીક્ષા પ્રવૃત્તિથી કેટલાઓને ધર્મ તરફ અરૂચી થઇ છે, કેટલાઓ ધર્મથી પરાંગમૂખ થયા છે. એનો હિસાબ કાઢવાની જરૂર નથી પરંતુ નરી આંખે જોઇ શકાય છે છતાં આ જાતની પ્રવૃત્તિ શાસ્ત્ર આજ્ઞાથી કરવામાં આવે છે એજ દુઃખનો વિષય છે.

ઉપર મુજબના આધારો ઉપરથી તો એ સ્પષ્ટ રીતે આપણે જોઇ ગયા કે જ્યાં કલેશ થવાનો, મારામારી થવાનો, બળજબરીથી પાછા લઇ જવાનો કે સરકાર દરબારમાં જવાને

---

પ્રસંગોએ તમારા પૈસાનો સદુપયોગ કેળવણી પાછળ મદદ કરવામાં કરો. આજે સમાજને મફત કેળવણી અને હુન્નર ઉદ્યોગની ખાસ જરૂર છે. તે વગર સમાજની આબાદી નથી થવાની-કેળવણી વિના એકડા વિના મીંડા જેવું છે.

જે પાછળ લાખો ખરચાય તેવા ધાર્મિક અને સામાજીક રીવાજોથી બચવું તે આપણા હાથની વાત છે. ધાર્મિક અને સામાજીક રીવાજો બંધ કરવામાં દરેક માનવીએ પોતાનો યત્કિંચિત ફાળો આપવો જોઇએ. આ બે રીવાજો જો આપણે બંધ કરાવી શકીએ તો પણ આપણી બગડેલી બાજી કેટલેક દરજ્જે સુધારી શકીએ છીએ, અને સમાજને સારી સ્થિતિમાં મુકી શકીએ છીએ.

સમાજની દરેક દરેક વ્યકિતને આજે એકજ અરજ છે—હવે મંદિરો અને હવેલી જેવાં ઉપાશ્રયો નવા બંધાવવા બંધ કરો. ઉપાશ્રયોને-વિદ્યાલયો, મહાવિદ્યાલયો અને ઉદ્યોગ મંદિરોના રૂપમાં ફેરવી નાંખો. સાધુઓ! તમારે હવેલી જેવા ઉપાશ્રયોની શી જરૂર છે? તમો પણ હવે નકામા, મફતના રોટલા ખાઇ આળોટવા ન કરો. જનસમુહનું હિત જો તમારે હૈયે હોય તો વિદ્યાલયો અને મહાવિદ્યાલયોમાં શિક્ષકોનું કામ કરી સાચું જ્ઞાન તમારી કોમના બાળકોને આપો અને ધર્મ પ્રત્યે આકર્ષો. અને તેવી રીતે સમાજને અને દેશને ઉત્તમ નાગરિકો પુરા પાડવામાં તમારી શકિતનો વ્યય કરો. મંદિરોના સંચાલકો! લાખો રૂપીઆની ડેપોઝીટને એમને એમ ન સડાવો. સમાજના હિતાર્થે તેને રોકો. હે નાતિઆઓ! તમારી કોમમાંથી સડેલા રીવાજો અને બબ્બુટ ખર્ચાઓ પહેલી તકે બંધ કરો દો. જો આટલું કરશો તો જરૂર આર્થિક સ્થિતિ ઉન્નત બનશે.

લઈ જવાનો સંભવ હોય તેવા પ્રસંગો ઉત્પન્ન ન થાય અગર તેવા પ્રસંગો ઉપસ્થિત થશે તેમ દેખાતું હોય તો તેવા પ્રસંગે દીક્ષા ન આપવી જોઈએ તેવું શાસ્ત્રકાર મહારાજનું ફરમાન છે, અને તેમાં ઉદ્દેશ છે ધર્મની-શાસનની નિંદાનો-હીલણાનો કે જેથી કોઈ પણ ધર્મપરાંગમુખ થઈ અધર્મ ન પામે.

આથી એ નિર્વિવાદ કહેવું પડે છે કે જ્યાં જ્યાં કલેશ, કષાયો કે પરને પરોપતાપ ઉત્પન્ન થાય તેવા પ્રસંગો પણ ઉપસ્થિત ન થાય તે માટે બહુજ કાળજીપૂર્વક સાવચેતી રાખીને દીક્ષા આપનારે દીક્ષા આપવી જોઈએ અને દીક્ષા લેનારે લેવી જોઈએ. કારણ, મૂળ દીક્ષાજ કર્મબંધન તોડવા માટે છે, ત્યાંજ કર્મના બંધ રૂપ કષાયો થાય તેવા પ્રસંગે દીક્ષા નજ આપી શકાય. દીક્ષા જેવી સાક્ષાત્ મોક્ષ મેળવવાની અદ્વિતીય અને એકાંત કારણરૂપ ધર્મક્રિયા અંગીકાર કરનાર ભવ્ય, સંસ્કારી અને ભાગ્યશાળી જીવ હવા જીવને દુઃખ ઉત્પન્ન કરવાનું કારણ બને? અરે! જે ચારિત્ર અંગીકાર કરીને સ્થાવર જીવોને પણ દુઃખ ન થાય તે માટે પ્રમાદ રહીત જાગતો રહે, અને તેઓના દુઃખનું નિમિત્તભૂત પણ ન થઈ જવાય એવી સંભાળ રાખે, તેવો મહા ભાગ્યવાન જીવ પોતાના ચારિત્ર અંગીકારના પ્રસંગે પોતાના સ્વજનાદિને શોકાદિકથી દુઃખ ઉત્પન્ન કરાવવાને કારણભૂત ન બને, તે ખાતરજ કેવળ સંયમમાં રમતા મુનિરાજને દીક્ષા આપવાથી દૂર રહેવા પુરતું આ સૂચન છે એમ કહેવામાં શું ખોટું છે? પંચસૂત્રમાં, પંચસૂત્રના કર્તા અને તેની ટીકામાં ભગવાન હરિભદ્રસૂરિશ્વરજી મહારાજ કહે છે કે–

**परिभाविए साहुधम्मे जहोदिअगुणे जइज्जा सम्ममेअं पडिवज्जिजए अपरोवतावं । परोवतावो हि तप्पडिवत्तिविग्घं, अणुपाओ खु एसो न खलु अकुसलारंभओ हिअं ॥**

**ભાવાર્થ**–સાધુધર્મ વિચારે સતે સંસાર વિરક્તાદિક ગુણવાળો થયો સતો બીજાને ઉપતાપ-સંતાપ ન થાય તેવી રીતે સમ્યક્ પ્રકારે એટલે વિધિ પ્રમાણે આ ધર્મ અંગીકાર કરવા માટે યત્ન કરે. કારણ કે પરને ઉપતાપ-સંતાપ કરવો તે ધર્મ અંગીકાર કરવામાં વિઘ્ન રૂપ છે. આ પરોપતાપ ધર્મ અંગિકારમાં અનુપાયજ છે, ઉપાય રૂપ નથીજ, કેમકે નિશ્ચે અકુશળ-પાપ આરંભથકી પ્રાણીનું હિત થતું નથી. એટલે કે ધર્મ અંગીકાર કરવામાં પરોપતાપ કરવો તે અકુશળારંભજ છે.

આ સ્પષ્ટ શબ્દોમાં કહી દે છે કે–ધર્મ અંગીકાર કરવામાં પરને સંતાપાદિક થાય તો તે પાપ-અકુશળારંભ છે. એટલુંજ નહિ પરંતુ સાથે સાથે એ પણ કહે છે કે–ધર્મ અંગીકાર કરવામાં પરને સંતાપ ઉત્પન્ન ન થાય તેવી થાય તેવી રીતે યત્ન કરે. આથી પણ એ નિશ્ચિત થાય છે કે–દીક્ષાના પ્રસંગે કોઈ પણ જીવને દુઃખ, સંતાપ, કલેશ, કંકાસાદિ ન થાય તે, તેમજ સરકાર દરબારમાં જવાના પ્રસંગો ઉત્પન્ન ન થાય તે ખાસ લક્ષમાં રાખી ધર્મની-શાસનની નિંદા-હીલણા ન થવા દેવી એજ દીક્ષાના શાસ્ત્રોમાં શાસ્ત્રકાર મહારાજાઓનો મૂળભૂત ઉદ્દેશ છે.

અપૂર્ણ.

## સ્વ. નગીનદાસ સ્મારક ફંડમાં મળેલી વધુ ભેટની નોંધ.

૫૨-૦-૦ ગોવિંદજી નથુજી શાહ.
૧૧-૦-૦ ડૉ. મોતીલાલ છગનલાલ.

# શિ....હો....ર....નો....પ....ત્ર.

જે શહેરમાં શાન્તિ અને સુસંપનું ઉત્તમ વાતાવરણ હતું તે શહેરમાં શ્રી મોહનસૂરિના પનોતાં પગલાં મુકાયાં ત્યારથી કંઈક શરૂઆત તો થયેલી તેમ ઉપધાનની ઉજાણી વેળા જેની કથની લખતાં ટાંક કંપી જાય, એવું એક ગભરૂ બાળકનું કરપીણ ખુન થયું–કમોતીયું મોત થયું. એટલે સંઘમાં ભયંકર કુસંપ પેઠો. છતાં તેમાં સુસંપ કરવો તો બાજુએ રહ્યો પણ સાધુ-સાધ્વીઓના ટોળા સાથે જેવી રીતે ગુપચુપ શિહોર છોડ્યું તેવી રીતે એ નામધારી સૂરિજી પાલીતાણામાં પેસી ગયા.

જે કારણે શિહોર સંઘમાં કલેશની હોળી સળગી છે તે હોલવાઈ તો છે નહિ ત્યાં કલેશોત્પાદકના બીરૂદ ધારીઓને, રામ-સાગરના ગણમાં ગાંઠ્યા બે ત્રણ ભક્તોએ આમંત્રણ કર્યાં કે દાનસૂરિ સમુદાય સાથે શિહોરમાં પધાર્યા. અત્યારે સંઘના સનસનાટી ભરેલા વાતાવરણથી મોટા ભાગની ઇચ્છા સામૈયું કરવાની ન હોતી. છતાં 'હું' 'બાવા' ને 'મંગળદાસ'ને લાગ્યું કે આપણા ગુરૂનું સામૈયું ન થાય તો આપણું નાક જાય, કારણ કે અત્યારે નાક, ઇજ્જત જે કહો તે ગુરૂના સામૈયામાંજ આવીને રહી છે ને (!) એટલે ત્રણ-ચાર ભક્તો સામૈયાનો ઠાઠ કરી નાકે જઈને બેઠા. પણ બન્યું એવું કે 'હું' 'બાવો' ને 'મંગળદાસ' ઉતારમાં જઈને બેઠા ને તેમના ગુરૂજી દક્ષિણ દીશામાં થઈ ગામમાં પેઠા, અને દહેરાસરજી આવ્યા. નાકે બેઠેલાને સમાચાર મળતાં દહેરાસરે આવી પહોંચ્યા ને તેમના ગુરૂનું સામૈયું ખડા કાઢી (!) ધર્મશાળા સુધીનું કહાડ્યું. આવા આડંબરોથી સંઘ તો આગાઉથીજ વિરૂધ્ધ હતો, એટલે સામૈયામાં ગણ્યાગાંઠ્યા પુરૂષો અને ગણીગાંઠી ભક્તાણીઓ હતી. એ ટોળા સાથે સૂરિજી ધર્મશાળામાં ભરી ગયા.

અત્રે લોકોને નવાઈ તો એ લાગે છે કે, પાલીતાણામાં મહા પ્રતિષ્ઠા વિગેરે ખુબ ધામધુમ છે–તેના તે પુરા હિમાયતી છે, છતાં તે છોડીને દાનસૂરિ આવી પહોંચ્યા ને રામવિજય આવી પહોંચવા વકી છે. કોઈ કહે છે, "કોઈએ ધેડ કર્યો નહિ;" કોઈ કહે છે, "અંદર અંદર ખટપટ જાગી;" કોઈ કહે છે, "વડોદરૂં સર કરવા એટલે અયોગ્ય દીક્ષાના નિબંધ સામે મોરચા માંડવા જાય છે;" સાચું ખોટું તો તેઓ જાણે, પણ પાલીતાણા છોડવામાં જરૂર ભેદ છે, તેમાં જરાયે શંકા નથી!

અમારા સંઘનો મોટો ભાગ, આડંબરો અને ધર્મના નામે થતાં ખોટાં ખરચોથી થાકી ગયો છે, છતાં સંઘના નામે બે ચાર ભક્તો તેમના ગુરૂઓની બોલબાલા ખાતર પ્રબંધો કરે છે. છતાં સંઘના આગેવાનો કેમ મૌન સેવે છે? શું તેમને સંઘમાં શાન્તિની જરૂર નથી લાગતી? હું તેમને વિનવું છું કે સંઘના ભલાના ખાતર હવે આવી બે-ભાગુ પ્રવૃત્તિઓ ટાળી દઈ સંઘમાં સંપ અને શાન્તિ થાય તેવા ઉપાયો યોજાય તો સારૂં. નહિ તો કલેશ-ઉત્પાદકો એમનાં પનોતાં પગલાંથી બગડેલા વાતાવરણને ઓર બગાડશે. માટે સંઘના આગેવાનો અને યુવાનો ચેતે!

અત્રે આગ વખતે જે કમોતીયું મોત થયું છે તે કેસની પ્રથમ મુદત તા૦ ૨૩-૧-૩૩ ની હતી, તે તારીખે કેસ ન ચાલતાં તા૦ ૯-૨-૩૩ ઉપર રહેલો. પણ તે દિવસે પણ તે

# સડેલા સમાજનું દીગ્દર્શન.

લેખકઃ—
ભોગીલાલ પેથાપુરી.

કુદરતનો એવો કાનુન છે કે જ્યારે જ્યારે ધર્મના નામે, સમાજના નામે દંભ, અત્યાચાર, અધર્મ માઝા મૂકે છે, ત્યારે ત્યારે અદ્ભુત દૈવી શક્તિ ધારણ કરનાર, મહા પ્રતાપી શક્તિ પ્રગટ થાય છે, અને થતાં દંભ, અત્યાચાર, અધર્મમાં રચીપચી રહેલાઓનો નાશ કરી વાતાવરણ શુદ્ધ, પવિત્ર, અને સંસ્કારીક બનાવે છે.

આ કથન આપણે સત્ય માનીએ તો, આજે આપણા જૈન સમાજમાં સળગતા દાવાનળ તરફ દૃષ્ટિ કરતાં સ્પષ્ટ જણાય છે કે દિન પર દિન વધતાં જતાં કલેશ કંકાસના જાળાં, સ્વાર્થતા ભરેલા કલુષિત ઉપદેશો, અને કષાય વર્ધક આક્રમણોથી નિર્દોષ જનસમુદાયની રક્ષા કરવાની એ સમર્થ વિભૂતિએ સાક્ષાત પરચો બતાવવાની જરૂર છે. આજે સમાજમાં બેકારીની હાહાકારી ચારે દિશાએથી કાનમાં ગુંજારવ કરી રહી છે. સ્વાર્થલંપટ શ્રીમંતો પોતાની શ્રીમંતાઇના જોર પર માનાપમાનનું પુંછડું પકડી સમાજમાં આગ પેટાવી રહ્યા છે; નીતિ અને સત્યના શુદ્ધ કાનુનનો ભંગ કરી, ફક્ત આડંબરથી જનતાને વિનાશના પંથે દોરી રહ્યા છે; સત્ય, ન્યાય અને નીતિની એમની પાસે સલામતી નથી.

આટલુંજ કંઇ પુરતું ન ગણી શકાય, તેમ ધર્મગુરૂઓને સાધુ પુરૂષો માની વસવાટ અર્થે જોઇતી સામગ્રી અને ઇન્દ્રીઓ સંતોષવા માટે પુરતી સામગ્રી તૈયાર કરી આપવામાં આવે છે, અને તે પવિત્ર સ્થાનમાંથી આજે કલુષિત ઉપદેશના બણગાં ફુંકાય છે, નવીન નવીન ઓર્ડીનન્સ નીકળે છે, દંભના નાટક ભજવાય છે અને વધુમાં સંસાર વ્યવહારની સંચાર દોરી પણ એ પવિત્ર સ્થાનમાંથી ખેંચાયા કરે છે. આ બધામાં મુખ્ય એવા ધર્મગુરૂઓને ચારિત્રવાન તથા પૂજ્ય માની ભક્તોએ તેમનામાં સંપૂર્ણ શ્રદ્ધા આરોપી: એટલે કે ધર્મના નામે વધુને વધુ દંભને પોષણ આપતા ગયા. સાથે સાથે હલકી મનોવૃત્તિઓ પોષાતી ગઇ, અને છેવટે જનતા સમક્ષ આદર્શ ગુરૂ મનાવવા ખાતર અનેક કાવાદાવા ખેલાવા લાગ્યા તે આજે જૈન પ્રજા સારી રીતે જાણે છે.

પારકાના કાજે દુઃખ ભોગવવું એ જેની ફરજ છે, તેઓ જાતેજ જ્યારે જનતાને વિનાશ અને અધોગતિની ઉંડી ખાઇ તરફ દોરી જાય ત્યારે અધર્મની પરાકાષ્ઠા આવી છે એમ કહેવા કોણ ના પાડી શકે તેમ છે?

અત્યારે 'ધર્મ' 'ધર્મ'ના પોકારો સંભળાય છે, ત્યારે પ્રશ્ન આ ઉભો થાય છે કે ધર્મ એટલે શું? જો કહેવાતા વર્તમાન ધર્મગુરૂઓના વર્તન ઉપરથી ધર્મની વ્યાખ્યા કરવામાં આવે તો આપણને નીરાશા સિવાય બીજું કંઇજ ન મળી શકે. ખરી રીતે ધર્મ એ છે કે જે '**માનવ જાતીને ઉન્નત પંથનું સાચું માર્ગદર્શન કરાવે**, અસંતોષ કે દુઃખી હૃદયોને સાચું જ્ઞાનદાન આપી તેને સચ્ચિદાનંદનો માર્ગ બતાવે.' સાહેબ ધર્મ એટલે કંઇ નામધારી ધર્મગુરૂઓ અને તેમની પાછળ ઘેટાંની માફક દોડતાં ચેલાઓનું અને ભક્તોનું ટોળું નહિ, ધર્મ એટલે ઉપાશ્રયના પાટીયાપર બેસી સ્વાર્થી ઉપદેશ ધારાએ વાતાવરણ કલુષિત કરનાર કે તેને પોષનાર નહિ, ધર્મ એટલે ટીલાં ટપકાં કરી સમાજને ઠગનાર આડંબરી ક્રિયાધારી અંધ શ્રદ્ધાળુઓની ટોળી નહિ, પણ સાચો ધર્મ તો એજ છે કે જેના આદર્શનીય શુદ્ધ આચારણથી મનુષ્ય ઉન્નત બની મોક્ષમાર્ગી બનવાનો અભિલાષી બને.

જેઓ પવિત્ર પોશાકમાં હોવા છતાં પ્રત્યેક મીનીટે અધઃપતનનું માર્ગદર્શી જીવન ગુજારે છે તેઓ માનવ સમાજ આગળ પોતાને ધર્મગુરૂ કહેવરાવવા લાયક કેવી રીતે હોઇ શકે? એવાને ધર્મગુરૂઓ તરીકે માનવા એ પણ નુકશાન કર્તા છે એટલુંજ નહિ પણ પરમાત્માનો ગુન્હો છે. તેઓ પોપટની માફક મોઢે સૂત્રો બકે છે પરંતુ તેમનું આંતરીક જીવન એટલુંજ સડેલું હોય છે કે તેવા ધર્મગુરૂઓનો સમાજે કાયમ માટે સંબંધ ત્યાગવો જોઇએ.

આજે સમાજમાં આંખ ઉઘાડી તપાસીએ કે આપણે જેમને ધર્મગુરૂઓ માની બેઠા છીએ, તેઓ કેવું જીવન ગુજારી રહ્યા છે. પ્રભુ મહાવીરના પોશાકધારી થવાથી એ ફરજ અદા થતી નથી. તેની પાછળ શુદ્ધ ભાવના હોવી જોઇએ. શુદ્ધ ભાવના કેળવ્યા બાદ તે પ્રમાણે આચરણ થવું જોઇએ અને જ્યારે તે બન્નેનો સંયોગ થાય છે ત્યારે જે ફરજ ઉપર તે આવે છે તે ફરજ બરાબર બજાવી શકે છે. ધર્મની વિશુદ્ધિની જેને દરકાર નથી એવાને ધર્મી માનવાજ કેવી રીતે? એ તો ખુલ્લો સમાજને ભમાવવાનો દંભનો સોદો છે. અને આપણે એમ માનીએ કે આ દરેક સત્ય છે તો આજે સમાજમાં આગ પેટાવી ટંટા કલેશો જોયા કરે છે તે બને. તેઓ જ્યારે સમાજે સોંપેલી જવાબદારી ભૂલે, તેમના પર મુકેલા વિશ્વાસનો ખૂલ્લો ભંગ ન કરે એટલુંજ નહિ પણ તેમનું શરણ શોધતા તેમના અંધ ભક્તોને અને બીજાઓને અધોગતિની ઉંડી ખાડમાં પડવાના લાગ આવે તૈયાર પણ થાય અને જ્યારે આવી રીતે બને છે ત્યારે સ્થંભ તરીકે માનવાને એ કારણ મળે છે કે આવા ધર્મગુરૂઓ ધર્મના તો શું પરંતુ એક મનુષ્ય તરફ જેટલી પ્રેમ દૃષ્ટિથી જોઇએ તેથી સહેજ પણ વધુ પ્રેમ દૃષ્ટિથી નિહાળવાને લાયક નથી.

મારૂં કહેવું એવું નથી કે સમાજમાં દરેક આવા ધર્મગુરૂઓ છે. જેઓ ઉપર કહ્યા પ્રમાણે જીવન ગુજારી જાણે

---

સ્થિતિ થવાથી તા૦ ૨૭-૨-૩૩ ની મુદત પડી છે, તે દિવસે જે થાય તે ખરૂં.

અમારા શહેરના વાતાવરણને ગંદુ બનાવી ભાગી ગયેલ મોહનસૂરિએ દાદાવાળા છોકરાને ભગાડીને રાખ્યો હતો તે લાગ મળતાં નાસી છુટયો છે અને કોઇ ઠેકાણે ધંધે લાગી ગયાના સમાચાર સંભળાય છે. બિચારા સૂરિજી એ પંખેરૂનો કબજો લેવા તલપાપડ થઇ રહ્યા છે પણ પંખેરૂ એવે ઠેકાણે બેઠું છે કે સૂરિજીને લેવા જતાં ગભરાટ છુટે છે. હાલ એજ.

શિહોરવાસી.

# ઉધાર......ધર્મનો......અગ્નિકુંડ!

એકાદ ધર્મગુરૂ, કે ઉપદેશકના આદેશ અનુસાર આજની તમારી ખરા પસીનાની મેળવેલી હજારોની મિલ્કત લુંટાવી દો! કાલે-(કાલને અન્તે તે કાલે)-હવામાં અધ્ધર લટકતો કોઇ પ્રભુ કાલે તમને અનેકગણું આપશે!...**તમારા વયોવૃધ્ધ માતપિતાને રઝળાવી, તમારાં ભાંડુઓને રોતાં છોડી, ગઇ કાલની તમારી તાજી પરણેતર સ્ત્રીને-છતા પતિએ વૈધવ્ય આપી,** અને જો બની શકે તો તેથીયે આગળ વધી-તમારી તમામ મિલ્કતનું જાહેર લીલામ કરી બધી ધર્માદાની ટીપો તાજી કરી, 'પ્રભુ'ના પોકળ નામ પાછળ બાવા બની ચાલી નીકળો; તમારો સર્વનાશ અને તમારા જુના મૃત્યુ બાદ તમને આવતા ભવમાં સ્વર્ગની રિદ્ધિ અને અપ્સરાઓનો આનંદ મળશે! (વગેરે)......એવું કંઇક ઉધાર ધર્મના ઇજારદારોના ચોપડા પૂકારી રહ્યા છે! કપાળના હાડકાની પાછળ ભરાઇ બેઠેલા પ્રારબ્ધના નામે અપાતા ચમત્કાર વિનાના લૂખ્ખા દિલાસા અને પ્રલોભનો આ 'ઉધાર ધર્મ'ની રકમના સરવાળામાં કંઇ ઓર વધારો કરી મૂકે છે!

અનેક **નવકારસીઓ** અને **ચોરાસીઓ** જમી, અનેક મઠો અને મન્દિરો બંધાયા, અનેક જણ સંસારની છતી સગવડતાઓ છોડી વનમાં વસ્યા, અનેક **નિર્દોષ અબળાઓ** 'સતી'ના નામે ભૂતપતિ પાછળ જીવતાંજ બળી મૂઇ, એકજ પોકળ ધ્યેયની પાછળ અનેક યુદ્ધ થયાં, અનેક ભાવિકભક્તોએ પોતાની **સગી પરણેતર સ્ત્રીઓને ગુરૂદેવના ચરણોમાં સમર્પણ કરી**-જાણો છો?...આ બધું કોને ખાતર?...એકજ પેલા ભવિષ્યમાં આવી મળનારા 'ઉધાર ધર્મ'ને ખાતર!......

યુગયુગની આંદં પહેલાનું અદ્દભૂત જવાહીર અને હીંમત બક્ષિશનો ભર્યો ચાલી નીકળેલું ઉધાર ધર્મનું એ પુરાણું નાવડું કાળ ગંગાને કયે કાંઠે...કોને ખબર...એનો તોડ હજુ સંસારના ચતુરો કાઢી શક્યા નથી!

હવે આ ઉધાર ધર્મની સંગીનતા ભણી નજર કરો!

મન્દિરને પૂજનાર મસ્જિદમાં જાય તો નાસ્તિક ઠરે, ઇસ્લામી હિન્દુને આદર આપે તો કાફર બને, **એક જૈન અન્ય ધર્મવાળાઓની અનુમોદના કરે તો અવિચાર નડે...** ખાવા પીવામાં, બોલવા ચાલવામાં, સૂવા બેસવામાં અર્થાત્ જીવન કથનના પ્રત્યેક વ્યાપારમાં પૂર્વના ધર્માચાર્યોએ દોરેલી લીટીની બહાર જાણ્યે-અજાણ્યે ભૂલથી જરા પગ પણ મૂકાય તો, તર્તજ ધર્મનું આ પ્રાચિન કાળનું પુરાણું નાવડું ભાંગી ભૂકો થઇ જાય...હાજતે ગયા પછી ગુદાને બદલે કેવળ લોટોજ સાદીસત્તર વપરાત મંજાય, પચ્ચીસ વર્ષનું પુરાણું ખદબો અને રોગી જંતુઓના સંગ્રહસ્થાન જેવું એક અબોટિયું પહેરીનેજ રંધાય, લાકડાં ચોકખા પાણીએ ધોઇનેજ ચૂલામાં મૂકાય, કોઇનો સ્હેજ સ્પર્શ થતાં વેંતજ પરો સનાતની જમતાં જમતાં ચોકમાંથી ઉઠી ઉભો થાય! ઉધાર ધર્મની એવી અવ્યવહારૂ વિધિઓના પાલનમાં વર્તમાન ભારત વાસીઓ સમય અને શક્તિનો દુર્વ્યય કરી રહ્યા છે!

ભોળી જનતાના માથે પરાણે ઠોકી બેસાડેલી ધર્મજડતાની ભીતિ પ્રત્યેક વ્યક્તિને વિશાળ વાતાવરણમાં આવતાં અંતરાય કરે છે!

આવી ધર્મઘેલછાઓ અને ધતીંગો બુદ્ધિશૂન્ય મગજોમાં જ્યારથી સુસ્થા પામી ત્યારથીજ વ્યક્તિ સ્વાતંત્ર્ય અને દેશની દિવ્યતાનો નાશ થઇ રહ્યો છે!

દારૂ, માંસના તત્વોથી બનેલી દવાઓ પીતાં ધર્મભ્રષ્ટ ના થાય, છળ-પ્રપંચ અને અત્યાચાર કરતાં ધર્મભ્રષ્ટ ના થાય, વ્યભિચાર-પાખંડ અને જુઠાણું સેવતાં ધર્મભ્રષ્ટ ના થાય, કેવળ **શિષ્ય મોહને ખાતર સંતાકુકડીની હીચકારી રમતો રમતાં રમતાં ધર્મભ્રષ્ટ ના થાય,** કરોડોના ભૂખ્યા પેટપર પાટુ મારી જીવનની જરૂરીઆત ચીજોના ભાવ વધારી મૂકતાં ધર્મભ્રષ્ટ ના થાય, ચોરી-જુગાર, દેશદ્રોહ અને ગર્ભપાતો કરતાં ધર્મભ્રષ્ટ ના થાય......ત્યારે, એકજ પરમ પિતાના વિખુટા પડેલા પુત્રો આપસમાં હળીમળી રહેવા પ્રયત્ન કરે-એક બીજા પ્રત્યે સદ્દભાવ અને સમવૃત્તિ દાખવે-મુસ્લીમ મદારીઓના ડુગડુગી ઉપર નાચવાનું 'ના' કહે, તો ધર્મભ્રષ્ટ થાય એ કયાંનો સિધ્ધાંત?...કયાંનો ન્યાય?......કહો કહો! એ કયા મૂર્ખાઓનાં જોડી કાઢેલાં પાપ પૂરાણો??

ખચીતજ ધર્મ જો એવા કાચા સુતરના તાંતણાથીય કમજોર અને પતંગિયા કાગળ કરતાંય પાતળો હોય તો, એ ધર્મ જગતનું શું ઉકાળવાનો હતો? એવા પામર ધર્મની સ્વપ્નેય ઇચ્છા ના થાઓ! ના થાઓ!!

એવા ધર્મની પાછળ સર્વસ્વ અને શક્તિનો ભોગ આપી મરી ફીટવું એ મૂર્ખાઇભરેલા આત્મઘાત સિવાય બીજું શું છે?

ભારતની વર્તમાન અવનતિ આ ઉધાર ધર્મને આભારી છે! આ ઉધાર ધર્મના ઇજારદારોએજ ભારતને ગુલામીની જંજિરોમાં જકડી દીધું છે! **અનેક મતમતાંતરો-વાડાઓ અને ફીરકાઓમાં વ્હેંચાઇ ભારતનો વર્તમાન માનવ સમાજ સડી (!) સર્વનાશની પાયરીએ પહોંચ્યો છે!...** બ્રહ્મકાળે ઉધાર ધર્મની બેંકમાં રોકેલી મૂડીના વ્યાજના લોભે, હવાઇ આશામાં આજના ક્રિયા શૂન્ય મુડદાલ ભારત વાસીઓ આકાશ ભણી મ્હોં વિકાસી જોઇ રહ્યા છે!

એજ ઉધાર ધર્મના ઓઠા નીચે સાધુ સંતનું નામ ધારણ કરી, **મુક્તિની આળસે જીવનારા છપ્પન લાખ ઓઠીઓ દેશની દરિદ્રતામાં વધારો કરી રહ્યા છે!** એજ 'ધર્મ' નામધારી

---

છે તેવાઓને તો અમારા વંદન હો! પરંતુ અમારો રોષ આવા નામધારી ધર્મગુરૂઓ પર છે કે જેઓ સમાજને એક અધોગતિના કારણરૂપ બન્યા છે.

મારી જૈન પ્રજાને નમ્ર વિનંતી છે કે આવા ધર્મગુરૂઓથી સદા દૂર રહે અને સાચા માર્ગદર્શી ગુરૂને ઓળખી પોતાનું કલ્યાણ સાધે એમ ઇચ્છું.

(અપૂર્ણ)

# આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા.

[ લેખક: પં. સુખલાલજી. ]

— ગતાંકથી ચાલુ —

પણ મનુષ્ય પ્રકૃતિમાં જેમ મીઠાશ તેમ કડવાશનું પણ તત્ત્વ છે. આ તત્ત્વ દરેક જમાનામાં ઓછુંવત્તું દેખાય છે. શબ્દો કાંઈ જાતે સારા કે નરસા નથી હોતા. તેના મધુરપણા અને કડવાશપણાનો અથવા તો તેની પ્રિયતા અને અપ્રિયતાનો આધાર તેની પાછળના મનોભાવ ઉપર અવલંબિત હોય છે. આ વસ્તુ આપણે થોડાક દાખલાઓથી વધારે સ્પષ્ટ કરીને સમજી શકીશું. નાગો, લુચ્ચો અને બાવો એ શબ્દો લ્યો અને વિચારો. નાગો સંસ્કૃતમાં નગ્ન અને પ્રાકૃતમાં નગિણ. લુચ્ચો સંસ્કૃતમાં લુંચક અને પ્રાકૃતમાં લુંચઓ. બાવો સંસ્કૃતમાં વપ્રા અને પ્રાકૃતમાં વપ્પા અથવા બપ્પા.

જે માત્ર કુટુંબ અને માલમત્તાજ નહિ પણ કપડાં સુખોનો તદ્દન ત્યાગ કરી આત્મશોધન માટે નિર્મમત્વ વ્રત ધારણ કરતો અને મહાન આદર્શ નજર સામે રાખી જંગલમાં એકાકિ સિંહની પેઠે વિચરતો તે પૂજ્ય પુરુષ નગ્ન કહેવાતો. ભગવાન મહાવીર આજ અર્થમાં નગ્ન તરીકે પ્રખ્યાતિ પામેલા છે. પરિગ્રહનો ત્યાગ કરી અને દેહદમનનું વ્રત સ્વીકારી આત્મ-સાધના માટે જે ત્યાગી થતો અને પોતાના મસ્તકનાં વાળને પોતાનેજ હાથે ખેંચી કાઢતો તે લુંચક અર્થાત્ લોચ કરનાર કહેવાતો. એ શબ્દ મુખ્ય ત્યાગ અને દેહદમન સૂચવનાર હતો. વપ્તા એટલે સર્જક અને સર્જક એટલે વડિલ અને સંતાનનો પૂજ્ય. આ અર્થમાં બપ્પા અને બાવા શબ્દ વપરાતો. પરંતુ હમેશાં શબ્દોના વપરાશની મર્યાદા એક સરખી નથી રહેતી. તેનું ક્ષેત્ર નાનું મોટું અને વખતે વિકૃત થઇ જાય છે. નગ્ન એટલે વસ્ત્ર રહિત તપસ્વી: ને બાવો તપસ્વી એટલે માત્ર એક કુટુંબ અગર એકજ પરિવારની જવાબદારી છોડી વસુધા કુટુંબિક બનનાર અને આખા વિશ્વની જવાબદારીનો વિચાર કરનાર. પરંતુ કેટલાક માણસો કુટુંબમાં એવા નીકળે કે જેઓ નબળાઇને લીધે પોતાની કૌટુંબિક જવાબદારી ફેંકી દે છે, અને તેની જગ્યાએ વધારે સારી અને વધારે વ્યાપક જવાબદારી સ્વીકારવાને બદલે આળસ અને અજ્ઞાનને લીધે તેઓ પોતાના કુટુંબને અને પોતાની જાત સુદ્ધાંને બીનજવાબદાર થઇ ભટકતા અને રખડતા રામ થઇ જાય છે. આવા માણસો અને પેલા જવાબદાર નગ્ન તપસ્વીઓ વચ્ચે ઘર પ્રત્યેની બીનજવાબદારી પુરતું, ઘર છોડી ગમે ત્યાં ભટકવા પુરતું સામ્ય હોય છે. આટલા સામ્યને લીધે પેલા બીનજવાબદાર માણસોના લાગતાવળગતાઓએ તે રખડતા રામને તિરસ્કારસૂચક તરીકે અગર પોતાની અરૂચિ દર્શાવવા તરીકે નાગો (નગ્ન) કહ્યો. આ રીતે વ્યવહારમાં જ્યારે કોઈ એક જવાબદારી છોડે, આપેલું વચન ન પાળે, માથેનું કરજ અદા ન કરે, તેને દાદ ન આપે ત્યારે પણ તે તિરસ્કાર અને અણગમાના વિષય તરીકે નગ્ન કહેવાયો. બસ! ધીરે ધીરે પેલો મૂળ નગ્ન શબ્દ પોતાના મહાન તપ, ત્યાગ અને પૂજ્યતાના અર્થમાંથી સરી ધીરે ધીરે માત્ર બીનજવાબદાર એ અર્થમાં આવીને અટક્યો અને આજે તો એમ બની ગયું છે કે કોઇ ત્યાગી સુદ્ધાં પોતાને માટે નાગો શબ્દ પસંદ નથી કરતો. દિગંબર ભિક્ષુક જેઓ તદ્દન નગ્ન હોય તેઓને પણ જો નાગો કહેવામાં આવે તો તેઓ પોતાનો તિરસ્કાર અને અપમાન માને. લુંચક શબ્દે પણ પોતાનું પવિત્ર સ્થાન ગુમાવ્યું છે, અને કહેલું ન પાળે, બીજાને ઠગે તેટલાજ અર્થમાં સ્થાન લીધું છે. બાવો શબ્દ તો ઘણીવાર બાળકોને ભડકાવવાના અર્થમાંજ વપરાય છે, અને કેટલીકવાર તો કશીજ જવાબદારી ન ધરાવતો હોય તેવા આળસી અને પેટભરૂ માટે પણ વપરાય છે. આ રીતે ઉપયોગની પાછળના સારા કે નરસા, આદર કે તિરસ્કાર, સંકુચિત કે વિસ્તૃત ભાવને લીધે શબ્દો પણ એકજ જાતાં ક્યારેક સારા, ક્યારેક નરસા, ક્યારેક આદરસૂચક, ક્યારેક તિરસ્કારસૂચક અને ક્યારેક સંકુચિત અર્થવાળા તેમજ વિસ્તૃત અર્થવાળા જોવામાં આવે છે. આ દાખલાઓ આપણને પ્રસ્તુત ચર્ચામાં બહુ કામના છે.

---

સ્મશાનમાં સમાજના શબ્તાનો ચાર ક્રોડ બાળ વિધવાઓના જીવનને સળગાવી રહ્યા છે! એજ ઉધાર ધર્મના અગ્નિકુંડમાં કરોડો રૂપીઆનો ધુમાડો થઇ રહ્યો છે!...આવાં અનેક અનિષ્ટ દર્શો—એ બધી ઉધાર ધર્મની મ્હોંકાણ છે!!

જ્યારે એક બાજુ દેશ દેશના રાષ્ટ્ર વિધાતાઓ **સમસ્ત એશિયાનું એકય સાધવા ભગીરથ પ્રયાસો કરી રહ્યા છે**, ત્યારે બીજી બાજુ ભારતના ધર્મધુરંધરો ન્યાય, નીતિ અને સદાચારના નામે, પુણ્ય અને પવિત્રતાના નામે, પ્રત્યેક માનવ સંતાનોને એક બીજાથી જુદા પાડવાની પેતરણમાં છે.

ઉધાર ધર્મના આ ઠેકેદારો, અનેક **ધર્મપિપાસુઓ** ઉપર પોતાની માયાવી જાળ બીછાવી તે દ્વારાએ પોતાનાં પાપ અને અને પોતાની પામરતાને વિશ્વવ્યાપી બનાવવા તલસી રહ્યા છે!

જેઓને સમાજના સંતાનોના સુખ દુઃખમાં કે નફા તોટામાં કંઇએ લેવા દેવા નથી, જેઓને પારકા પૈસા અને પસીના પર તાગડધીન્ના કરવાનું છે, જેઓને મન ગાજુની ટોળકીઓ ફુટી જીવન સંગ્રામની કટોકટિની છેક આખરની વખતે 'ત્યાગી'ના નામના બચાવથી નહાસી છુટવાનું છે, એવાઓને ફકે કહેજે આ ઉધાર ધર્મના રાક્ષ્યા ગાઢ ભારતની આઝાદીના પથમાં વિક્ષોભ ઉભો કરે છે!—ડગલે ને પગલે દેશની પ્રગતિને દબો દેવો છે! અને પછી નરવા ફુપ જેવા છેટે ઉભા રહી તાળીઓ ફુટી મઝા મ્હાણવી છે!...ધીક્કાર હો (!) એમના એ કહેવાતા ધર્મીપણાને! આગ લાગો (!) એમની એ ધાવાત ભાવનાઓની (!) પુળો મુકાઓ (!) એમની એ કહેવાતી ધાર્મિક પવિત્રતાઓમાં!!

ઓ! દેશના આશા કેન્દ્ર યુવાનો! આપણે ઉધાર ધર્મની આશામાં બહુજ ગુમાવ્યું: લડયા—પડયા અને મર્યા...હવે તો આપણા પોતાના વિશાળ દેશને ખાતર, આવતી કાલની ઉગતી પ્રજાને ખાતર **"પોલાદી સાંકળ જેવો મજબુત અને વિંધ્ય જેટલો વિશાળ" એવા નગદ ધર્મની સ્થાપના કરવી જોઇએ!** એવા નગદ ધર્મથીજ આપણે આગળ વધી ઉન્નતિ કરી શકીશું! અન્યથા નહિજ!

—સ્વપ્ન દ્રષ્ટા.

# જર્મન દ્રષ્ટિએ જૈનધર્મ

લેખકઃ
મહાસુખભાઈ ચુનીલાલ-વિસનગર.

(તા૦ ૨૧-૧-૩૩ ના અંકથી ચાલુ)

જૈન ગ્રંથોમાં મહાવીર વિષે ઘણુ વિશ્વાસ યોગ્ય લખાણુ મળી આવે છે, એટલુંજ નહિ પણ જૈનેતર ગ્રંથોમાં પણ એમને વિષે ઉલ્લેખ મળી આવે છે, તેથી એ તો નિશ્ચિત છે કે મહાવીર ઇતિહાસકાળમાં થઇ ગયા. બૌધ્ધોએ અને જૈનોએ પરસ્પરને સ્વધર્મના શત્રુ માન્યા છે, અને એટલા માટે પરસ્પર વાદવિવાદ ઉઠાવ્યા છે. છતાં બૌધ્ધોએ મહાવીરને પોતાના ગુરૂ ગૌતમબુદ્ધના સમકાલીન પુરૂષ હતા એમ ઉલ્લેખ કરેલ છે, અને એમ એમના અસ્તિત્વની સાબીતી આપી છે. મહાવીરની પૂર્વે થઇ ગએલા પાર્શ્વનાથની ઐતિહાસિકતા વિષે પણ શંકા લેવાનું કશું કારણ નથી. બેશક એમના સંબંધી આપણે જૈન ગ્રંથોમાંજ ઉલ્લેખો જોઇએ છીએ અને એ ઉલ્લેખોમાં એમનો વિષે જે વર્ણન છે, તે ધાર્મિક કથાઓથીજ ભરપૂર છે. છતાંયે આ મહાન્ પુરૂષના વર્ણન સ્વરૂપની આસપાસ વળગેલી ઉપકથે એના ઐતિહાસિક ચરિત્રનો નાશ નથી કરી નાંખ્યો. તીર્થંકરોની ઐતિહાસિકતા સંબંધી સૌથી વધારે અગત્યની વાત તો એ છે કે એમના અસ્તિત્વ અને એમના સિદ્ધાંતો વિષેના આપણા જ્ઞાન વડે એમનું જે ચિત્ર ખડું થતું હોય તે ચિત્રને ભારતવર્ષના ધાર્મિક સિદ્ધાન્તોના વિકાસની શાસ્ત્રીય ઘટનાઓની કસોટીએ ચડાવી લેવું જોઇએ ત્યારે આ વિકાસની ઘટનાઓને ઇતિહાસ ક્રમે તપાસી જઇએ. ઇશુખ્રિસ્તની પૂર્વેના બીજા સૈકાના અંતે ભારતના ધાર્મિક જીવનમાં ગંભીર પરિવર્તન થયાં. પ્રથમ આવેલા આર્યોના શરણ અને ઇશ્વરવાદને યજ્ઞ આદિ કર્મકાંડે નવો વિકાસ આપ્યો. તેથી દેવોની સત્તા તેમના ભક્તોને મન ધીરે ધીરે સંકોચાતી ચાલી, અને તેને બદલે દૈવી સત્તાઓ અદ્ભુત શક્તિ ધરાવનાર ગુરૂઓનાં અલૌકિક કર્મકાંડમાં આવતી મનાવા લાગી. આથી ગુરૂપદના સ્થાનને ચિર મહત્વ મળ્યું, તેઓ ઉંચે ચડયા ને ધીરે ધીરે જાદુ અવસ્થાનો ઉપયોગ કરીને પોતે ઇશ્વ બન્યા. આ માર્ગે ચાલતાં એક નવો સિધ્ધાંત જન્મ પામ્યો, અને તેણે સમાજજીવનના બળને અનુસરીને ધાર્મિક સ્વરૂપ પકડયું એ સિધ્ધાન્ત તે કર્મનો-કર્મના ફળનો અને તેને અનુસરતો પુનર્જન્મના સિદ્ધાન્તનો.

પ્રત્યેક ભવ પોતે સ્વતંત્ર નથી પણ સમસ્ત ભવશૃંખલાનો એક આંકડો છે, એ સિદ્ધાન્ત ઉપરથી ગંભીર પ્રકૃતિના મનુષ્યને એ પ્રશ્નજ ઉદ્ભવે કે જન્મ મરણની અવિરત ઘટમાળમાં ફરી ફરી અવતરવા જીવવું એ શું યોગ્ય છે? ધાર્મિક વૃત્તિનો મનુષ્ય તો આ પ્રશ્નનો ઉત્તર નકારમાંજ આપશે, તે તો નવી તૃષ્ણાનો તથા નવાં દુઃખનો નાશ થાય એટલા માટે જન્મ મરણની પારની સ્થિતિ પ્રાપ્ત કરવા ભૌતિક ભૂમિકાની પેલેજ પૈડાજ સમયમાં નાશ પામતું નથી એવું ઉત્તમ પદ પ્રાપ્ત કરવા મથશે.”

ઉપર કહેલ નાસ્તિક અને મિથ્યાદૃષ્ટિ શબ્દની શ્રેણીમાં વળી બીજા બે શબ્દો ઉમેરવા જેવા છે. તેમાંનો એક નિન્હવ શબ્દ છે જે શ્વેતાંબર શાસ્ત્રમાં વપરાએલો છે અને બીજો જૈનાભાસ શબ્દ છે જે દિગંબર ગ્રન્થોમાં વપરાએલો છે આ બન્ને શબ્દો પણ અમુક અંશે જૈન છતાં બીજા કેટલાક અંશોમાં વિરોધી મત ધરાવનાર માટે વપરાએલા છે. નિન્હવ શબ્દ તો જરા જૂનો પણ છે પરંતુ જૈનાભાસ એટલે કૃત્રિમ જૈન એ શબ્દ એટલો જૂનો નથી અને તે વિલક્ષણ રીતે વપરાએલો છે. દિગંબર શાખાની મૂળ સંઘ, માથુર સંઘ, કાષ્ટ સંઘ એવી કેટલીક પેટા શાખાઓ છે તેમાં જે મૂળ સંઘનો ન હોય તે દરેકાદને જૈનાભાસ તરીકે ઓળખાવવામાં આવ્યો છે જેમાં શ્વેતાંબરો પણ આવી જાય છે. શ્વેતાંબર શાસ્ત્રકારોએ જૂના વખતમાં તો અમુકજ મતભેદ ધરાવનાર અમુકજ પક્ષોને નિન્હવ કહેલા પણ પાછળથી જ્યારે દિગંબર શાખા તદન જુદી પડી ત્યારે તેને પણ નિન્હવ કહી. આ રીતે આપણે જોઇ શકીએ છીએ કે બે મુખ્ય શાખાઓ શ્વેતાંબર અને દિગંબર એક બીજાને પોતાનાથી ભિન્ન શાખા તરીકે ઓળખાવવા અમુક શબ્દો યોજે છે અને પછી ધીરે ધીરે એકજ શાખામાં જ્યારે પેટા ભેદો થવા લાગે છે ત્યારે પણ કોઇ એક પેટા ભેદ બીજા પેટા ભેદો માટે તે શબ્દો વાપરે છે. અપૂર્ણ.

## સ્ટેન્ડીંગ કમીટિની બેઠક.

બનારસ યુનિવર્સિટીમાં જૈન પંડિતની નીમણુંક અંગે આપણી શ્રીમતી કોન્ફરન્સ દેવીની સ્ટેન્ડીંગ કમીટિની બબેવાર મીટીંગ મળીને નિર્ણય કર્યા વિના વિખેરાયેલી છેવટે ભાઇ લલ્લુભાઇ કરમચંદના પ્રમુખપણા નીચે ત્રીજી વારની મળેલ કમીટિએ ખુબ ચર્ચા કરેલી. જે વખતે એક બે સભ્યો પ્રોટેસ્ટ તરીકે ચાલી ગયેલા. છેવટે સર્વાનુમતે પંડિત સુખલાલજીને રોકવાનો ઠરાવ કરેલો.

બાદ બીજેજ દિવસે બહારથી મિત્ર પણ અંદરથી કોન્ફરન્સના શત્રુએ રોજીંદાપત્રોમાં છપાવેલું કે “કેસ કોર્ટે જવાની વકી છે. દસ બાર સભ્યોએ રાજીનામાં આપ્યાં છે.” અને આપનારનાં નામ પણ રજુ કરેલાં, એ બિચારાને લાગ્યું હશે કે ફજીતી થંભી જશે અને આપણને ખોરાક મળશે. કોર્ટનું જે તુફાન ઉડાડેલું તે તો બાજુએ રહ્યું. પરંતુ જેમણે રાજીનામાં આપેલ તેમણે પાછાં ખેંચી લીધાં. અને જે રૂપીયા પચાસ ફંડમાંથી આપવાના હતા તેના બદલે કોન્ફરન્સના મહામંત્રી ભાઇશ્રી રણછોડભાઇ રાયચંદ તરફથી માસીક પચાસ રૂપીયા આપવાની જાહેરાત થઇ. અને જે ઠરાવ થયેલો તે બહાલ રહ્યો. કોન્ફરન્સને હલકી પાડી તેના કામની વગોવણી કરવાનો આ નુસખો પહેલો નથી પણ આવા નુસખા તો તે બિચારાએ ઘણી વાર અજમાવ્યા છે. પરંતુ તેનું પરિણામ સૂરજ સામે ધુળ ઉડાડવા જેવું આવ્યું છે. B.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh, at 26-30, Dhanji Street Bombay, 3.

Reg. No. B. 2917.
Tele. Add. 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈનનો વધારો નં. ૧

છુટક નકલ એક પૈસો. | તંત્રી: ચંદ્રકાન્ત વી. સુતરીઆ. | બુધવાર તા૦ ૨૨-૨-૩૩

# જૈન સમાજને ચેતવણી.

વડોદરા રાજ્યનો 'સન્યાસ દીક્ષા નિયામક નિબંધ' જ્યારથી બહાર આવ્યો છે, ત્યારથી તેના વિરોધીઓએ તેની સામે અનેક સાચી ખોટી રમતો આદરી છે. તેવી એક રમત "વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટી"ના ઓઠા નીચે મજકુર નિબંધ વિરૂદ્ધના દેખાવોનો કાર્યક્રમ તા૦ ૨૬-૨-૩૩ ને રવિવારનો જાહેર કર્યો છે. તેથી અમો સમગ્ર જૈન સમાજને ચેતવીએ છીએ કે, વડોદરા રાજ્યની જૈન પ્રજાનો મોટો ભાગ તે નિબંધની તરફેણમાં છે, એટલે તેનો સામનો કરવા વડોદરા રાજ્યની સમગ્ર જૈન પ્રજાએ કમીટી નીમીજ નથી-છેજ નહિ. અને જે બહાર આવી છે તે ગણ્યા ગાંઠયા અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ-એટલે સાધુઓના અંધભકતો-તે પણ વડોદરા રાજ્ય બહારના પડદા પાછળ ઉભા રહી વડોદરા રાજ્યની જૈન પ્રજાના નામનો દુરૂપયોગ કરનારા છે તે જનતા સમજે અને તેવા ખોટા ગુલબાનોથી જાગતી રહે. તેમ તેવાઓને કોઇ જાતનો સાથ ન આપે.

લી૦ સેવકો,

મંત્રીઓ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh, at 26-30, Dhanji Street Bombay, 3.

સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ.

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો. વાર્ષિક રૂ. ૨-૮-૦ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૧૮ મો. શનીવાર તા. ૨૫-૨-૧૯૩૩.

## વડોદરા રાજ્યના પ્રજાપાલક રાજવીનો સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ.

વડોદરા રાજ્યના પ્રજાપાલક રાજવી શ્રીમંત સરકારના હુકમથી તા૦ ૯ : ફેબ્રુઆરી : ૧૯૩૩ ની આજ્ઞાપત્રિકામાં 'સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ' પ્રસિદ્ધ થયો છે. સાથે તા૦ ૮-૩-૩૩ સુધી એટલે એક માસમાં સુચનાઓ લેવાનું જાહેર કર્યું છે. એથી અમે સમગ્ર જૈન સમાજને વિનવીએ છીએ કે, જેઓ તમારા બાળકોને લલચાવી, નસાડી, સંતાડી, મૂંડી નાંખતા તેવાઓથી તમારા બાલબચ્ચાનાં રક્ષણાર્થે આ કાયદો ઘડાયો છે, તેથી દરેક જૈન સૂચનાઓ મોકલે કે 'વડોદરા રાજ્યના પ્રજાપાલક રાજવીએ અમારાં બાલબચ્ચાંના હિતાર્થે આવો કાયદો ઘડી તેમનું રક્ષણ કર્યું છે. તેથી અમો તેને વધાવીએ છીએ.' આખા હિન્દુસ્થાનના રાજવીઓમાં, પોતાના રાજ્યમાં સમાજ સુધારા દાખલ કરવામાં જેઓ અગ્રસ્થાન ભોગવે છે તે શ્રીમંત વડોદરા નરેશને અમો ધન્યવાદ આપીએ છીએ.

## ત્યાગનાં લીલામ !

### સૂરીજી હોડીમાં !

આચાર્ય વિજયલબ્ધિસૂરી (!) ભરૂચથી અંકલેશ્વર જતાં નદીના પુલનો ઉપયોગ ન કરતાં હોડીમાં બેસીને નદી ઉતર્યા. શરીર ભારે એટલે ગભરાયા કે ઉત્સૂત્રમાંથી કંઇ ખોળી કહાડી હોડીમાં બેસવાની મોજ ઉડાવી? ધન્ય! સૂરજી!

### નવ અંગે પૂજા.

જંબુસરમાં લબ્ધિસૂરી (!) એ નવ અંગે પૂજા કરાવી. વાહ! સુરજી વાહ! તમે પણ નુતન નવા નુસખા અજમાવે જાઓ છો અને ભક્તાં રાચે છે-ઓચે છે, સુરજી! તમને પતિત કરતી તમારી લીલાઓ ભલે તમે અને તમારા ભક્તો ન જોઇ શકો; પણ જગત જોઇ રહ્યું છે અને જરૂર કોઇ દિ હીસાબ માંગશે.

### દીક્ષા છોડી ઘેર આવ્યા.

શિહોરના શામજી ભાઇએ થોડા દિવસ પહેલાં એમના સગીર પુત્ર મણીલાલને ઓઘો પકડાવી પોતે પણ પકડેલો. પરંતુ થોડાજ દિવસમાં પુત્ર તો દીક્ષા છોડી ઘેર ચાલ્યો આવ્યો અને શામજીભાઇ હાથ કહાડવામાં, મોરીયા ઉપાડવામાં સલવાઇ રહ્યા. તેમ તેમના મનિવિજય (મણીલાલ) ઘેર જવાથી સુરજી આગલ આગળ પાછળ થઇ પડ્યા, કારણ કે હમણાં સાધુઓને બાળક શિષ્યો બહુ વહાલાં લાગે છે. એટલે શામજી ભાઇને પાણીયું પકડાવી દીધું પણ તે શિહોરના હોવાથી શિહોરમાં આવીને પડ્યા છે. જેને તેને મૂંડી નાંખનારા અને નખાવનારા આવી રીતે બીજાના જીવન પાયમાલ બનાવે છે.

### કાવાદાવાની શરૂઆત.

નામીયા ધનસૂરિ (?) શિહોરથી નીકળતાં એ બધું બગાડાને સમજાવતા ગયા છે કે "કાયદાનો વિરોધ [illegible] [illegible] [illegible] તાર કરજો [illegible] [illegible] તારો અને કાગળો મોકલાવતા રહેજો" (હો આ પ્રમાણે કાવાદાવા ન કરે તો સગીરોને ઉપાડવાનો ધંધો પડી ભાંગે ને!)

### સગીર બાળાની દીક્ષા.

થોડા દિવસો પહેલાં વડોદરાની બાજુમાં આણી ગામે એક નવ વરસની બાળાને ગુપ્ત પણે સાધ્વીજીના કપડાં પહેરાવી વેશમાં આવેલાં પણ તેના સગાવહાલાંઓને ખબર મળતાં તરતજ ઘેર પાછાં લઇ આવ્યાં. નાનાં બાળકોને આવુ સાધ્વી પાસે મોકલતાં વિચાર જો અને સૂઝ્યા તો સુમાતી બેઠા સમજજો

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૨૫-૨-૩૩


## સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ.

### તે કાયદાનું રૂપ કયારે લેશે ?

જેટલું જલ્દી લે તેટલું સારૂં.

વડોદરા રાજ્ય તરફથી સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધના મુસદ્દા ઉપર વિચાર કરવા નિમાયલી સમિતિનું જે નિવેદન આપણી પાસે પહોંચ્યું છે તે તપાસી જોતાં દીવા જેવું સ્પષ્ટ જણાય છે કે આવો કાયદો જલ્દી પસાર થાય તે ઇચ્છવાજોગ છે એટલુંજ નહિ પણ અતિ આવશ્યક છે. અને ૧૯૨૯ માં વડોદરા રાજ્યની ધારાસભામાં રજુ થયેલી દરખાસ્ત એવા કારણે પાછી ખેંચી લેવાઇ હતી કે દીક્ષા ઉપર કંઇ કાયદેસર અંકુશની જરૂરીઆત છે કે કેમ તેની પ્રથમ તપાસ કરવી અને ૧૯૩૧ માં નિબંધ ઘડાયો અને તેની તપાસ કરવા માટે ઉપર જણાવેલી સમિતિ નીમાઇ અને મજકુર તપાસના મીઠાં ફળ રૂપે આ સુંદર નિવેદન સમાજને પ્રાપ્ત થયું.

**મજકુર નિવેદનમાં સમિતિ સ્પષ્ટ ભાષામાં કહે છે કે "અમારો અભિપ્રાય એવો થાય છે કે કાયદો કરવાની જરૂર છે. કાયદો થવાથી હાલ દીક્ષા સંબંધે ચાલતા ઝગડા, સાધુઓ ઉપર મૂકાતા અપવાદો અને કુટુંબમાં થતો કલેશ પણ બંધ થશે અને જેઓ સમાજ અને લાગતા વળગતાની સમ્મતિથી દીક્ષા લેવા યોગ્ય હશે તેજ દીક્ષા લઇ શકશે. આથી દીક્ષાનું મહત્વ ઘટવાને બદલે વધશે; સાધુ સંસ્થા કંઇ બંધ નહિ થઇ જાય પણ તેમાં દાખલ થવા લાયક હશે તેજ દાખલ થઇ શકશે અને તેથી સાધુસંસ્થા પ્રત્યે જૈન સમાજની હાલ જે ભાવના છે તેમાં ઘટાડો થવાને બદલે ઉલટો વધારો થશે."**

આવો દૃઢ અભિપ્રાય જૈન સમાજે-સમાજના બન્ને પક્ષોએ વધાવી લઇ મજકુર સમિતિનો જાહેરમાં આભાર માનવો જોઇએ અને એવી ઇચ્છા જલ્દી પ્રગટ કરવી જોઇએ કે વડોદરા રાજ્ય તો આ કાયદો જલ્દી ઘડેજ, એટલુંજ નહિ બલ્કે બીજા રાજ્યોમાં પણ આવો કાયદો તુરતજ હસ્તીમાં આવે કે જેથી સમિતિની તપાસના મધુરાં ફળનો સંપૂર્ણ લાભ સમાજને જલ્દી મળે.

પણ એ દિવસ કયાંથી કે 'મીયાંકે પાઉંમેં જુતીયાં !' જ્યારથી આ નિવેદન પ્રસિદ્ધ થયું છે ત્યારથી જૈન સમાજમાં પીછો શોરબકોર ચાલુ થયો છે. 'ધર્મ સ્વાતંત્ર્ય'ને નામે બખાળા બહાર પડવા લાગ્યા છે. દીક્ષા ઘેલા આચાર્યોની દોડધામ શરૂ થઇ છે. કાવાદાવાઓના કારસ્તાનો ઘડાઇ રહ્યાં છે. 'અમે સાધુઓની સહીઓ લાવી આપીએ, કે બાળ દીક્ષા હવેથી બંધ અને માત્ર ઉપાશ્રયમાંજ દીક્ષા અપાય' એવી એવી વાટાઘાટો પણ ચાલે છે કે જેથી આ નિબંધ [illegible] છે. [illegible]સ્વામના ફરીસ્તો હવે તો વડોદરામાં [illegible] થવા લાગ્યા છે અને કાયદો થવા સામે વિરોધ કરવા કટીબંધ થયા છે.

અને આ ધમાલ સંબંધમાં મજકુર સમિતિએ સાચુંજ કહ્યું છે કે "અમુક ઉમરનાને દીક્ષા નહિ આપવાનો કાયદો સરકાર કરે તો કદાચ કેટલાક જુના વિચારના લોકોને શરૂઆતમાં તે સખ્ત લાગશે અને સરકારે ધર્મના કામમાં હાથ ઘાલ્યો એવો કકળાટ પણ તે કરશે **તો પણ જનસમાજના મોટા ભાગને તે વ્યાજબીજ લાગશે** અને થોડા વર્ષોમાં એવો સમય પણ આવશે કે જ્યારે કાયદાનો કંઇ પણ અમલ કરવાની જરૂર ન રહેતાં **બધાં લોકો પોતાની મેળેજ તે પ્રમાણે વર્તતા થશે** અને કાયદો માત્ર કાગળ ઉપર રહેશે."

કાયદાની આવશ્યકતા અને તેથી થનાર લાભો આમ ખુલ્લા દીલથી જણાવ્યા પછી પણ કાયદો થવા સામે વિરોધ કરવો એ માત્ર બાલીશતાજ છે. અને એ પણ યાદ રાખવાનું છે કે તેવા બાલીશોની સંખ્યા નજીવીજ છે. સમાજનો ઘણો મોટો ભાગ કાયદો થવાની તરફેણમાંજ છે અને વડોદરા સરકારને આવા ઉંચા કાર્યમાં મદદ કરવા હંમેશ ખડે પગે તૈયારજ છે અને કાયદો જલ્દી પસાર થાય તેની અહર્નિશ વાટજ જોયા કરે છે.

સમિતિની ભલામણો ખરેખર સરળ, સાધારણ અને તદ્દન વ્યાજબી છે; અને સમિતિના ઉક્ત અભિપ્રાય સાથે અમે સંપૂર્ણ રીતે મળતા થઇએ છીએ કે મજકુર ભલામણો સ્વીકારવાથી સંન્યાસ દીક્ષા જેવી મહત્વની અને ઉચ્ચ ધર્મની બાબતમાં હાલ જે મલીનતા દાખલ થયેલી છે તે દૂર થશે, જે પ્રકારનો હાલ દીક્ષિત વર્ગ છે તેના કરતાં આગળ ઉપર વધારે શુદ્ધ અને સારો થશે.

લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું સંતાડવા જવા જેવું પગલું જનસમાજ કદી નહિંજ ભરે.—સાચું સત્વરજ સ્વીકારશે.

કાયદો થવા સામે વ્યર્થ કોલાહલ મચાવવો તેના કરતાં કાયદો કાગળ ઉપરજ રહે તેવાં રચનાત્મક પગલાં લેવાં એજ ખરો ડહાપણભર્યો માર્ગ છે. કાયદા-પોથીમાં કાયદો દાખલ થયો તેથી સમાજને કંઇ હીણપત નથી. કાયદાના ઉદ્દેશ અને હેતુઓ સમજી, એવા રચનાત્મક પગલાં લેવા ઘટે છે કે જેથી શિક્ષાને લાયક કોઇ બનાવજ ન બને પણ તેવાં શુભ પગલાં લેવાના કાર્યમાં પડવાને બદલે માત્ર કોલાહલજ થશે તો તેમાંજ સમાજને હીણપત જેવું છે. સાધુ સંમેલન, દીક્ષા નિયમાવલી, સંઘ બંધારણ, સાધુઓ અને સાધુતાના ઉમેદવારો માટેની સુવ્યવસ્થિત શાળાઓ જેવા પગલાં લેવા માટે પ્રયત્નો શરૂ થવા ઘટે છે. સ્થાનકવાસી સાધુઓનો ઉજ્વળ દાખલો અનુસરવો ઘટે છે અને જ્યારે એવા સંગીન, સમાજોપયોગી ખાતાંઓ ખોલવાના નિર્ધારો

અપાવાશે અને અમલમાં મુકાશે ત્યારેજ કાયદાએ ફરમાવેલી શિક્ષાઓને લાયક કોઇ પણ અનિષ્ટ બનાવ સમાજમાં નહિ બને અને કાયદો માત્ર કાગળ ઉપરજ રહેશે. પણ ત્યાં સુધી તો, અત્યારની પરિસ્થિતિમાં, સમિતિની ભલામણો મુજબ કાયદાની જરૂર છે અને કાયદો થશે તોજ દીક્ષાને અંગે જે મલીનતા દાખલ થઇ છે તે દૂર થશે. અથવા દૂર કરવાના પગલાં લેવાશે.

છેવટે અમો આશા રાખીએ છીએ કે દીક્ષાના અંગે દાખલ થયેલી મલીનતા દૂર કરવા આ કાયદો જલ્દી પસાર થાય અને તેનો અમલ એકદમ શરૂ થાય. કે જેથી દીક્ષાનું મહત્વ વધે અને સાધુ સંસ્થા સુપ્રતિષ્ઠિત બને.

# પ્રાસંગિક નોંધ.

## જૈન સમાજ સાવધાન.

એક અવસર એવો હતો કે ભારતના બધા ધર્મોના સાધુઓ, ફકીરો વિગેરેમાં જૈન સાધુઓની ત્યાગવૃત્તિ અનેકગણી ઉચ્ચ કક્ષાએ ગણાતી હતી. આખોયે જૈન સમાજ એને મહા મુલી રીતે પુજતો અને ગૌરવભરી રીતે દરેક જૈન કહી શકતો કે અમારા ગુરૂની આકરી ત્યાગવૃત્તિ આર્યાવર્તમાં અજોડ છે.

આજે એ અજોડ ગણાતી સાધુતા, કેટલાએ નામધારી સાધુઓની પાખંડી વૃત્તિથી અને ગુરૂપદની આડંબરી ભાવનાથી, તિરસ્કાર પામે પામી છે, એટલુંજ નહિ પણ સારાયે જૈનત્વને ઝાંખપ લગાડી છે. ધર્મના નામે ભોળા જનોને ફસાવી એમને પીડતો ધંધો પોતાના અધઃપ્યાણુ મારફત ચાલુજ રાખ્યો છે. જાણે શુદ્ધ માનસ ધરાવતા કેટલાયે જુવ્યો, અને તેમજ જુવાનો કહેતા કે 'ભાઇ પીળા કપડાં ધારી એટલે તો પંચમહાવ્રતધારી પ્રભુ મહાવીરનો અવતાર! આજે નહિ તો કાલે સુધરશે!' એમના આવા માનસનો પુરેપુરો લાભ એ કહેવાતા સાધુઓ લેતા આવ્યા છે અને લઇ રહ્યાં છે. અને આ રીતે દિનપર દિન સગીરોને મુંડવાના, છુપાવવાના, સંતાડવાના અને જ્યાં ઘણીએ નવપરણીત સ્ત્રીઓને વૈધવ્ય અપાવવાના કરૂણ કીસ્સા વધવા માંડ્યા, કોર્ટોમાં કેસોની શરૂઆત, અને જૈન સાધુને કોર્ટનાં પગથીઆં ચડવા એ તો એક સામાન્ય વસ્તુ થઇ પડી; એક અને બે દીવસની દિક્ષા છોડીને પલાયન કરી જવાના કીસ્સા ઉપરા ઉપરી બનવા માંડ્યા. તે જ્યાં પોતાનો કક્કો પકડી રાખી એ ધર્માધિકારીઓ છડે ચોક વેશને બાજુ પર રાખી, પોતાના ત્યાગીપણાની હદ ઓળંગી, સ્વછંદમત અને એવા એવા ગપગોળા ફેલાવી શિષ્ય વધારવાનો પોતાનો નામાંકિત ધંધો ચાલુ રાખ્યો. આ ધાડપાડુ વૃત્તિથી સૌ ગભરાઇ અને ઘર સાચવવાની ફીકરમાં પડ્યું, ને સમાજ છીન્ન ભીન્ન થતો ગયો.

આજનો નવજવાન આ ચલાવી લેવા તૈયાર ન હતો અને નથીજ. એથી યુવાનોએ એમને અનેક ચેતવણી આજ પર્યંત આપી, છતાં પણ વધવા માંડ્યા ભક્તો અને ભક્તાણીઓની મદદથી ત્યાગના ઝુંપડાં નીચે સંતાયેલા, સમાજને ભયંકર અને ભારરૂપ મહાન રાગીઓ—અનેક સાચી ખોટી રમતો રમી પોતાનુંજ ધાર્યું કરવા મથી રહ્યા. આ રીતે સમાજના સારાયે ઝઘડાનું મૂળ "અયોગ્ય દીક્ષા" છે એ દીવા જેવું ચોક્કસ છે. એટલે તેનાથી સમાજને બચાવ કરવા જૈન યુવક સંઘોએ શંખનાદો ફૂંક્યા અને કહ્યું કે 'તમારા આંગણે આવતા આવા વેશધારીઓ તમને ન ફસાવી જાય! માટે ચેતતા રહો! યોગ્ય નિયમન કરો.' અને એ આધારેજ કેટલાક ગામડાંઓ અને શહેરોએ અયોગ્ય દીક્ષા માટે નિયમન કર્યું. બીજી બાજુ જૈન સમાજના સાગરાનંદો(!) એ અને રામવિજયો (!) એ ધર્મના નામે ધમપછાડા શરૂ કર્યા, સંઘ સત્તાને અવગણી, જૈનોને અંદર અંદર લડાવી, કલેશની હોળીઓ સળગાવી, વિધવાના એકના એક આશાભર્યા બાળકોને મુંડ્યા, અનેક સગીરોને સંતાડ્યા, ભગાડ્યા, પૈસાની લાલચો આપી મુંડી નાંખ્યા, અને સારીએ જૈન અને જૈનેતર આલમમાં પ્રભુ મહાવીરના પવિત્ર વેશની મશ્કરીઓ કરાવી.

આથી અયોગ્ય દીક્ષાના પ્રશ્ને ગુજરાતમાં ગંભીર સ્વરૂપ પકડ્યું. નામદાર ગાયકવાડ સરકારનું ગુજરાતમાં મહારાજ્ય. એટલે એક રાજ્યકર્તાની પવિત્ર ફરજ અને સમાજ સુધારક અજોડ રાજવી તરીકે તેમણે તે પ્રશ્ન ઉપાડ્યો. પોતાની પ્રજાના રક્ષણ માટે 'સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ' બહાર પાડ્યો. ત્યારથી અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ તેમની પહોંચતી પ્રમાણે વિરોધના સૂરો મહાડવાજ કરતા હતા. ફરી તાક અને તપાસ અર્થે ઉક્ત નિબંધ એક મહિનાની સૂચનાઓ સાંભળવાની શરતે બહાર મૂકાયો ત્યારથી રૂઢીચુસ્તોની ચારેબાજુ દોડધામ અને દાવપેચ શરૂ થઇ ગયા છે. જેઓ છડેચોક અયોગ્ય દીક્ષા આપે છે તેવા સાધુઓ તેમના ધંધાને કાયમ રાખવા વડોદરા તરફ જવા નીકળી ચુક્યા છે. બીજી તરફ તેમની દોરવણી પ્રમાણે તેમના ભક્તો, વડોદરા રાજ્યની જૈન પ્રજાના નામે ભોળી જનતાને ખોટે રસ્તે દોરવા જુદા કાર્યક્રમો જાહેર પેપરોમાં છપાવવા શરૂ કરી ચુક્યા છે. બીજી બાજુ મુંબઇ જેવા શહેરમાં સુરેન્દ્રના હીરસ્તાઓને હાથમાં લઇ સુલેહ કરવાનો પ્રયાસ શરૂ કર્યો—પણ અમે પુછીએ કે જેઓના માથે આરોપ છે તેવા આચાર્યો સહીઓ કરી આપવા તૈયાર છે? સુલેહની ધજા લઇ નીકળેલા આગેવાનો પહેલા બરાબર સમજી લે અને વિચારે કે જ્યાં સુધી જેઓ આ ઝઘડાના મૂળ છે તેમની પાસેથી પહેલાં પાકે પાયે ખોળાધરીઓ લઇ લેશો નહિ, તો જવાબુમાં જેમ રામવિજયે હીરસ્વસ્થાઇને બનાવ્યા તેમ તમે પણ બનીજશો.

વડોદરામાં શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીના સંઘાડાએ દીક્ષા અંગે ઠરાવો કરેલા, પણ તેને ટેકો આપનારાજ સાધુઓ છડે ચોક તેનો ભંગ કરી રહ્યા છે તે સમાજની ધ્યાન બહાર નથી. એટલે સમાજ કોઇપણ જાતની ખોટી વાતોથી છેતરાય નહિ અને બરાબર સાવધાન રહે, નહિ તો જેઓ કુટનીતિમાં પાવરધા છે તેઓ અનેક વાતો કરી તમારા નામનો દુરૂપયોગ કરવાના પેંતરા રચશે. તેનાથી બરાબર ચેતતા રહેવાની જરૂર છે.

અયોગ્ય દીક્ષાના પ્રશ્ને સંઘ સત્તાની અવગણના કરી છે, સમાજને છીન્ન-ભીન્ન કર્યો છે અનેક ઘરોમાં કલેશ-કંકાસ ઉત્પન્ન કરાવ્યો છે. તે પ્રશ્નનો નામદાર ગાયકવાડ સરકારે કાયદો ઘડીને નિકાલ લાવવાનું પ્રશંસનીય કાર્ય કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે, એમ કહ્યા વગર નહિજ ચાલે. અમને ખાત્રી છે કે તેઓ તેમની પ્રજાના ભલા ખાતર તા૦ ૯-૩-૩૩ થી તેને કાયદા તરીકે જાહેર કરી જૈન સમાજમાં સળગતા પ્રશ્નોમાંના એક મહાન પ્રશ્નને ઓલવી તેમની પ્રજાને આભારી કરશે.

# વડોદરા રાજ્યનો સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ.

## આજ્ઞા પત્રિકામાં પ્રગટ થયેલ જાહેરનામું.

વિષય–સુચના–સંન્યાસ દીક્ષા નિયામક નિબંધના મુસદ્દા ઉપર મોકલવા બાબત.

**જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું કારણ.**

૧. સંન્યાસ દીક્ષા નિયામક નિબંધનો મુસદ્દો શ્રીમંત સરકાર મહારાજ સયાજીરાવ ગાયકવાડ, સેનાખાસખેલ, સમશેર બહાદુર, જી. સી. એસ. આય.; જી. સી. આય. ઇ.; ફરજંદે–ખાસ–ઇ–દૌલતે–ઇંગ્લીશિયા એમના હુકમથી તમામ લોકોની માહિતી માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**મુદત.**

૨. આ મુસદ્દા સંબંધે જે કાંઇ સૂચના મોકલવાની હોય તે આ મુસદ્દો આજ્ઞા પત્રિકામાં પ્રસિદ્ધ થયાની તારીખથી એક માસની અંદર ન્યાયમંત્રીની કચેરીમાં મોકલવી. તારીખ ૬ માહે ફેબ્રુઆરી સન ૧૯૩૩.

પુ. વ. મહેતા.

વિ. કૃ. ધુરંધર,
ન્યાયમંત્રી.

### શ્રી.

### સંન્યાસદીક્ષા નિયામક નિબંધ.

**ઉદ્દેશ.**

સાધુ, સંન્યાસી, યતિ, યોગી, વિગેરે પોતપોતાના ધર્મના અનુયાયીઓને સંન્યાસદીક્ષા આપે છે તેમાં કોઇ કોઇવાર દીક્ષા એટલે શું એ સમજે નહિ એવાં કુમળી વયનાં બાળકોને પણ દીક્ષા આપવામાં આવે છે અને કોઇ કોઇવાર એવી દીક્ષા તેમનાં વાલીની સંમતિ લીધા વગર અને ઉમેદવાર લાયક હોય અને વિવાહિત હોય ત્યારે તેની સ્ત્રીની અગર પતિની સંમતિ વગર દીક્ષા આપે છે અને તેથી કલહ, ઝઘડા, ટંટા, ફિસાદ, ફરિયાદો વિગેરે થાય છે તે અટકાવવા આ બાબતમાં કાયદાથી નિયમન કરવું ઇષ્ટ જણાયાથી શ્રીમંત સરકાર મહારાજ સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ સમશેર બહાદુર જી. સી. એસ. આય., જી. સી. આય. ઇ., ફરજંદે–ખાસ–ઇ–દૌલતે–ઇંગ્લિશિયા એમણે નીચે મુજબ ઠરાવ્યું છેઃ–

### પ્રકરણ ૧ લું.

### પ્રાથમિક.

**સંજ્ઞા.**

૧. (૧) આ નિબંધને "સંન્યાસદીક્ષા નિયામક નિબંધ" કહેવો.

(૨) આ નિબંધ તારીખ માહે સન થી અમલમાં આવશે.

**શરૂઆત.**

૨. પૂર્વાપર સંબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો

**વ્યાખ્યા.**

(૧) "અજ્ઞાન" એટલે જેની ઉમરનાં ૧૬ વર્ષ પૂરાં થયાં ન હોય એવો શખસ સમજવો;

(૨) "નોંધણી કામદાર" એટલે દસ્તાવેજ નોંધણી સંબંધી નિબંધ અન્વયે દસ્તાવેજો નોંધવા માટે નિમાયલો નોંધણી કામદાર;

(૩) "સજ્ઞાન" એટલે જે શખસ અજ્ઞાન ન હોય તે સમજવો;

(૪) "સંન્યાસદીક્ષા" એટલે કોઇ પણ ધર્મના

(૧) સંન્યાસી,

(૨) યતિ,

(૩) આચાર્ય,

વિગેરે લોકો, કોઇ શખસને,

(ક) મંત્ર આપવાની,

(ખ) મુંડવાની,

(ગ) કફની ઓઢાડવાની અગર

(ઘ) એવીજ બીજી

શિષ્ય, ચેલો કે સાધુ બનાવવાની ક્રિયા કરીને પોતાના વર્ગમાં દાખલ કરે કે જેના પરિણામે તે શખસે સંસારનો ત્યાગ કરેલો ગણાય તેવી કોઇ ક્રિયા સમજવી.

### પ્રકરણ ૨ જું.

### સંન્યાસદીક્ષાનું નિયમન.

**અજ્ઞાનને સંન્યાસદીક્ષા આપવી નહીં.**

૩. કોઇ પણ અજ્ઞાન શખસને સંન્યાસદીક્ષા આપી શકાશે નહીં.

**સંન્યાસદીક્ષા લેનારે લેખ કરવા વિષે.**

૪. (૧) (ક) જે સજ્ઞાન શખસની સંન્યાસદીક્ષા લેવાની ઇચ્છા હશે તેણે તે બાબત નમુના અંક ૧ પ્રમાણેનો લેખ કરવો જોઇએ.

**પ્રસંગ.**

(ખ) તે જો વિવાહિત હોય તો

(૧) તેની પત્નીની સંમતિ સિવાય અને

**પરિણામ.**

(૨) પત્નીનાં અને છોકરાંનાં ભરણપોષણની વ્યવસ્થા કર્યા સિવાય તે સંન્યાસદીક્ષા લઇ શકશે નહિ.

**દીક્ષાના લેખ ઉપર કયા સખસોની સહી હોવી જોઇએ.**

(૨) (અ) પેટા કલમ (૧) પ્રમાણેના લેખ ઉપર

(ક) તેની સહી હોવી જોઇએ તથા

(ખ) (૧) માતાપિતાની અગર તેમના પૈકી જે હયાત હોય તેની અગર ન્યાતના બે આગેવાનની અને

(૨) તે ઉપરાંત, તે વિવાહિત હોય તો, તેની પત્નીની સાખ હોવી જોઇએ,

(આ) પત્ની અજ્ઞાન હોય તો તેની વતી

(૧) તેના પિતાએ અને

(૨) પિતાના અભાવે તેની માતાએ અને

(૩) તેના અભાવે કોઇ નજીકનાં જે સગાએ સાખ કરવી.

**લેખ નોંધાવવો જોઇએ.**

(૩) (ક) સદરહુ લેખ તાલુકાની નોંધણી કચેરીમાં નોંધાવવા માટે દીક્ષા લેનારે રજુ કરવો.

(ખ) નોંધણી કામદારે તે લેખ ઉપરની સહી તથા સાક્ષી ખરી હોવા બદલ ખાત્રી કરી, તે લેખ નોંધી આપવો.

**નિયમ કરવા.**

(૪) આવા દસ્તાવેજોની નોંધણી સંબંધી જરૂર જણાય તેવા નિયમો નોંધણી ખાતાના મુખ્ય અધિકારી હજૂર મંજૂરીથી કરી શકશે.

**લેખ કર્યાની ખાત્રી કર્યા વગર દીક્ષા આપવી નહિં.**

૫. સંન્યાસ દીક્ષા લેવાની ઇચ્છા રાખનારે કલમ ૪ માં ઠરાવ્યા પ્રમાણે લેખ કરી નોંધાવ્યો છે એવી ખાત્રી કર્યા વગર કોઇપણ

(ક) સાધુએ,

(ખ) સંન્યાસીએ અગર

(ગ) આચાર્યે

સંન્યાસ દીક્ષા આપવી નહીં.

**કલમ ૩-૪ ના ઠરાવ વિરૂધ્ધ આપેલી દીક્ષા નિરર્થક ગણાશે.**

૬. (ક) કલમ ૩ ના ઠરાવ વિરૂદ્ધ અજ્ઞાન શખ્સને સંન્યાસ દીક્ષા આપી હશે તે તથા

**પ્રસંગ.**-(ખ) કલમ ૪ ના ઠરાવ પ્રમાણે લેખ નોંધાવ્યા સિવાય સજ્ઞાન શખ્સે સંન્યાસદીક્ષા લીધી હશે તે

**પરિણામ**-સર્વ કારણ માટે નિરર્થક ગણાશે, એટલે કે-

(અ) તેવી દીક્ષા અપાયલા શખ્સને

(૧ સંપ્રાપ્ત થયેલા અગર

(૨) ભવિષ્યમાં સંપ્રાપ્ત થનારા વારસાના અગર બીજા કોઈ પણ પ્રકારના કાયદેસર હક્કને બાધ આવશે નહીં, તેમ

(આ) (૧) તેના આશ્રિતોનું ભરણપોષણ કરવાની અગર

(૨) બીજો કોઈ

કાયદેસર જવાબદારીમાંથી તે મુક્ત થયેલો ગણાશે નહીં.

**કલમ ૩ વિરૂધ્ધના ગુન્હા બદલ શિક્ષા.**

૭. (૧) જે શખ્સ

(ક) કલમ ૩ ના ઠરાવ વિરૂદ્ધ કોઈ અજ્ઞાન શખ્સને સંન્યાસ દીક્ષા આપશે તે તથા

[ખ] ફોજદારી નિબંધમાં આપેલી વ્યાખ્યા મુજબ તેવા કોઇ કૃત્યમાં મદદગારી કરશે તે

એક વર્ષ સુધીની ગમે તે પ્રકારની કેદની તથા રૂપિયા ૫૦૦ સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

**કલમ ૫ તથા ૪ વિરૂધ્ધના ગુન્હા બદલ શિક્ષા.**

[૨] જે શખ્સ

[ક] કલમ ૫ ના ઠરાવ વિરૂધ્ધ બીજા કોઇ શખ્સને સંન્યાસદીક્ષા આપશે તે તથા

(ર) જે શખ્સ કલમ ૪ ના ઠરાવો વિરૂદ્ધ સંન્યાસ દીક્ષા લેશે તે તેમજ

[ખ] ફોજદારી નિબંધમાં આપેલી વ્યાખ્યા મુજબ તેવા કોઇ કૃત્યમાં મદદગારી કરશે તે

૭ માસ સુધીની આસાન કેદની અગર રૂપિયા ૫૦૦ સુધીનાં દંડની અગર એ બન્ને શિક્ષાને પાત્ર થશે.

**ગુન્હાનું સ્વરૂપ.**

૮. કલમ ૭ મુજબનો ગુન્હો

[ક] જામીન લઇ શકાય એવો તથા

[ખ] પકડહુકમ વગર પકડાય નહીં એવો

છે એમ સમજવું.

**ઇન્સાફનો અધિકાર.**

૯. [૧] કલમ ૭ મુજબના ગુન્હાનો ઇન્સાફ પહેલા વર્ગના હકુમતવાળા ફોજદારી ન્યાયાધીશથી થઈ શકશે.

**પરવાનગી વગર કામ ચલાવવું નહીં.**

[૨] પરંતુ સદરહુ ગુન્હા માટે કામ ચલાવવાની પ્રાંત ફોજદારી ન્યાયાધીશ વર્ગ ૧ ની મંજુરી વગર કામ ચાલી શકશે નહીં.

**ફરિયાદ પ્રાંત ફોજદારી ન્યાયાધીશ વર્ગ ૧ તરફ કરવી.**

૧૦. [૧] [ક] કલમ ૭ મુજબના ગુન્હાની ફરિયાદ જે તે પ્રાંતના પ્રાંત ફોજદારી ન્યાયાધીશ વર્ગ ૧ તરફ, ગુન્હાની તારીખથી એક વર્ષની મુદત અંદર કોઇપણ શખ્સ કરી શકશે.

[ખ] રકમ [ક] માં ઠરાવેલી મુદત બહારની ફરિયાદ દાખલ કરવી નહીં.

**પ્રાંત ફોજદારી ન્યાયાધીશ વર્ગ ૧ એમણે ચોકશી કરવી.**

[૨] [ક] સદરહુ ફરિયાદ ખરી છે કે કેમ તેની ખાત્રી કરવા સારૂ પ્રાંત ફોજદારી ન્યાયાધીશ વર્ગ ૧ પોતાને યોગ્ય લાગે તેવી તાંત્રિક ચોકશી કરવા મુખત્યાર છે;

[ખ] આવી ચોકશીમાં સાક્ષીઓની જુબાની તથા આરોપીઓનો ખુલાસો લઈ શકાશે.

**પ્રસંગ:: ખાત્રી થાય તો શું કરવું.**

[૩] પેટા કલમ (૨) પ્રમાણે ચોકશી કર્યા પછી, ફરિયાદ ખરી હોવાની પ્રાંત ફોજદારી ન્યાયાધીશ વર્ગ ૧ ની ખાત્રી થાય તો તેમણે

**પરિણામ.** [ક] આરોપીઓ ઉપર કામ ચલાવવાની પરવાનગી આપ્યાનો હુકમ કરવો અને

[ખ] ફરિયાદ તથા બનેલા કાગળો હકુમતવાળા પહેલા વર્ગના સાધારણ ફોજદારી ન્યાયાધીશ તરફ મોકલી આપવા.

**સાધારણ ફોજદારી ન્યાયાધીશે કરવાની તજવીજ.**

[૪] પેટાકલમ [૩] પ્રમાણે પોતાના તરફ કાગળો આવે એટલે સાધારણ ફોજદારી ન્યાયાધીશે બીજી ફરિયાદોની માફક પોતાની નોંધવહીમાં તે દાખલ કરી આગળની રીતસર તજવીજ કરવી.

(અનુસંધાન............પૃષ્ઠ ૧૪૪ મે.)

# આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા.

[ લેખક: પં. સુખલાલજી. ]

— ગતાંકથી ચાલુ —

અહીં આપણે એક બાબત ઉપર લક્ષ બાંધ્યા સિવાય રહી શકતા નથી અને તે એ છે કે આસ્તિક અને નાસ્તિક શબ્દોની પાછળ માત્ર હકાર અને નકારનોજ ભાવ છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ શબ્દની પાછળ તેથી કાંઈક વધારે ભાવ છે. તેમાં પોતાનું યથાર્થપણું અને બીજા પક્ષનું ભ્રાન્તપણું ખાત્રીથી સૂચવાય છે. એ ભાવ જરા આકરો અને કાંઈક અંશે કડવો પણ છે. એટલે પ્રથમનાં શબ્દો કરતાં પાછળના શબ્દોમાં જરા ઉગ્રતા સૂચવાય છે. વળી જેમ જેમ સાંપ્રદાયિકતા અને મતાંધતા વધતી ચાલી તેમ તેમ કટુકતા વધારે ઉગ્ર બની. તેને પરિણામે નિન્હવ અને જૈનાભાસ જેવા ઉગ્ર શબ્દો સામા પક્ષ માટે અસ્તિત્વમાં આવ્યા. અહીં સુધી તો માત્ર આ શબ્દનો કાંઈક ઇતિહાસજ આવ્યો. હવે આપણે વર્તમાન સ્થિતિ ઉપર નજર કરીએ.

અત્યારે આ શબ્દોમાં ભારે ગોટાળો થઈ ગયો છે. એ શબ્દો હવે તેના મૂળ અર્થમાં નથી રહ્યા, તેમજ નવા અર્થમાં પણ ચોક્કસ અને મર્યાદિત રીતે નથી યોજાતા. ખરું કહીએ તો અત્યારે એ શબ્દો નાગો, લુચ્ચો અને ખાર્વો શબ્દની પેઠે માત્ર ગાળ રૂપે અથવા તિરસ્કાર સૂચક રીતે હરકોઈ વાપરે છે. આવી બાબત રજુ કરનાર અને આગળ જતાં જે વિચાર પોતાને અગર પોતાની સંતતિને અવશ્યમેવ સ્વીકારવા લાયક હોય છે તે વિચારે મૂકનારને પણ શરૂઆતમાં રૂઢીગામી, સ્વાર્થી અને અવિચારી લોકો નાસ્તિક કહી ઉતારી પાડવા પ્રયત્ન કરે છે. મથુરા વૃન્દાવનમાં મંદિરોના ઢગલા ખડકી તે દ્વારા માત્ર પેટ ભરનાર અને ઘણીવાર તો ભયંકર અનાચાર પોષનાર પંડ્યા કે ગોસાંઇઓના પાખંડનો મહર્ષિ દયાનંદે વિરોધ કર્યો અને કહ્યું કે આ તો મૂર્તિપૂજા નહિ પણ ઉદરપૂજા અને ભોગપૂજા છે. વળી કાશી અને ગયાના શ્રાધ્ધ સરખી તાગડધીન્ના કરનાર અને વધારામાં અનાચાર પોષનાર પંડ્યાઓને સ્વામિજીએ કહ્યું કે આ શ્રાધ્ધપિંડ પિતૃઓને નથી પહોંચતો પણ તમારા પેટમાં જરૂર પહોંચે છે. એમ કહી સમાજમાં સદાચાર, વિદ્યા અને બળનું વાતાવરણ સરજવાનો જ્યારે પ્રયત્ન કર્યો ત્યારે તુરતજ પેલા વેદપુરાણમાની પંડ્યા-પક્ષે સ્વામિજીને નાસ્તિક કહ્યા. એ લોકોએ સ્વામિજીને માત્ર પોતાથી ભિન્ન મતદર્શક છે એટલા અર્થમાં નાસ્તિક કહ્યા હોત તો તો કાંઈ ખોટું ન હતું, પણ જૂના લોકો જે મૂર્તિ અને શ્રાધ્ધમાં મહત્વ માનતા તેમને ભડકાવવા અને તેમની વચ્ચે સ્વામિજીની પ્રતિષ્ઠા ઘટાડવા એ નાસ્તિક શબ્દ વાપર્યો. એજ રીતે મિથ્યાદૃષ્ટિ શબ્દની પણ દુર્દશા થઈ. જૈન વર્ગમાં કોઈ વિચારક નિકળ્યો અને કોઈ વસ્તુની ઉચિતતાનો વિચાર તેણે મૂક્યો કે તરતજ રૂઢીપ્રિય વર્ગે તેને મિથ્યાદૃષ્ટિ કહ્યો. એક જતિ કલ્પસૂત્ર જેવાં પવિત્ર પુસ્તકો વાંચે અને લોકો પાસે તેની પૂજા કરાવી જે ધન-દક્ષિણા આવે તે પોતે સુખાવી લે; વળી બીજો જતિ મંદિરની આવકનો માલિક થાય અને એ પૈસાથી અનાચાર વધારે; આમ બનતું જોઈ તેની અયોગ્યતા જ્યારે કોઈએ બતાવવા માંડી ત્યારે શરૂઆતમાં તો પેલા સ્વાર્થી જતિઓએ એ વિચારકને પોતાના વર્ગમાંથી ઉતારી પાડવા મિથ્યાદૃષ્ટિ સુદ્ધાં કહ્યો. આ રીતે શરૂઆતમાં નાસ્તિક અને મિથ્યાદૃષ્ટિ શબ્દો સુધારક અને વિચારક માટે વપરાવા લાગ્યા, અને હવે તો તે એવા સ્થિર થઈ ગયા છે કે જે મોટે ભાગે વિચારશીલ, સુધારક અને કોઈ વસ્તુની યોગ્યાયોગ્યતાની પરીક્ષા કરનાર માટેજ વપરાય છે. જૂનાં બંધનો, જૂનાં નિયમો, જૂની મર્યાદાઓ અને જૂનાં રીતરિવાજો દેશકાળ અને પરિસ્થિતિને લીધે અમુક અંશે બંધ બેસતાં નથી. તેના સ્થાનમાં અમુક પ્રકારનું બંધન અને અમુક પ્રકારની મર્યાદા રાખીએ તો સમાજને વધારે લાભ થાય. અજ્ઞાન અને સંકુચિતતાની જગ્યાએ જ્ઞાન અને ઉદારતા સ્થાપીએ તોજ સમાજ સુખી રહી શકે. ધર્મ એ જો વિખવાદ વધારતો હોય તો તે ધર્મ હોઈ ન શકે; એવી સીધી, સાદી અને સર્વમાન્ય બાબતો કહેનાર કોઈ નીકળ્યો કે તુરતજ અત્યારે તેને નાસ્તિક, મિથ્યાદૃષ્ટિ અગર જૈનાભાસ કહેવામાં આવે છે. આ રીતે શબ્દોના ઉપયોગની અંધાધુંધીનું પરિણામ એ આવ્યું છે કે હવે નાસ્તિક શબ્દનીજ પ્રતિષ્ઠા વધી ગઈ છે. એક વખતે રાજમાન્ય શબ્દની અને લોકમાન્ય શબ્દની પ્રતિષ્ઠા હતી. પણ સમાજ ઉંચો ઉઠ્યો ત્યારે તેને રાજમાન્ય શબ્દ ખટક્યો અને રાજમાન્ય થવામાં ઘણીવાર સમાજદ્રોહ તેમજ દેશદ્રોહ પણ જણાયો; અને રાજદ્રોહ શબ્દ જે એકવાર ભારે ગુનાહિત માટેજ વપરાતો અને અપમાનસૂચક લેખાતો તેની પ્રતિષ્ઠા વધી પડી. આજે દેશ અને સમાજમાં એવું વાતાવરણ પેદા થયું છે કે તે રાજદ્રોહ શબ્દને પૂજે છે અને પોતાને રાજદ્રોહી જાહેર રીતે કહેવરાવવા હજારો નહિ પણ લાખો સ્ત્રી અને પુરુષો બહાર આવે છે અને લોકો તેમને સત્કારે છે. માત્ર હિન્દુસ્તાનનોજ નહિ પણ આખી દુનિયાનો મહાન સંત એ મહાન રાજદ્રોહના અર્થમાંજ રાજદ્રોહી છે. આ રીતે નાસ્તિક અને મિથ્યાદૃષ્ટિ જે એક વખતે ફક્ત પોતાથી ભિન્ન પક્ષ ધરાવનાર માટે વપરાતા અને પછી કાંઈક કદર્થનાના ભાવમાં વપરાતા તે અત્યારે પ્રતિષ્ઠિત જેવા થતા જાય છે. "અંત્યજો એ પણ માણસ છે. એની સેવા લઈ એનો તિરસ્કાર કરવો એમાં બેવડો ગુન્હો છે; વૈષ્ણવ એ મરજાદઆત હોઈ શકે, કુરજાઆત નહિ." એવા વિચાર ગાંધીજીએ મૂક્યા કે તેમને પણ મનુના વારસદાર કાશીના પંડિતોએ પ્રથમ નાસ્તિક કહ્યા, બીજા શબ્દમાં આર્ય સમાજિક કહ્યા અને કોઈએ ક્રિશ્ચિયન કહ્યા. વાંદરા અને વાછડાની ચર્ચા આવી કે વળી કોઈએ તેમને હિંસક કહ્યા; અને ખરેખર ગાંધીજી જો રાજપ્રકરણમાં પડ્યા ન હોત અને આવડી મોટી સલ્તનત સામે ઝઝુમ્યા ન હોત તેમજ તેમનામાં પોતાના વિચારો જગદ્વ્યાપી કરવાની શક્તિ ન હોત તો તેઓ અત્યારે જે કહે છે તેજ અંત્યજ અને વિધવા વિષે કહેતા હોત છતાં આજે નાસ્તિક અને મૂર્ખ મનાત અને મનુના વારસદાર તેમનું ચાલત તો શૂળીએ પણ ચઢાવત.

સંપૂર્ણ.

# વર્તમાન જૈન દીક્ષા અને તેમાં થવું જોઇતું પરિવર્તન.

### દૃષ્ટાંત ૨ બીજું.

— તા૦ ૨૧-૧-૩૩ ના અંકથી ચાલુ —

પાટણમાં કનાશાના પાડામાં સ્વરૂપચંદ ખેમચંદ (પ્રચલીત-નામ ખડાચંદ) કરીને એક ભાઈ છે. તેમના પુત્ર સેવંતીલાલને, શ્રીમાન્ રામવિજયજીને પાટણ આવ્યા તે અરસામાં દીક્ષા આપવાની ઇચ્છા થઇ. સેવંતીલાલની ઉમર તે વખતે આશરે ૧૩ વર્ષની હતી. તેમના પિતા સ્વરૂપચંદને, સેવંતીલાલને દીક્ષા અપાવવી નહોતી. સેવંતીલાલની માતા ગુજરી ગયા છે. તેમના ઘરમાં એમની ફોઇ (જેઓ સેવંતીલાલની માતાના સ્થાને છે) ની પણ દીક્ષા આપવા બાબત રજા નહોતી. છતાં પણ રામવિજયજીની સમજાવટથી સેવંતીલાલ પંદરે ને પંદરે દિવસે ઘેરથી નાસી જઇ રામવિજયજી જે સ્થાને હોય તે સ્થાને આવતા. વિહાર દરમ્યાન જે ગામડામાં હોય તે ગામડામાં પણ આવતા. તેમની પાછળ તેમના પિતાશ્રીને આવવું પડતું ને વખતો વખત ખર્ચમાં ઉતરવું પડતું. સેવંતીલાલના પિતાશ્રી પણ સેવંતીલાલને ન મળી શકે તેટલા માટે રામવિજયે, સેવંતીલાલને ગામડામાં સંતાડવાનો વિચાર કર્યો, અને એ વિચાર આસરે પાંચ જ સાધુ સમક્ષ વ્યક્ત પણ કર્યો, પરંતુ તેમના ગુરૂ શ્રી પ્રેમવિજયજીના નિષેધથી રામવિજયજી તે વિચારને અમલમાં લાવી શક્યા નહિ. રામવિજયજી અમદાવાદ આવ્યા તે અરસામાં સેવંતીલાલ ઘેરથી નાસીને આવ્યા. રામવિજયજીએ સેવંતીલાલને અમદાવાદ બહાર જૈન સોસાયટીમાં ભક્તોદ્વારા સંતાડ્યા. સેવંતીલાલના પિતાશ્રી પણ અમદાવાદ આવ્યા. સેવંતીલાલને શોધવા માટે ઘણીજ મહેનત તેમણે કરી. છતાં તેઓ સેવંતીલાલને શોધી શક્યા નહિ. આખરે સોસાયટીના આગેવાનોને ઘણીજ અરજી કરી ત્યારે તેઓએ સેવંતીલાલનો મેળાપ કરાવ્યો. તે પછી અમદાવાદથી રામવિજયજી વિહાર કરીને સાણંદ આવ્યા. ત્યાં પણ સેવંતીલાલ ઘેરથી નાસીને ગયા. તેમની પાછળ તેમના પિતાશ્રી સાણંદ આવ્યા, ત્યાં તેમણે રામવિજયજીને પોતાના પુત્રને ન સંતાડવા માટે ઘણુંજ સમજાવ્યા, છતાં તેમણે સેવંતીલાલના પિતાનું કહેવું ન ગણકાર્યું. પાટણની સોસાયટી તરફથી પણ એક ભાઈ સેવંતીલાલના પિતાની સાથે સાણંદ ગયા. તેમણે પણ રામવિજયજીને કહ્યું કે-"સેવંતીલાલના નાસવાથી શાસન હેલણા થાય છે તો આપશ્રી સેવંતીલાલ નાસીને ન આવે તેમ કહેશો." આ પ્રમાણે સોસાયટી તરફના માણસનું કહેવું પણ ન ગણકાર્યું, કારણ કે-સાણંદથી વિહાર કરીને રામવિજયજી વડવાણ આવ્યા ત્યાં સુધી પણ સેવંતીલાલ ઘેરથી નાસી જઇ રામવિજયજીને મળવા હતા-ત્યાર બાદ રામવિજયજી વડવાણ ચોમાસું રહ્યા. ત્યાં પણ સેવંતીલાલ ઘેરથી નાસીને બે ત્રણવાર આવ્યા હતા. હવે અત્યારે સેવંતીલાલને પુછવામાં આવે છે ત્યારે સેવંતીલાલ દીક્ષા લેવા માટે નિષેધ કરે છે.

શાસ્ત્રકારો તો ભાર દઇને કહે છે કે-જેઓ સિંહ સમાન થઇને દીક્ષા લેતા હોય તેઓને માટે અનર્થ ઉત્પત્તિનો-ફરી સંસાર પ્રવેશનો સંભવ સેંકડે ૯૯ ટકા રહેતો નથી. પરંતુ જેઓ એ વૃત્તિ કેળવી શક્તા નથી. તેઓ શિયાળ થઇને એટલે કે-વૈરાગ્ય વાસિત થયા સિવાય દીક્ષા લે છતાં સમય જતાં તેઓને ક્ષણિક સંસાર સુખ ફરી યાદ આવે અને સંયમથી પતિત થાય માટે વૈરાગ્ય વાસિત કરીનેજ દીક્ષા આપવી એ શ્રેયસ્કર છે.

જો, શ્રી રામવિજયજીએ ભાઇ સેવંતીલાલના વૈરાગ્યની બરાબર પરીક્ષા કરી હોત તો અનેકવાર પ્રવ્રજ્યા લેવા માટે નાસ ભાગ કર્યાં પછી ભાઇ સેવંતીલાલની દીક્ષા માટે આવી પ્રસંગમુખતા ન દેખાત. મને તો લાગે છે કે આવી રીતે શાસ્ત્રકારોની મર્યાદાઓનો લોપ કરીને દીક્ષા આપવા માટે ધમાલ કરવામાં કદાચ તાત્કાલીક ન્યાયે દીક્ષા લેવાય કે અપાય તેમ છતાં એ દીક્ષા લીધા પછી વૈરાગ્ય ભાવના ભાગ્યેજ કાયમ રહે કે વધે-અથવા એમ કહી શકાએ કે-મોટે ભાગે વૈરાગ્ય ભાવના ભ્રષ્ટાજ જાય છે.

આ દૃષ્ટાંતમાં રહેલી એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે "પાટણની સોસાયટી તરફથી એક માણસ જાય છે અને તેજ ભાઇ સેવંતીલાલને નસાડવા માટે નિષેધ કરે છે." આ ઉપરથી સૌ કોઇ સમજી શકશે કે સોસાયટીમાં રહેનારાની દશા કેવી અને કેટલી દિમુખી થએલી છે! એક તરફથી તેઓ જોરશોરથી કહે છે કે "બીજાના કલ્યાણ માટે નસાડવા ભગાડવામાં શાસ્ત્રકારોને જરાએ વાંધો નથી. અને જેઓ તેમ કરવા માટે નિષેધ કરે છે તેઓ ધર્મદ્રોહી છે." જ્યારે બીજી તરફથી પોતાના ઘરના કે સંબંધીઓના માટે તેઓ પ્રસંગ આવે તે વખતે કેવી ધમાલ અને હોહોહો કરી મૂકે છે. આ ઉપરથી એમ માનવાને કારણ રહે છે કે સોસાયટીના શાસન રસિક માનવના મેમ્બરો ધર્મપ્રેમી નહિ પણ માત્ર સગવડીયા ધર્મપ્રેમીજ છે. ખરી હકીકત તો એ છે કે સોસાયટીનો માણસ પોતે જઇને શ્રી રામવિજયજીને, સેવંતીલાલને ન નસાડવા માટે કહે છે એ શું દર્શાવે છે? શ્રી રામવિજયજી આદિ દીક્ષા લેનારાઓને નસાડે ભગાડે છે, એથી ધર્મની હેલણા થાય છે માટે દીક્ષા લેનારને નસાડવા ભગાડવાની રીત શાસન રસિકોને પસંદ નથી. તેમ છતાં શાસન રસિકોના ટોળામાં ભળ્યા એટલે તેમને તેમનું ગાવું-ગાવુંજ પડે છે.

હવે એક વાત કહેવી જોઇએ કે સોસાયટી પોતાના ઉદ્દેશમાં જણાવે છે કે, શાસન સામે જેટલું હલકટ પ્રચારકાર્ય થાય તેનો સામનો કરવો અને બનતા પ્રયાસોએ સદાને દૂર કરાવવો તો સોસાયટીએ આવા સડાઓ દૂર કરી-કરાવવાની શાસન સેવાનો લાભ લેવા તૈયાર થાય. જો અન્ય શહેરો અથવા ગામોની સોસાયટીઓને શાસન સેવાનો લાભ લેવાની ઇચ્છા ન હોય તો અંતે પાટણની સોસાયટી આવા દૃષ્ટાન્તોથી ચેતે અને તેને માટે યોગ્ય ઠરાવો કરે કે જેથી જૈન શાસ્ત્રકારોની આજ્ઞાઓને અદા કરી શકાય, કારણ જૈન શાસ્ત્રકારો જણાવે છે કે 'જેને પોતે ગુરૂ તરીકે માન્યા હોય તેઓના પણ જ્યારે દોષો જાણવામાં આવે તો તે દોષોને સુધારવા ગુરૂને વિનંતિ કરે અને કહેવા છતાં પણ દોષોને ન સુધારે તો એનો વિરોધ કરે અને ભોળી જનતાને ચેતવે.' આથી એજ જણાવવાનું કે પાટણની સોસાયટીએ જૈન શાસ્ત્રકારોની આજ્ઞાના પહેલા પગથીયાનું પાલન કર્યું છે. જ્યારે પહેલા પગથીયાના પાલનનું ફલ જોવામાં નથી આવતું તો હવે બીજા પગથીઆનું પાલન કરવા પાછીજ નહિ તૈયાર થાય એજ અભિલાષા. (અપૂર્ણ)

કાન્તિલાલ ભોગીલાલ શાહ - માજી કુસુમવિજયજી.

## વિજયનેમીસૂરિનું ઘોર અપમાન !

પોતાના ભકતો મારફતે જગદ્‌ગુરૂ અને શાસન સમ્રાટનું બીરૂદ લખાવનાર વિજયનેમીસૂરિનું શાસન પ્રેમીઓએ કેવી રીતે ઘોર અપમાન કર્યું તે આ પ્રમાણે છેઃ વિજય નેમીસૂરિએ ચીઠી આપીને બહુચરાજી પાસે સંખલપુર ગામમાં સંપ્રતિ મહારાજાએ ભરાવેલ શ્રી મહાવીરસ્વામિનું બિંબ લેવા માટે પોતાના ભકતોને મોકલ્યા. નેમીસૂરિના ભકતોએ સંખલપુર ગામના શેઠીઆઓને ઘણી વિનંતિ કરી અને કહ્યું કે તમારા દહેરાસરમાં સમારકામ માટે રૂા. ૨૦૦૦ આપીએ પણ તે ગામના લોકોએ ના પાડી, એટલે નેમીસૂરિના ભકતો અમદાવાદમાં સોસાયટીના કેટલાક આગેવાનોને મળ્યા અને કહ્યું કે કદંબગીરીના તીર્થ ઉપર જો સંપ્રતિ રાજાની ભરાવેલી પ્રતિમાની પ્રતિષ્ઠા મુળનાયક તરીકે થાય, તો સોનામાં સુગંધ મળે તેવું થાય. આથી સોસાયટીના કેટલાક આગેવાનો સંખલપુર વિજયનેમીસૂરિના ભકતો મારફતે બીજીવાર નેમીસૂરિની ચીઠી સાથે ગયા—અને એવા સમાચાર બહાર આવે છે કે અમદાવાદના સોસાયટીના આગેવાનોએ તે સંપ્રતિની મૂર્તિના રૂા. ૧૫૦૦૦) ની માગણી માટે, સંખલપુર ગામના જૈનોને ખાનગીમાં સલાહ આપી.

સંખલપુર ગામનો મોટો ભાગ સોસાયટીવાળો છે અને ત્યાં સાંભળવા પ્રમાણે સોસાયટીની સ્થાપના પણ છે. એટલે સોસાયટી સરકારના ખાલી ખીસ્સા તર કરવા માટે હવે મૂર્તિઓની કીંમત વધારી તેનો ઉપયોગ જેમ ફાવે તેમ દીક્ષા ઝગડામાં કરશે કે શું? રૂા. ૧૫૦૦૦) ની માગણી જ્યારે સંખલપુરના જૈનો તરફથી માંગવામાં આવી ત્યારે નેમીસૂરિના ભકતો વીલે મોઢે અમદાવાદ પાછા આવ્યા. અને તે શેઠીઆઓ પોતાની રૂઠી સુરત નેમીસૂરિને જણાવવા માટે કદંબગીરી ઉપડી ગયા.

આ બનાવથી એકતો નેમીસૂરિજીનું ઘોર અપમાન થયું, અને મૂર્તિના રૂા. ૧૫૦૦૦) ની માગણીથી જણાઇ આવ્યું કે સોસાયટી સરકાર મૂર્તિઓ વેચીને પણ નાણું ભેગું કરવા માગે છે.

અમદાવાદી જૈન,
તાઃ ૨૩-૨-૩૩.

## પાટણના જૈનોની જાહેર સભા.

મહાવદીતેરસને બુધવાર તાઃ ૨૨-૨-૩૩ ની રાત્રે સાડા સાત વાગે પંચાસરાજીના ચોકમાં **વાસુ સાહેબ દોલત ચંદજી અમીચંદજીના પ્રમુખપણા** નીચે મળી હતી તે વખતે નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

(૧) વડોદરા રાજ્ય આજ્ઞાપત્રિકા તાઃ ૯-૨-૧૯૩૩ ના અંકમાં પ્રસિધ્ધ થયેલ **દિક્ષા નિયામક નિબંધના મુસદાને પાટણના જૈનોની આ જાહેર સભા વધાવીલે છે.** જૈન-શાસ્ત્રોથી વિરૂદ્ધ વર્તીને કેટલાક સાધુઓએ અને તેમના ભકતોએ ઉભી કરેલી હાલની ભયંકર પરિસ્થિતિમાં સુલેહ શાંતી સ્થાપનારો અને સમાજનું હીત સાચવનારો આ એકજ નિબંધ હોઇ હવે વધુ ઢીલ નહિ કરતા તાકીદે આ નિબંધ મંજુર કરવા **દયાળુ રાજ્ય-પિતા શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડ મહારાજાને પાટણ શહેરના જૈનોની આ સભા આગ્રહ પૂર્વક વિનંતિ કરે છે.**

(૨) પરહદના કેટલાક ચળવળીઆઓની ઉશ્કેરણીથી જૈન સમાજમાં દીક્ષાના બ્હાને ભયભરી પરિસ્થિતિ ઉભી કરનાર કેટલાક સાધુઓના હથીઆર બની અયોગ્ય દિક્ષાને ઉત્તેજન આપવા આ વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીના ખોટા નામ નીચે પોતાની મેળે ઉભી થયેલ ટોળીનો પાટણના જૈનોની આ જાહેર સભા ખુલ્લી રીતે અસ્વિકાર કરે છે. અને વડોદરા રાજ્યની જૈન પ્રજાએ નહિ નીમેલી એવી આ ટોળીનો વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટી તરીકે અસ્વીકાર કરવાની અમો **દયાળુ રાજ્યપીતા શ્રીમંત સરકાર ગાયકવાડ મહારાજાને નમ્રતા પૂર્વક અરજ કરીએ છીએ.**

(૩) ઉપરના ઠરાવો યોગ્ય જગ્યાએ ઘટતી રીતે મોકલી આપવાની આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

[ ૧૪૦ મા પૃષ્ઠ થી ચાલુ ]

**ફોજદારી નિબંધ પ્રમાણે ફરિયાદ ચાલવા બાધ નથી.**

૧૧. આ નિબંધ વિરૂદ્ધ ગુન્હો બનતો હોય તે ઉપરાંત ફોજદારી નિબંધ વિરૂધ્ધનો પણ ગુન્હો બનતો હોય તો તે નિબંધ પ્રમાણે તે ગુન્હા બાબત ફરિયાદ ચાલવાને આ નિબંધના કોઇ ઠરાવથી બાધ આવે છે એમ સમજવું નહીં.

તારીખ ૬ માહે ફેબ્રુઆરી સન ૧૯૩૩.

મુ. વા. મહેલ. વિ. કૃ. ધુરંધર,
ન્યાયમંત્રી.

નમુનો નિશાની ૧.
(જુઓ કલમ ૪.)

૧ હું જાતે રહેવાસી ——— નો / ની છું

૨ હું આ લેખથી જાહેર કરૂં છું કે

[ક] આ સંસાર તરફ વિરાગ આવવાથી હું મારી રાજીખુશીથી સંન્યાસ દીક્ષા લઉં છું.

[ખ] મારી ઉંમર પુરાં ——— વર્ષની છે.

(ગ) મારાં માતા પિતા હયાત છે / નથી.

(ઘ) હું કુંવારો / કુંવારી છું.

(ઙ) હું વિધુર / વિધવા છું.

[ચ] હું પરણેલો / પરણેલી છું.

*[છ] મારી સ્ત્રી તથા છોકરાંના ભરણપોષણ માટે મેં યોગ્ય વ્યવસ્થા કરી છે, તે અર્થે મારી સ્ત્રીએ આ લેખ ઉપર સાખ સહી કરી છે.

તારીખ — સહી.
સાખ

* દીક્ષા લેનાર સ્ત્રી હોય તો આ રકમ છેકી નાંખવી.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.